માગશર ઓગણીસસો અઠ્યાશીનું

કુમાર

આવતી કાલના નાગરિકોનું માસિક

૯૬મો અંક



ભાદરણ વ્યાયામ સંઘના ભાઈ ચંદુભાઈ ડાહ્યાભાઈનો મલખંભ-વ્યાયામ



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવલ બ્રધર્સ મૂળજી જેઠા બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ



ગ્રામકન્યા
ચિત્રકાર : રસિકલાલ ન. પરીખ

ગીતગંગોત્રી

ઢાળ : ઓધવજીના સંદેશાનો

નવલખ નયને રડીરડીને થાકી રે
પ્હરોડિયે રજની નિજ પાલવ પાથરે.
રવિ-સાજના રંગોને પથરાટે રે
શુક્રતારિકા શરમાતી મુખ ખોલતી.
એવા ઉરરંગી આંસુનાં વ્હેને રે
કોમળ ફૂલશું તરે ગુલાબી ગીતડું;
અધખીલ્યું નિજ રૂપ દેખતાં લાજે રે
પાંપણને બારણિયે કરતું ડોકિયાં.

રમ્ય ઉષાના સ્નેહલ કોમલ સ્પર્શે રે
વન, વનવેલી અને વિહંગો જાગતાં;
મુનિકન્યકા સમી રમંતી ઝરણી રે
કંકણનો રણકાર અનિલમાં રેલતી.
ત્યાં જઇ મારું ગીત નાચતું ખેલે રે
ને ધીરે પૂછે ઝરણાના કાનમાં:
'કાલિન્દી-ગંગાનાં હિમથી શીળાં રે
એવાં મારાં યે ઉદ્ભવનાં સ્થાન ક્યાં?'
ને કો ઝરણી કરુણકોમળી ઉરની રે
પાસે બેસાડી બે બોલ વદી જતી:
'જે કર પરિમલથી ફૂલનાં દલ પૂરતો રે
પંખીના કલરવને જેહ જગાડતો;
જેણે નભચોકે રંગોળી પૂરી રે,
ઉષાને અંબોડે ગૂંથ્યા તારલા,
એના કૂંળા સ્પર્શે તું યે જાગ્યું રે
રમવા મારી પેર અહીં અવનીતલે.'

એકલડી આકાશે ભમતી વાદળી રે
બપોરના દવમાં તે ભીતર બળી જતી.
સરિતાનાં નિઃશ્વાસતપ્યાં પાણીડે રે
તરંત નિજ છાયાથી હૈડું ઠારતી.
ત્યાં મુજ ગીતડું હાંફતું દોડી આવે રે
પૂછેઃ 'સરિતા! કહે, ક્યાં મુજ માડી વસે?
દૂરદૂરની ખીણ શું તારે બ્હેની રે
બેનપણાં બાલુડી તું હતી ત્યારથી.
લાવે તું ઝરણાંના કંઇ સંદેશા રે
તો મુજને કહે ક્યાં ય દીઠી મુજ માવડી?'
કહે સરિતા: 'આ બળબળતી લૂ વરસે રે
શૈશવનાં સ્મરણો મુજ એમાં જળી જતાં.
હતી બાળુડી ત્યારે વન ખેલતાં રે
દીઠી કૈંક પરીઓ, ત્યાં એ યે હશે.
પણ પાછું જોયા વિના હું વહતી રે
ને ના જાણું કોણ હતું, ને ક્યાં ગયું?'

સંધ્યા ખીલે ત્યારે મારું ગીતડું રે
જઈ પહોંચે ખમચાતું સાગરશેરીએ.
કોણ સૂણશે અધબોલાયા શબ્દો રે?
તોય પૂછે મુજ ગીત: 'અરે! મુજજન્મ ક્યાં?'
ત્યાં તો મોટા તરંગ બે અફળાઇ રે
છાંટે જલની ઝંકોરથી નભતારલા;
ને ઘૂઘવતા ઘેર અવાજ સૂચવતા રે
વેરાતાં મોજાંના ફેનિલ શૃંગથી:
'જો રે પેલા ચળકંતા તારાની રે
પલપલતી પાંપણિયે તારું પારણું!'

મધ્યરાત્રિના મંદ તિમિર સૂર શમતા રે
વિશ્વવ્હેનના ગહનગભીર ઉછાળમાં;
ત્યારે તારાની કીકીશું ટમકી રે
ગીત મૂકે નિજ પ્રશ્ન વહંત અનંતમાં.
તિમિર વીંઝતા પ્રકાશગોળ ભમંતા રે
ક્ષણભર તો સૌ સૂણી સ્તબ્ધ બની જતા;
એવે ઊંડો અનંત નાદ પૂકારે રે:
'તું તો શબ્દ સનાતન સુંદર મૌનનો!'

ઉમાશંકર જોષી



'**આ**પણે જો મરવાનું જ હોય તો આપણે લડચા પછી જ મરીશું' એવી વીર વાણી ઉચ્ચારનાર ભારતના પનોતા વીર જવાહરનો આત્મા કેટલો જ્વલંત છે એ તો એના જેવા ભોગ અને યોગ સાધી શકયા હોય તેને જ સમજાય. દેશનો કોઇ જુવાન કે વિદ્યાર્થી એના કરતાં વધારે વિચારવંત કે જમાનો સમજનાર અથવા સંસ્કૃતિ કે વિદ્યાનો ઉપાસક હોવાનો દાવો નહિ કરી શકે; તોપણ નવાઇની વાત એ છે કે દરેક સ્થળે સત્યાગ્રહને વગોવનારા અને તેમાં શંકાઓ ઉત્પન્ન કરનારાની સંખ્યા નીકળી જ આવે છે દેશને આઝાદ બનાવવાની લાગણી ધરાવતા એકેએક રાજદ્વારી-અને દેશસેવક પુરુષે પોતાના સિદ્ધાંતો ને પ્રયોગોનો ધરાઇને પ્રયોગ કરી જોયા પછી જે છેવટનો માર્ગ દેશને હાથ રહ્યો છે તેથી પણ નારાજ હોય એમ માથું ધુણાવતા ધાર્મિકો ને જ્ઞાન-પંડિતો જાણે કે બીજી કોઈ સારી યોજનાઓ વિચારી રહ્યા હોય તેમ સત્યાગ્રહનાં સંકટો ને આફતો પર કટાક્ષ કર્યા વિના રહેતા નથી. ને જ્યારે તેઓ બરોબરિયા ઉપર અસર કરી શકતા નથી ત્યારે વિદ્યાર્થીઓ, બાળકો તથા જુવાનો ઉપર પોતાની વગ ને વયનો ભાર મૂકી તેમના ડહાપણનો અંકુશ ઉગામે છે.

એમને એક જ પ્રશ્ન પૂછીએ કે આ પ્રયોગો જવા દઇએ તો તમારી પાસે કોઈ સફળતા આપે એવો પ્રયોગ છે ખરો? ગુપ્ત હત્યાઓ કરનારાઓએ એક જમાનો આખો તેમનાં મંડળો જમાવ્યા કર્યાં પણ આખરે વધુ પરાભવ, વધુ જંજીરો આખા સમુદાય પર અત્યાચારના પ્રસંગો ઊભા કરવા સિવાય વધુ શું બન્યું? અંગ્રેજી કેળવણી ને પદવીઓ પામેલાની શક્તિ પણ ઇંગ્લંડની પરિષદમાં ઉઘાડી પડી ગઇ. રાજસંપત્તિનું ગુમાન રાખતા રાજવીઓ સલામો કરતા ઊભા તે વખતે આત્મબળ ને અહિંસાના પ્રકાશથી જ ભારતનું ગૌરવ પૂજાયું, ત્યારે 'કયા દેવની પૂજા' આપણે કરીશું ?

'कस्मै देवाय हविषामहे' એ વેદજૂનો પ્રશ્ન એકેએક જીવતો માનવ પોતાના અંતઃકરણ પાસે મૂકી જુએ. કુળની ખાનદાનીઓ, જાતિ સંસ્કારનાં અભિમાન, પૈસાનો મદ, વિદ્યાની તુમાખી, એ બધાની ઉપાસનાએ અન્યનો તિરસ્કાર અને હુંપદનું ઝેર જગત પર પસાર્યું છે અને મનુષ્યને સંસારના સાચા માર્ગ પરથી ચુકાવ્યો છે. મારફાડ, કાવાદાવા અને જુલમ વધારવામાં એ સિવાય બીજાં કારણો ભાગ્યે જ જડશે. જીવનનો સાર શોધવા જ્યારે-જ્યારે મહાન સત્ત્વો બહાર પડચાં છે ત્યારેત્યારે દરેક પ્રસંગે એ ઝેરી સત્ત્વો સામે જ ઝુંબેશ જાહેર થઇ છે. શ્રી રામચંદ્ર રાજ્યસંગ તજી વનવાસી જાતિઓના દળમાં સંસ્કૃતિ પ્રસારી તેમને ભેટચા; શ્રી કૃષ્ણે રંક અસહાય ભીરૂ અને પતિતની મૈત્રી કરી બતાવી. બુદ્ધ ભગવાને જન્મપતિતને પણ નિર્વાણના સરખા હકકો સમજાવ્યા; મહમદ પયગમ્બરે રંક—શ્રીમંતના ભેદો પર ફટકો માર્યો અને મૂર્તિપૂજામાં ભાન ભૂલી ગએલા માનવોને ખુદાઇ ઇન્સાફમાં શ્રદ્ધા કરાવી. આજ રાજરમત અને લશ્કરી તાકાતના ગર્વથી મનુષ્યોના હકકો પર તરાપ મારી રહેલી શક્તિ સામે પડકાર કરનાર સત્ત્વ જાગ્યું છે. આજે એ એક જ પુરુષમાં પ્રકટ્યું છે, પણ હવે તો તે પૃથ્વીના એકેએક સત્ત્વશીલ માનવનું પરમ જીવનતત્ત્વ બનશે. એ નહિ હોય તો જગતની બીજી બધી વિભૂતિઓ અને ઐશ્વર્યે ધૂળ મળવાનાં એ નક્કી.

આપણી સર્વ મહેચ્છાઓ, આપણા સર્વ મનોરથો અને જીવનવ્યવહારનાં સ્વરૂપો એ એક જ સત્ત્વની ઓથે જ અડગ અને દીપ્તિમાન બનશે; એ વિના ગમે એટલી ધનસંપત્તિ, ઉદ્યોગપરાયણતા કે વ્યવહારકુશળતા અપમાન અને ગુલામીની મેશથી કલંકિત રહેવાની.

દેશનું હૃદય આજ ઊંડા દમ લઈ રહ્યું છે. એ હૃદયનો જેનેજેને સ્પર્શ હશે તેને વધુ ખાત્રીની જરૂર નહિ જ રહે. જ્યાં હોય ત્યાં, જેવા હોય તેવા, જે આવી પડે તે સહેવા અને ગમે તે

જુવાનીની મજા

મને લાગે છે કે તેણે જુવાની માણી જ નથી, જેણે પૂરપાટ દોડતા ઘોડા પર ઘોડેસવારી કરી જાણી નથી; જેણે પાંચ પચીસ ડુંગરાને મથાળે જઇ આકાશને અડવાની હોંશ નથી કરી; જેણે એકબે જંગલો વીંધી મહામુસીબતે મધરાત પછીની ઊગતી સવાર કોઈ અજાણ્યા સરોવરની પાળે નથી જોઈ.

મને લાગે છે કે તેણે જુવાની જાણી જ નથી જેની આંખ કોઈ ગરીબના ઉપર ઘા પડતાં રાતી નથી થઇ; જેનો હાથ નિરાધારને આધાર આપવામાં નથી લંબાયો; જેનો દેહ એકાદ ગુલામી ફિટાડવા નથી પડચો.

તેણે જુવાની જોઇ જ નથી કે જેણે મહત્ત્વાકાંક્ષાઓ સેવી નથી, મહત્ત્વાકાંક્ષાઓ પાછળ જે ધૂળધાણી નથી થયો, ધૂળધાણી થવામાં જેણે મજા નથી માણી. —ગિજુભાઈ

પળે જીવનની છેલ્લી ઉજળી તક વધાવી લેવા ભારતપુત્રોમાં નવા પ્રાણ ધબકી રહ્યા છે. ગુલામીના ચાંદો, નવાજેશો કે વૈભવો કરતાં માતાની પદરજ લેતાંલેતાં જીવનનો પરમ સૌભાગ્યવંતો અંત એ જ આદર્શ ચમકે છે. એ પરમ પ્રકાશ! અમારાં નેત્રો બંધ થાય તે વખતે પણ અમારી છેલ્લી નજર ત્યાં જ હો!

દિલમાં દીવો કરો

અનંત કાળમાં પગલાં ભરતાં વર્ષો આવે છે ને જાય છે. ધીરે પગલે આવતો ભવિષ્યકાળ સમીપ આવે છે ત્યારે ઓળખાતો યે નથી, ને વર્તમાનની ઘડીઓ જોતજોતાંમાં ભૂતકાળમાં વિલીન થઇ જાય છે,— માત્ર સ્મરણ બની રહે છે. આજે બેસતું વર્ષ કાલે ચાલતું, દોડતું ગુમ થઇ જતું આપણે જોયું છે ને નવાઇ પામ્યા નથી. સમયના વહેણને કોઇ કદી રોકી શક્યું નથી.

પવનમાં જેમ સુગંધ વહે તેમ સમયના ગર્ભમાં પ્રવૃત્તિ રહેલી છે. દર પળે સૃષ્ટિમાં ફેરફાર થયા જ કરે છે. આ સ્વાભાવિક થતા ફેરફારને ઉન્નતિમય બનાવવામાં પુરુષાર્થનો સદુપયોગ થવો જોઇએ. તો જ પ્રગતિ સધાય, સૃષ્ટિમાં શુભ વધે.

કોઇએ કોઈની રાહ જોવાની નથી. દરેકે મક્કમ પગલાં માંડવાનાં છે અને નક્કી કરેલી દિશામાં દરેકને મંડયા રહેવાનું છે; અંતરના અવાજને અનુસરી પ્રયાણ કરવાનું છે.

દિલના થાક કે રોષ, ઉદ્વેગ કે નિરાશા એ બધાની ક્યાં સુધી પરવા કરીશું? ક્યાં સુધી ભૂતકાળ સંભારી આપણી ગતિ રોકીશું? ક્યાં સુધી આપણી શરમ સ્વીકારી લજ્જા પામીશું? ક્યાં સુધી ગુલામી વેઠીશું? ક્યાં સુધી કાયરતા સંઘરીશું? હજુ પંથ તો લાંબો છે.

ત્યારે દિલમાં દીવો કરો. અંતરમાં એવી સ્થિર જ્યોત પ્રગટાવો જે ઝંખવાય નહિ; એવી આત્મશાંતિ મેળવવા મથો જે કદી તૂટે નહિ. પંથ લાંબો છે, પ્રકાશની જરૂર છે. (વિકાસ)

જ્ઞાનના રાજમાર્ગો અનુસંધાન પાછળને પાનેથી

વિચારના દુરુપયોગમાં રહેલું છે. અત્યાર સુધીની સુખીમાં સુખી વ્યક્તિના કરતાં યે વધુ સુખી, સંપત્તિવાન અને તંદુરસ્ત જગતભરના માનવસમાજને કરી શકાય એટલો જ્ઞાનભંડોળ માનવજાત પાસે છે, પણ એ જ્ઞાન ઉપર નજર કરીને બીજી નજરે દુનિયાં નિહાળતાં લાગે છે કે આજે તો એક પણ દેશ કે પ્રજા સંપૂર્ણ સુધરેલી નથી.

આપણે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરીને, શંકાની ગીચ ઝાડીઓમાં રસ્તા કાપીને, અજ્ઞાનનાં અંધારાં દૂર કરીને, નિરાશાની ખાડીઓ ઉપર ઉત્સાહના સબળ પૂલો ચણીચણીને તૈયાર કરેલા રાજમાર્ગે આપણે સંસ્કૃતિ અને પ્રગતિને ખેંચી લાવવાં પડશે. **લાભશંકર ભટ્ટ**

૧૦૦

‘કુમાર’નો શતાંક

ચૈત્ર · ૧૯૮૮

ચાર માસ પછી નીકળનારો ‘કુમાર’નો ૧૦૦મો અંક ખાસ અંક—‘ શતાંક ’—તરીકે પ્રકટ કરવાના અમારા અભિલાષના અમે ગયા અંકમાં આપેલા ખબરને ચોમેરથી મુરબ્બીઓ, મિત્રો, શુભેચ્છકો અને વાચકોએ ઘણા હર્ષપૂર્વક વધાવી લીધા છે. ઘણાએ તો પોતપોતાનો ફાળો પણ મોકલવા માંડ્યો છે. મિત્રોએ ઉલટભેર તેની યોજનામાં પોતાનો હિસ્સો નોંધાવવા માંડ્યો છે. ગ્રાહકોએ અમે ન ધારેલી ઝડપથી પોતાનાં લવાજમો તથા ચાલુ રહેવાના ખબર મોકલવા માંડ્યા છે. આ બધાથી અમારો ઉત્સાહ પરિપુષ્ટ થયો છે.

બીજી બાજુએ, જોકે રાજકીય આંધીને લીધે દેશની ભાવિ સ્થિતિ સંદેહજનક તથા ગંભીર બનતી જાય છે, અને ‘કુમાર’ સદા રાષ્ટ્રીય આદર્શોને અપનાવતું આવ્યું છે, તોપણ ‘શતાંક’ ઉપર પોતાની નજર રાખીને તેની બનશે તેટલી સારામાં સારી તૈયારી કરવાનો તેનો નિરધાર છે. એટલે સૌ શુભચિંતકો અને સહાયકો તથા મિત્રો અને વાચકોને અભ્યર્થના છે કે સૌ પોતાના લેખ, વાર્તા, કાવ્ય કે ચિત્ર જે કંઇ સામગ્રી મોકલવાના હોય તે ઉત્તમોત્તમ ચૂંટીને અને બને તેટલી વહેલી મોકલે.

‘ કુમાર ’ કે કુમાર કાર્યાલયના પરિચયમાં આવેલાં ઊગતાં કુમાર-કુમારીઓને ‘ કુમાર ’ની પ્રવૃત્તિ મારફત પોતાને મળેલા લાભ, અનુભવ કે સંસ્મરણ ‘ શતાંક ’ માટે લખી મોકલવાની માગણી અમે ગયા અંકમાં કરી છે, તે ફરી યાદ આપીને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે સૌ બની શકે તેટલા ટૂંકાણમાં અને મુદ્દાસર લખી મોકલે. બધાં લખાણ વગેરે અમને મોડામાં મોડાં ૧૫મી ફેબ્રુઆરી સુધીમાં મોકલવા સૌને વિનતિ છે.

જેમના ભાવભર્યા સહકારને લીધે કુમાર આટલું ઉત્તેજિત ને વિકસિત થયું છે એ ગ્રાહકોની આ પ્રસંગની ઉલટ વિષેનો ઉલ્લેખ તો અમે ઉપર કરી જ ગયા છીએ. અમારી શ્રદ્ધાને એમણે બલવતી કરી છે અને અમને આશા છે કે આ ઉત્સવ-વર્ષમાં પોતાનો સાથ પૂરીને તથા બીજા સંગાથીઓ વધારીને કુમારના પ્રગતિ-ઇતિહાસમાં તેઓ પોતાનું નામ અંકિત કરશે.

જ્ઞાનના રાજમાર્ગો

ગામ ગામડાં અને શહેરોને એકબીજાના સંસર્ગમાં લાવવા માટે વ્યવહારનાં સારાં સાધનો જેવાંકે પાકા રસ્તા અને રેલ્વેઓ, તાર પોસ્ટ અને ટેલિફોન એ બધી પછાત દેશની પ્રથમ જરૂરિયાતો છે. એવી જ રીતે, અજ્ઞાનના મહારણમાં સંસ્કૃતિનાં છુટાંછવાયાં ઝાડોવાળી આ દુનિયા, જે હજુયે અરણ્ય જેવી છે, તેમાં પરસ્પરની સંસ્કૃતિના તાર સાંધીને જગતવ્યવહાર શરૂ કરવા માટે જ્ઞાનના વ્યવહારના માર્ગો ઊભા કરવાની જરૂર છે.

જગતમાં ખરા ચિંતકો બહુ ઓછા છે અને છે તે ય છુટાછવાયા દેશમાં વેરાએલા છે. વળી ભાષાના અંતરાયથી એ જુદીજુદી પ્રજાઓના ચિંતકોના વિચારવિનિમયમાં પણ જબ્બર હરકત પડે છે. અને આ પણ જાણે પૂરતું ન હોય તેમ ઘણી વાર તો એક જ દેશમાંના જુદાજુદા સંસ્કારના મનુષ્યો પણ પરસ્પર સહકાર કરતા નથી, ત્યાં જુદાજુદા દેશોના પરસ્પર વ્યવહારની ક્યાં વાત કરીએ? ખરી રીતે તો બીજા દેશના લોકો કેમ જીવે છે એ કરતાં એ લોકો કેવું ચિંતન મનન કરી રહ્યા છે એ જ જાણવું વધુ જરૂરી છે. અને એમાં ય મુખ્ય તો દેશદેશના વૈજ્ઞાનિક સંશોધકો—જેઓ આવતી કાલની ફિકર લઇ બેઠા છે—તેમની પ્રવૃત્તિઓનું લક્ષ રાખવું બહુ ઉપયોગી છે.

છેલ્લાં ત્રણસો વર્ષથી માણસ કુદરતનું પદ્ધતિસર શોધન કરી રહ્યો છે. એ ત્રણ સૈકા પહેલાં જગતમાં જે અજ્ઞાન પ્રવર્તતું હતું એની સરખામણીમાં તો આપણને છેલ્લાં ત્રણસો વર્ષનો જ્ઞાનસંચય બહુ વિશાળ લાગે છે; પણ ખરૂં જોતાં એ આજે વિશાળ લાગતું જ્ઞાન પૃથ્વીનાં હજી વણશોધાયેલાં સત્યોને મુકાબલે તો બહુ જ અલ્પ છે. નિરાશાની વાત તો એ છે કે મહામહેનતે મેળવેલો આ થોડો પણ કિંમતી સંચય હજુ સુધી ઘણુંખરૂં તકલાદી ખોખાંઓ (ભેજાંઓ—ચોપડીઓ નહિ)માં જ પડી રહ્યો છે.

જ્ઞાન એ શક્તિ છે એ તો આપણે બધા યે જાણીએ છીએ. ફક્ત જાણતા નથી એટલું કે લાયબ્રેરીના કબાટોમાં પૂરેલું જ્ઞાન એ ખરૂં જ્ઞાન નથી. એ તો ખાણમાં દટાયેલા કોલસા જેવું શક્તિહીન છે. જેને કોઈ જાણે નહિ, સમજે નહિ એને તે જ્ઞાન કેમ કહેવાય? ધારો કે એક દિવસ સારી યે દુનિયાનો પુસ્તકભંડાર આપણે સળગાવી દીધો, તો પાછળ કેટલું જ્ઞાન દુનિયા ઉપર બાકી રહે અને તે યે કેટલાં ઓછાં પાત્રોમાં તેનો ખ્યાલ કરશો તો નિરાશા ઉત્પન્ન થશે. ખરૂં જ્ઞાન પુસ્તકોમાં નહિ પણ મગજમાં હોવું જોઇએ.

આબર્ડીન યૂનિવર્સિટીના પ્રોફેસર થૉમ્સને એમના 'જીવનનો સંયમ' નામના પુસ્તકમાં પોતાની લાક્ષણિક સચોટ શૈલીમાં કહ્યું છે તે જો પશ્ચિમની સુધરેલી પ્રજાને લાગુ પડે છે, તો આપણે માટે તો ખાસ મનન કરવા જેવી વાત છે! એ કહે છે કે ઓછી જહેમતે વધુ કાર્યસાધક બને એવી શોધખોળની રીતો અખત્યાર કરવી, ધારોજગારો વધુ ને વધુ હિતકર બનાવવા, માનવ સમાજનું જીવન સુંદર વાતાવરણથી ભરી દેવું, ચેપી રોગોને જડમૂળથી નાશ કરવાના પ્રયાસો કરવા, પ્રજાના બાંધા અને આરોગ્ય સુધારવાં, ખોટી શરમને દૂર કરીને કેળવણીમાં શરીરના ધર્મો તથા જ્ઞાન દાખલ કરવાની જરૂરિયાત સ્વીકારવી,—આવીઆવી બાબતોની સાધનામાં આપણી કિંમતી (જોકે અધૂરી) વૈજ્ઞાનિક માહીતીનો કેટલો ઓછો ઉપયોગ થયો છે, એ જાણીને આશ્ચર્ય અને દુઃખ થાય છે. અલબત્ત થયું છે ઘણું, પરંતુ એ પણ કબૂલ કરવું જોઇએ કે માનવીએ પોતાને મળેલા જ્ઞાનનો આશ્રય લઇને પ્રકૃતિ ઉપર વિજય મેળવવામાં બહુ જ શિથિલતા દાખવી છે. એનું એક કારણ એ છે કે વૈદકીય સારવાર જેવી કેટલીક દિશાઓ બાદ કરતાં, હજુ આપણે વિજ્ઞાનમાં શ્રદ્ધા રાખતાં જ ટેવાયા નથી; અને સૌથી મોટું કારણ તો એ છે કે આપણામાં હૃદયબળની ખામી છે;—આપણામાં એ વિષે દરકાર જ નથી કે પછી નિશ્ચયનું બળ નથી.

આ બહુ સચોટ ને આકરા પણ તલસ્પર્શી શબ્દો છે. પ્રકૃતિનો વહીવટ અને માનવજાતની સુવ્યવસ્થા માટેનું જે થોડુંઘણું જ્ઞાન એકઠું થયું છે તે શીખી લેવાની આપણી અનિચ્છાને બેદરકારી અને મનોબળની ખામી સિવાય બીજું કયું નામ આપી શકાય? વિજ્ઞાનની શોધો તો ભલે થોડાએક ખાસ વિદ્વાનો કરે, પણ એનો ઉપયોગ તો સૌએ જ કરવાનો છે.

શક્તિનો દુરૂપયોગ, કુદરતનાં દ્રવ્યોનો દીવાળીઓ ભોગ, જીવનની પાયમાલી અને સમયનો દુર્વ્યય એ બધાંનું મૂળ જોઇએ તો (અનુસંધાન પાછળને પાને)

આફ્રિકાના કોઇ અજાણ ખૂણામાં એ ઝૂંપડી આવેલી હતી. ઘાસથી છાએલી એ ઝૂંપડી-માં ત્રણ માણસો બેઠાબેઠા કંઇક વાતો કરી રહ્યા હતા. હાથીદાંત સિવાય બીજો કોઇ વિષય તેમની વાતોનો ન હોવો જોઇએ એ તો પાસે પડેલા કેટલાક હાથી-દાંતોની ઉપાડમૂક ઉપરથી જ જણાઇ આવતું.

'મેનાર્ડ ને રૉઇસને તે શું થયું હશે ? મુસાફરીનાં બહાનાં કાઢી તેઓ રણમાં જ ભટકયા કરે છે. હજુ ક્યાં સુધી ભટકશે ? રશીથી તો તેઓ ઘણા વખત પહેલાં નીકળી ચૂકયા હતા. મેં સાંભળ્યું છે કે એમના વિષે સ્ટૅન્ટન ?' ફ્રૅધરવેલે ગૉગલ્સ ઉતારી પોતાની આંખો લૂછતાં લૂછતાં પૂછ્યું.


સ્ટૅન્ટને જરીક ડોકું ધુણાવ્યું. હજુ સુધી તે હાથી-દાંતો તપાસવામાં જ મશગૂલ હતો: 'મેં તમને કહ્યું ને કે મેં તેમને છેલ્લા આઉરમાં જોયા હતા ?' એટલું બોલીને તે પાછો હાથીદાંત તપાસવામાં લીન થયો.

' પણ એ ગામડું તો છેક રણને કિનારે આવ્યું. ત્યાં તેઓ શા માટે જાય ?' મોરીસને મોંમાંથી સિગા-રેટના ધુમાડા કાઢતાં પૂછ્યું.

' ગાંડુ જેવા છે, માટે !' હાથીદાંતના બે કકડા ટેબલ પર મૂકતાં સ્ટૅન્ટન બોલ્યો. ' તેઓ પેલી પુરાણી દંતકથાઓને સાચી માને છે.'

'હેં ... કઈ વાતો ?' ફ્રૅધરવેલે કુતૂહલથી પૂછ્યું.

'કે રણની પેલી બાજુએ આફ્રિકાના હાથીઓનું જંગી કબ્રસ્તાન છે. દરેક હાથી મરતાં પહેલાં ત્યાં પહોંચી જાય છે અને ત્યાં જ પોતાનો દેહ નાખે છે.



એક ઘરડા હાથીને પેલા ટેકરાઓ પાછળ સ્ટૅન્ટને જતો જોયો, અને આવી ઉત્તમ તક જોઇને લપાતો-લપાતો તેની પાછળ પડ્યો.

લોભી
મહત્ત્વાકાંક્ષાની
લોહીતરબોળ
લાલસા
પાછળથી
આવતો

સેતાનનો સાદ

ચિત્રકાર : રવિશંકર પંડિત

એક અદ્દભુત દંતકથાથી
પ્રેરાએલા સાહસની કથા

પોતાનું એક હાડકું સુદ્ધાં તેઓ કોઇના હાથમાં જવા દેતા નથી.' સ્ટૅન્ટન જરાક હિંમતભેર આ વાક્ય બોલ્યો.

'ત્યારે તો ત્યાં કરોડોનો માલ હોવો જોઇએ. એ કબ્રસ્તાન આવ્યું ક્યાં?' આશ્ચર્યથી મોરીસને પૂછ્યું.

'એ જ તો મૂળ શોધવાનું છે ને?! તેઓ તો આપણે રફીમાં જે સફેદ ટેકરીઓ જોઇ તેની આગળ કે પાછળ હોય એમ માને છે.' સ્ટૅન્ટને જવાબ આપ્યો.

'આ વાત જો સાચી હોય તો તો...' ફ્રૅાધરવેલ આ વાક્ય હજી પૂરું કરવા જતો હતો ત્યાં તો આવેશ-ભર્યો મેનાર્ડ એ ઝૂંપડામાં ધસી આવ્યો.

'મેં...મેં...અમે શોધ કરી છે. રાક્ષસી શોધ કરી જરાક ગોળી વાગતાં બેભાન થયો હશે.' સ્ટૅન્ટનની શંકા નિવારવા મેનાર્ડે કહ્યું.

'ત્યારે ચાલો તો સહી! એ આપણને મેનાર્ડ કરતાં પણ વળી કંઇ વધુ હકીકત કહેશે.' સ્ટૅન્ટને મોરીસન અને ફ્રૅાધરવેલને ઉદ્દેશીને કહ્યું.

'ચાલો મારી સાથે.' અને એમ કહી મેનાર્ડ એ ત્રણેને નદી પર લઇ ગયો.

'અરે રૅાઇસ ક્યાં! અહીં તો લોહીના ડાઘ વિના બીજું કશું નથી.' સ્ટૅન્ટન ચકિત થતાં બોલ્યો. બીજા બંને પણ તેના અચાનક ગુમ થવાથી ચકિત થયા.

'મગરોનો શિકાર થઇ ગયો લાગેછે.' મેનાર્ડે કહ્યું.

મારું ઘર

વસતતિલકા

સંસારના લલિત કો પ્રતિબિંબ જેવું
નાનું પવિત્ર નમણું રમણીય યોગ્ય;
ઠંડી રતે મધુર હૂંફ થકી ભરેલું
તાપે સુવાસમય શીતળ ને સુભોગ્ય.

રંગે રમી પ્રથમ વાર ઉષા વધાવે,
ને સૂર્યની કિરણમાળ સુરેખ હાસે;
છાયા ઝૂલે હલની એકલ લીમડાની,
ને ધમધમે ચપળ દીપક ધૂપદાની.

સોહે ખૂણે ચમકતી ઉતરેડ મૂંગી,
ભીંતે વળી સુખદ પુસ્તકમાળ ઊંચી;
વચ્ચે મનોહર ઝૂલો ઝૂલતો હમેશ,
નીચે રહ્યું ચળકતું મૃગચર્મ એક.

કંકાવટી સુભગ અક્ષત કંકુરંગે—
કન્યા અહો! સરસ ભાવિની વાટ જોતી;
ને આ ભર્યો કલશ કેસરકેસુઓથી—
જાણે રમે પ્રણય પ્રીતમ શૈર્ય સંગે.

બેડું ભરી લઇ શિશુ પનિહારી ચાલે,
ચાલે સદા-અટુક કેડ પરે જ મ્હાલે;
ઊભી નજીક લઘુ પૂતળી મીટ બાંધીઃ
એવી મૃદુ વિવિધ સૃષ્ટિ અનંત માંડી.

છે. એ કૈં દંતકથાનાં ગપ્પાં નથી હં હે!' ઉત્સાહ ને આવેશમાં હાંફતા મેનાર્ડે વાક્ય પૂરૂં કર્યું.

'પણ રૅાઈસ ક્યાં છે?' મોરીસને પૂછ્યું.

'રૅાઇસ? પેલો રાક્ષસ?! એ તો ઓ પણે નદીની રેત પર પડ્યો. બચ્ચાજીએ મને આ શોધમાંથી કંઇ પણ ભાગ આપવાની ના પાડી દીધી. મારાથી એ સહન ન થયું ને મેં એને મારી બંદુકનો સ્વાદ ચખાડ્યો.'

'શું ઠાર કર્યો?' ફ્રૅાધરવેલે બોખરે કંઠે પૂછ્યું.

'આપણે તેની પાસેથી બીજું ઘણું જાણી શકત.' સ્ટૅન્ટને આટલું બોલી જરાક મોઢું મચકોડ્યું.

'ના! ના! મારી બારી કૈં નથી નાખ્યો! પગમાં

મેનાર્ડની આ દલીલ બધા શાંત ચિત્તે સાંભળી રહ્યા. સ્ટૅન્ટન કંઈક વિચારમાં પડ્યો. મનમાં ને મનમાં એ અનેક ઘાટ ઘડી રહ્યો હતો એ તેના ચહેરા પર થતા ભાવોના ફેરફાર તથા અર્ધમીંચાએલી આંખોને લીધે તરત કલ્પી શકાતું. અચાનક તેની વિચાર-માળા તૂટી ને તે બોલી ઊઠ્યો. 'ગમે તેમ થાય પણ હવે હું ત્યાં તો જવાનો જ; અને એ જ રસ્તે!'

તરત જ તેણે મોરીસન પાસે જોઇતો સામાન મંગાવી લીધો. બંદુક તો તેની પાસે જ હતી. સામાન આવ્યો કે તરત એક પણ ક્ષણ ખોયા વિના તે ઊપડ્યો. આશ્ચર્યચકિત થઈ સૌ તેને જોઇ રહ્યા.

આજે સ્ટૅન્ટનને નીકળ્યે પૂરાં ત્રણ અઠવાડિયાં વીતી ગયાં છે. રણના લગભગ છેડે તે આવી પહોંચ્યો છે. ઊગતા સૂર્યના તેજમાં દૂરદૂર આવેલી ટેકરીઓ પ્રકાશી રહી છે. આઉર ગામનાં ઝૂંપડાં પણ તે ઊડતી ધૂળમાં ઝાંખાંઝાંખાં જોઇ શકાય છે. રેતીના એક ઢગલા પર પડ્યો પડ્યો તે લમણે હાથ ટેકવીને સામેની સફેદ દૂધ જેવી ટેકરીઓ તરફ જ એ જોઇ રહ્યો છે. પોતાની નજર એ ત્યાંથી ફેરવતો નથી. અથવા સાચું કહીએ તો ફેરવી શકતો નથી. રૅાઇસિની કહેલી છૂટક વાતો હવે તેને યાદ આવવા લાગી. એ તદ્દન દંતકથાનાં ગપ્પાં તો નથી જ એમ હવે તેને લાગવા માંડ્યું. એ

'કંઇક છે તો ખરું!' હજી નજર ત્યાં જ ફેરવી રાખીને તે ફફડ્યો. આઉરમાંથી એકાદ બે સીદીઓ સાથે લીધા હોય તો ઠીક એમ તેને લાગ્યું અને તે ગામ તરફ વળ્યો. પણ ત્યાંના રહેવાસીઓએ તો રણની કિનાર છોડી એક ડગલું પણ આગળ વધવાની ચોકખી ના સંભળાવી દીધી. તેમણે કહ્યું કે એ ટેકરીઓની પેલી બાજુથી 'સેતાનનો સાદ' અવારનવાર આવ્યા કરે છે. અને રણની કિનાર છોડી પેલી બાજુ વધવું એ સેતાનનો ગુનો છે. ઘણી વખત ભયંકરમાં ભયંકર અવાજો કરતો વંટોળિયો તેમના ગામડા પર ફરી વળતો. આને તેઓ સેતાનનો કોપ સમજતા અને

ચિત્રે લીલુંછમ વળી ગિરનાર–દૃશ્ય:
શા કાચનિર્મળ ઝરે ખડકો તરંત!
—જાણે ઊભું કુદરતે પળ ગીતકાવ્ય,
કે કો કળાસભર પ્રાણ ઉરે સરંત.

ફૂલો પરાગ મધુ રંગ થકી નમેલાં,
કૂંડાં પરે નીરવ ગુંજનમાં મચેલાં;
કલ્લોલતું કદિક પોપટજૂથ આવી
બેસી ઘડી ઊડી જતું ઉરભાવ લાવી.

જ્યાં ઓરડે પ્રકટ ભારત દેશમાતા
ખંડેરથી કરત જાગૃત બાલઆત્મા;
જ્યાં ચોકમાં નવકળાયલ મોર નાચે,
ને ઢેલડી સરળચિત્ત ગભીર રાચે.

તેજસ્વી શુક્ર કદિ મંગલ બીજ જોડે
બારી પરે ચડીચડી ય અથાગ શોભે;
દ્વારે નવા અતિથિ શો મધરાતચંદ્ર
એકાંતમાં ઉતરતો નિજ તેજપંથ.

ને ત્યાં સનાતન વસી ગૃહદેવતાની
માયામયી હૃદયમૂર્તિ વસુંધરા શી.

દેશળજી પરમાર

ચકચકતી ટેકરીઓ વર્ષોજૂનાં હાથીદાંતોની રજની અને ઝીણાં હાડકાંની બનેલી હોવી જોઇએ એમ તે માનવા લાગ્યો. એ ગમે તે હો પણ અત્યારે તો તેનું લક્ષ્ય માત્ર કોઇ પણ પ્રકારે પેલી ટેકરીઓ પાછળ પહોંચવાનું જ હતું.

તરત જ તે ટટ્ટાર થયો. થોડી વારમાં જ તેણે કેટલાક સફેદ હાથીઓ પૂર્વ કોણની ટેકરી પાછળ જતા જોયા. અને તે પછી થોડીક ક્ષણે એક તીણો સાદ તેના કાને અથડાવા લાગ્યો. જેમ જેમ તે આગળ વધ્યો તેમ તેમ તે સાદ ભયંકર થતો ગયો. દૂર કંઇ ધુમ્મસના ગોટ ઊડતા હોય એમ લાગ્યું.

ભૂલેચૂકે તેનો કંઇક ગુનો થયો હશે એમ સમજી તેને સંતોષવા મથતા.

'કેટલા અજ્ઞાન છે? આવા મૂર્ખા? મને ક્યાં જતાં નથી આવડતું? ને હવે કૈં દૂર પણ નથી. પણે પેલી ખીણોમાં ઊતરી જાઉં એટલે બસ, જગ જીત્યા. બીચારો રૅાઇસિ! એ તો પડ્યો હશે મગરના પેટમાં. અને મેનાર્ડ?! એ જાય જહન્નમમાં.' આમ બબડતો તે ઉત્સાહથી એ ટેકરીઓ તરફ ડગલાં ભરવા લાગ્યો: 'બીજી ટાપટીપ ને તૈયારી શી? એ જ દિવસનું કામ છે!'

થોડે દૂર એક ઘરડા હાથીને તેણે લથડતા પગે જતો જોયો. 'પેલા ટેકરાઓ પાછળ જ એ જતો હોવો

જોઇએ. આવી તક બીજી વખત મળવી મુશ્કેલ છે.' ને તરત જ પેલો હાથી ન જાણે તેમ તેની પાછળ પડ્યો.

સફેદ ટેકરીઓ જેમ પાસે ને પાસે આવતી ગઇ તેમ તેનો આનંદ પણ વધતો ગયો. તેમાંથી પોતે કરોડોનું ધન પેદા કરશે એ એક જ વિચાર એને હર્ષઘેલો બનાવી મૂકતો. ચાલતાચાલતાં તે એક કરાડ પર આવી પહોંચ્યો. ત્યાંથી જ એક ગુફા શરૂ થતી હતી. ધીમેથી હાથી તો એ ગુફામાં પેઠો ને અદશ્ય થઇ ગયો.

હવે ? ગુફામાં જવું કે નહિ એ પ્રશ્ન તેને મૂંઝવવા લાગ્યો. અંધારૂં તો તેમાં ઘોર હતું. ટૉર્ચ વગર ન જ ચાલે, અને ઉજાસથી કદાચ હાથીને જાણ થાય તો ? આમ હજુ સંકલ્પવિકલ્પ કરતો હતો ત્યાં તો એ ધ્રૂજી ઊઠ્યો ને માથું દબાવી નીચે બેસી ગયો. ગુફામાંથી બંદુકના બારનો ભયંકર પડઘો તેના કાને પડ્યો હતો.

હવે તો તેની અંદર જવાની હિંમત મુદ્દલ ન ચાલી. તેણે બીજો જ રસ્તો લીધો. જ્યાંત્યાં ખાઇઓ અને ખીણો આવતી હતી. જરાક ગફલત થાય કે જિંદગીનું સાટું હતું. તે ઘૂંટણભર થયો ને ઘસડાતો આગળ વધ્યો.

આખરે તે એક સપાટ મેદાનમાં આવી પહોંચ્યો. તેણે છૂટકારાનો દમ ખેંચ્યો. સામે નજર કરી ત્યાં તો 'અહાહા ! હાથીદાંતોનો મહાસાગર જ છે ને શું?!' તેનાથી આનંદમાં બૂમ નીકળી ગઇ. પેલો હાથી બીજા કેટલાક હાથીઓની સોડમાં જઇ ઊભો ને માથું ધુણાવવા લાગ્યો. તેના સફેદ દાંત સ્ટૅન્ટનની ઊગતી આશાનાં કિરણો જેમ તડકામાં ચકચકવા લાગ્યા.

સ્ટૅન્ટન આ બધું હર્ષ ને આશ્ચર્યથી જોઇ રહ્યો હતો. એવામાં એક હાથી પડ્યો. એક ધબાકો થયો; થોડી ઝીણી રજ હવામાં ફેલાઇ ગઇ અને કિરણોમાં મળી મેદાન અજવાળી રહી. પાછું હતું તેવું સૂમસામ થઇ ગયું.

બીજા હાથીઓનું ભવિષ્ય તેણે આ ઉપરથી કલ્પી લીધું. હવે તેને ભૂખ પણ કકડીને લાગી હતી. તેણે તરત જ એ કામ આટોપવા માંડ્યું.

ખાઇને નવરો પડતાં પાછો તે ગણતરીએ ચડ્યો. તે હવે આખી દુનિયાને હાથીદાંતો પૂરા પાડશે; આખી દુનિયા તેની આ શોધથી ચકિત થઇ જશે; તેના સાહસની પ્રશંસા કરશે; દુનિયાભરની કોઇપણ કંપની હવે તેની હરોળમાં નહિ ઊભી રહે. આવી ગણતરીમાં ને ગણતરીમાં તે ઊંઘી ગયો.

વહેલી પરોઢમાં તે ઊઠ્યો તો કંઇક તીણો અવાજ તેના કાને પડ્યો. તેણે દૂર નજર કરી તો ધુમ્મસના ગોટ આકાશમાં ચડતા હોય એમ તેને લાગ્યું. 'વાહ આ તો સેતાનનો સાદ! બીચારા મેનાર્ડ ને રૉઇસ! એ વળી મને શી મદદ કરવાના હતા? હું પોતે જ એ સેતાનના સાદનો ભેદ ભાંગીશ....બચ્ચા! સ્ટૅન્ટન! તું પણ જબરો નીકળ્યો હં!' આમ વિચારમાં ને વિચારમાં તે કશું યે ન ગણકારતાં આગળ વધવા લાગ્યો.


પણ ફક્ત એક જ પળ. પેલી ધુમ્મસના ગોટના ગોટ તેની તરફ ધસતા આવતા લાગ્યા. 'સેતાનનો સાદ' વધુ ને વધુ તીણો ને ભયંકર થતો ગયો. ધુમ્મસ તેની આસપાસ વીંટળાવા લાગ્યું. હવે તો તેને શ્વાસ લેવો પણ મુશ્કેલ થઇ પડ્યો. તેણે નાક આડો ધરવા રૂમાલ કાઢ્યો; પણ થોડી વારમાં જ લોહીની ઝીણી છાંટ તેણે રૂમાલ પર જોઇ. તેનાં કપડાં પર પણ એ છાંટ પડતી તેણે હવે જોઈ. હવે તે મુંઝાવા લાગ્યો. તેની નજર આગળ સીદીઓની વાતો તરવા લાગી. હવે શે બચાય ? તેને પેલી ગુફા સાંભરી ને તરત જ તેણે તે તરફ દોટ મૂકી.

હજુ તો તે ગુફામાં પગ મૂકે છે ત્યાં તેના પગ સાથે કંઇક અથડાયું. 'સેતાનના સાદ'ની બલાથી બચવા તે એટલો ગાભરો બન્યો હતો કે તેની ઝાઝી દરકાર કર્યા વિના ગુફામાં આગળ ને આગળ ગાંડાની માફક દોડતો ગયો ને લગભગ મધ્યમાં આવી અટક્યો. 'સેતાનના સાદ'ના વધતા જતા ભયંકર સૂસવાટા હજુ તેના કાનમાં કોઇ અદશ્ય ભયનો સંચાર કરી રહ્યા હતા.

હવે તેણે પોતાનો થેલો હેઠે મૂક્યો ને બંદુક હાથમાં રાખી તે નીચે બેઠો. પણ બેઠો કે તરતજ ઊભો થઇ ગયો. તેને કંઇક ભીનુંભીનું લાગ્યું. તેણે ટૉર્ચ ફેંક્યા પણ જોતાં વાર જ તેણે કારમી ચીસ પાડી. એ રૉઇસનું લોહીમાં લથબથ થએલું ધડ હતું.

ત્યાં તો સામેના ખૂણામાં કંઇક સળવળતું લાગ્યું. તે બેબાકળો બની એ બાજુ ફર્યો. તેણે જોયું કે એ મેનાર્ડની લાશ હતી. તેની છાતીમાંથી ધોધમાર લોહી વહ્યું જતું હતું ને એક હાથ લૂલો થયો હતો. મેનાર્ડ ને રૉઇસની આવી દશા જોતાં જ તે બોલી ઊઠ્યો. 'યા ખુદા! આવો કરુણ અન્ત?!

હવે તે બધું ભૂલી આ ભેદપરંપરાને ઉકેલવા મથવા લાગ્યો. 'મેનાર્ડને તો રૉઇસે જ મારી નાખેલો



રંગપૂરણીની હરીફાઈ

શરતો અને સૂચનાઓ પાછળ વાંચો



હાથીએ ઉછાળીને તેને સામી ભીંતમાં પટકયો.

હોવો જોઇએ એ ચોક્કસ છે. પણ મેનાર્ડ મારી પહેલાં અહીં કેવી રીતે આવી પહોંચ્યો ? અને રૉઇસ ? એ તો મગરોનો શિકાર બન્યો હતોને ? એ બધું તો ઠીક પણ રૉઇસનું માથું કોણે છૂટું પાડયું ? શા કારણથી ?'

આ ભેદને ભાંગવાની ભાંજગડ તે કરતો હતો ત્યાં તો તરતજ તે ચમકી ઊઠયો. ભયની તીણી કંપારી તેના શરીરમાં છૂટી ગઇ. તે સાવધ થયો ને કાન દઇ સાંભળવા લાગ્યો. કોઇ ભારે પરંતુ ચોક્કસ પગલે તેની તરફ આવતું હોય એમ તેને લાગ્યું. ભેદની પરંપરા વધતી જ ગઇ. થોડી વારમાં જ તે એટલું તો ચોક્કસ કરી શકયો કે બીજી બાજુથી કાન ફફડાવતો કોઇ હાથી પોતાની તરફ આવી રહ્યો હતો.

'નક્કી એ પેલા કબ્રસ્તાનમાં જ જવાનો, અને અહીં થઇને જ. હવે ? બહાર નાસું ? પણ બહાર તો પેલી બલાને ભેદીને ન જ નીકળી શકાય. ત્યાં પણ મોત સિવાય બીજું શું મળવાનું ? ત્યાં તો ઉલટું ગૂંગળાઇને મરવાનું. એ 'સેતાનનો સાદ' તો નથી જ જોવો. ફરી ત્યારે શું બંદુક ચલાવું ? પણ અંધારામાં ગોળી પણ કયાં મારૂં ? એથી તો ઉલટું મોતને વહેલું આમંત્રણ કરવા જેવું થાય. અને ટૉર્ચ લાઇટ નાખું તો તો એક પળનો પણ વિલંબ એ શા માટે કરે ?'

તે બેબાકળો થઇ ગયો. તેના હાથ ઢીલા થયા. બંદુક હાથમાંથી સરી ગઇ ને જમીન પર પડી. અવાજ થયો ન થયો ત્યાં તો તેણે તે સેરવી લીધી, છતાં તેણે પોતાનું ભવિષ્ય તો કલ્પી જ લીધું. મેનાર્ડ અને રૉઇસ જેવા જ ભવિષ્યની તેને ઝાંખી થવા લાગી.

હાથીને પણ તેની હાજરીની ખબર પડી ગઇ હતી. ગુફાની બંને બાજુએ તે પોતાની સૂંઢ ફેરવતો ચાલતો હતો. સ્ટૅન્ટનને લાગ્યું કે એ તેને જ શોધતો હતો.

'આવી તો લાગ્યું જ છે, તો શા માટે એક દાવ ન અજમાવી લઉં ?' આવો વિચાર વીજળી વેગે તેના મનમાં પસાર થઇ ગયો. તેણે બંદુક લીધી અને ટૉર્ચ લાઇટ ફેંકી.

'આ તો પેલો !' તે ફફડી ઊઠયો. અને વધુ બેબાકળો બન્યો. તેનું મોઢું ફિક્કું પડી ગયું. આ જ હાથીને તેણે સવા મહિના પર બે ગોળીઓ મારેલી જે અત્યારે તેને રીબાવી રીબાવીને મરવાની અણીપર લાવેલી.


તેની આંખોનું તેજ હરાઈ ગયું. તે ત્યાં ને ત્યાં જ ચોંટી ગયો. હાથપગ શિથિલ થઇ ગયા. ચહેરા પર મોતની ફિક્કાશ આવવા લાગી.

હવે આવી તો બન્યું હતું. એટલે રહીસહી હિંમત ધારણ કરી તેણે હાથીને બરાબર કપાળ સોંસરવો એક ઘા—છેવટનો ઘા કરી લીધો. બંદુક ફેંકી દીધી અને ધ્રૂજતે પગલે શું થાય છે તે જોતો તે ઊભો રહ્યો.

હાથી લથડવા લાગ્યો: છતાં પોતાનું સઘળું બળ એકઠું કરી તેના પર ધસ્યો. તેની સૂંઢ સ્ટૅન્ટનની ગરદન આસપાસ વીંટળાઇ. તેણે તેને ઉપાડયો. સ્ટૅન્ટનનું ગળું રૂંધાવા લાગ્યું. તેનું ભાન ભૂલાવા લાગ્યું. 'આ.... આ.... વો.... ક... ક.... રુ.... ણુ.... ....' અને તેનું ડોકું સામી ભીંતમાં પટકાયું. ધડ નીચે પડયું. એ ધડને તિરસ્કારભરી નજરથી હાથી જોઈ રહ્યો. થોડી વારે તે પણ લથડયો અને એ રાક્ષસી શોધ કરનારા ત્રણે સાહસિકોના દેહને આવરતો પડયો.

પેલા સેતાનના સાદનો ભેદ તો હજી અણઉકેલ્યો જ રહ્યો છે.

(અંગ્રેજી ઉપરથી) **અશોક હર્ષ**



પુરુષાર્થની પ્રતિમૂર્તિ જેમ્સ

કોઈ અપ્રિય મનુષ્ય નજર સામેથી દૂર થાય, એનો પરાજય થાય, એ નાસિપાસ ને હતાશ થઇ કાળના ગર્ભમાં અટવાઇ જાય ત્યારે એના વિરોધીઓને જે પ્રકારનો સંતોષ થાય, છુટકારાનો જે દમ તેઓ ખેંચે, એવી લાગણી મૅકડોનલ્ડની હારથી વિલાયતની પ્રજાએ અનુભવી. જેમની રાજકીય દૃષ્ટિ વર્તમાનપત્રો અને જાહેર વ્યાખ્યાનોથી જ ઘડાય છે, એવા લોકોએ તો માની લીધું કે મૅકડોનલ્ડનું સ્થાન પાર્લમેન્ટમાંથી સદાને માટે ગયું છે. વર્તમાનપત્રોએ આ નીતિને પોષણ આપ્યું અને મૅકડોનલ્ડ જાણે જીવતો જ ન હોય એ પ્રકારે એની અવગણના કરવા માંડી.

પરંતુ મૅકડોનલ્ડને આ કાળે પ્રસિદ્ધિની જરૂર પણ નહોતી. પાર્લમેન્ટમાંથી નિવૃત્ત થતાં એ પોતાના પ્રિય વ્યવસાયમાં ગુંથાઈ ગયો. સમાજવાદના જે સિદ્ધાંતો પર વિલાયતની મજૂર ચળવળ ચણાઇ હતી તેની મીમાંસા કરતાં બહુમૂલ્ય પુસ્તકો એણે પોતાની ઓરડીમાં બેઠાંબેઠાં પ્રસિદ્ધ કર્યાં * જે વસ્તુ પોતે સમજ્યો હતો તે અન્યને પણ સમજાવી. આ પ્રકાશનોથી એક બીજો લાભ પણ થયો. મજૂર પક્ષની નીતિ, સિદ્ધાંતો, કાર્યક્રમ, કાર્યપદ્ધતિ એ બધાંને એથી મૂર્ત સ્વરૂપ મળ્યાં. આ પુસ્તકોએ વિલાયતના રાજકીય સાહિત્યમાં સારો ઉમેરો કર્યો, આમ પ્રજાને એક નવી દૃષ્ટિ તથા વિચારસરણી દેખાડી અને રાજ્યવહીવટની એક નવીન રચનાનો તેમને ખ્યાલ આપ્યો.

---

*(1) Parliament and Revolution; (2) Socialism: Critical and Constructive; (3) Socialism after War.

મૅકડોનલ્ડની આ મહેનત સહેતુક હતી, કારણકે એને વિશ્વાસ હતો કે લિબરલ અને ટોરી પક્ષની સંકુચિત નીતિથી વિલાયતની પ્રજા ટૂંક સમયમાં જ કંટાળી જશે અને મજૂર પક્ષના હાથમાં રાજ્યની લગામ આવશે. એ જવાબદારી માટે જો મજૂર પક્ષ તૈયાર નહિ હોય તો કસોટીને એ સમયે એમની પ્રતિષ્ઠા જવાની અને મજૂર ચળવળની પ્રગતિ અટકી પડવાની. ભવિષ્યમાં આવી પડનારી આ જવાબદારી માટે મજૂર પક્ષને તૈયાર કરવાનું દુષ્કર કાર્ય એણે ઉપાડી લીધું અને અથાગ શ્રમ વેઠી એમાં સફળતા મેળવી.

પુસ્તકો અને વ્યાખ્યાનો દ્વારા એ સમસ્ત મજૂર આલમમાં ફરી વળ્યો. એની જાદુઇ વાણીના બળે એની સામેના પૂર્વગ્રહો ભુંસાઇ ગયા, એના વિરોધીઓ મૂક બન્યા ને એની પહેલાંની લોકપ્રિયતા જામતી ગઇ. ત્રણ વર્ષ સુધી મૅકડોનલ્ડ આ કાર્યમાં જ દટાઇ રહ્યો.

ઇ.સ. ૧૯૨૧માં એણે એક પેટાચૂંટણી વખતે પાર્લમેન્ટ માટે ઉમેદવારી કરી. અત્યાર સુધી જે વર્તમાનપત્રો અને અન્ય પક્ષના નેતાઓ શાંત હતા તે તરત જ ફરી ગર્જી ઊઠ્યા. મૅકડોનલ્ડ પાર્લમેન્ટ માટે ઉમેદવારી કરવાની ધૃષ્ટતા કરે એ તેમને માટે અસહ્ય હતું. કૃત્રિમ અવરોધથી કોઇ નૈસર્ગિક પ્રવાહ અટકી રહ્યો હોય અને તે અવરોધ દૂર થતાં જેમ અનંતગણા

રામ્સે મૅકડોનલ્ડ

જોરથી પ્રવાહ ધસારો કરે, તેમ મૅકડોનલ્ડ ઉપર ચારે બાજુથી આક્રમણો થવા લાગ્યાં. એને હંફાવવા માટે સીધા અને અટપટા બધા ઉપાયો યોજવામાં આવ્યા. પરિણામે મૅકડોનલ્ડની હાર થઈ અને એના વિરોધીઓનો વિજય થયો. પરંતુ એ વિજય મેળવતાં એમને જે મહેનત પડી તે ઉપરથી તેમને મૅકડોનલ્ડની સત્તાની કાંઇક ઝાંખી એ વેળા થઇ ગઇ.

ઇ.સ. ૧૯૨૨માં Coalition Government ભાંગી પડી અને ફરી સામાન્ય ચૂંટણી થઇ. આ વખતે મજૂર પક્ષે ૩૬૧ ઉમેદવારો બહાર પાડ્યા. મજૂર પક્ષની આટલી મોટી સંખ્યા પહેલી જ વાર બહાર આવી, એ મૅકડોનલ્ડના સંગઠનનું પરિણામ ગણી શકાય. હજી પણ મૅકડોનલ્ડ સામેનો વિરોધ તો શમ્યો નહોતો

જ. મહાયુદ્ધ પૂરું થયે ચાર વર્ષ વીતી ગયાં હતાં છતાં દંભીલા લોકોએ મનનો મેલ મૂક્યો નહોતો. મકડોનલ્ડ જો મજૂર પક્ષનો સામાન્ય સભ્ય હોત તો તેઓ એ વાત ભૂલી શકત, પરંતુ એની શક્તિનો એમને પરચો થયો હતો, એટલે ગમે તે ભોગે એને હંફાવવાનો એમનો નિશ્ચય હતો. આ કાર્યમાં લિબરલ અને ટોરી બંને પક્ષે સંપ કર્યો અને એની સામે એક જ સહીઆરો ઉમેદવાર ઊભો કર્યો. બંને પક્ષે સમાન શત્રુ સામે સંયુક્ત બળથી આક્રમણ કર્યું.

આ વેળાની ચૂંટણી પણ કટોકટીની હતી. પરિણામ શું આવશે તે છેવટ સુધી અચોક્કસ હતું. સૌ ટાંપીને વાટ જોઇ રહ્યા હતા. જે રાત્રે પરિણામ બહાર પડ્યું તે દિવસે તો લોકોની જિજ્ઞાસા એટલી બધી તીવ્ર બની હતી કે સૌ ટોળે મળીને કલાકો સુધી રાહ જોતા બેસી રહ્યા હતા. જ્યારે જણાયું કે મૅકની જીત થઈ છે, ત્યારે એના વિરોધીઓને પારાવાર નિરાશા થઇ.

ચૂંટણી પછી એક જ અઠવાડિયામાં એણે પોતાનું અસલ સ્થાન પ્રાપ્ત કરી લીધું. પાર્લમેન્ટમાં મજૂર સભ્યોની આગેવાની લઇ એ વિરોધી પક્ષનો નેતા બન્યો. મજૂર પક્ષ પહેલી જ વાર સત્તારૂઢ સરકારનો હરીફ પક્ષ બન્યો. મૅકડોનલ્ડને લાગ્યું કે હવે મજૂર પક્ષને સત્તા હાથ કરવા ફક્ત એક જ મંજલની વાર છે.

અને એ મંજલ પણ બહુ લાંબી નહોતી. ધાર્યા કરતાં પણ એ ટૂંકી નીવડી. ઇ.સ. ૧૯૨૩ના અંતમાં સ્ટૅન્લી બાલ્ડવિનની સરકારે જકાત નાખી અને તેની સામે દેશ આખાનો વિરોધ ફાટી નીકળ્યો. એ પ્રશ્ન ઉપર તેની રચેલી સરકાર ભાંગી પડી અને ઇ.સ. ૧૯૨૪માં ફરી નવી ચૂંટણી થઈ.

૧૯૨૨થી૨૩ સુધીની બેઠકમાં મૅકડોનલ્ડે મજૂર પક્ષના નેતા તરીકે ટોરી સરકારની નીતિને અનેક રીતે ઉઘાડી પાડી હતી. ખાસ કરીને ટોરી પક્ષની પરદેશનીતિ ઉપર એણે ખૂબ કડક ટીકાઓ કરી હતી. વળી એણે અત્યારની આર્થિક મુશ્કેલીઓનું ભવિષ્ય એ વખતે જ ભાખ્યું હતું ને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જો જર્મનીને યોગ્ય રાહત નહિ (અનુસંધાન પાન ૪૬૮મે)

સ્મરણયાત્રા

૪૩] [ખચ્ચરગાડી

મુધોળમાં ઘણીવાર અમે ઘોડદોડ તરફ ફરવા જતા. એક દિવસ દરબાર તરફથી અમને ફરવા લઇ જવા માટે ખચ્ચરનો ટાંગો આવ્યો. ખચ્ચર એટલે અર્ધું ગધેડું! ખચ્ચરના ટાંગામાં બેસાય જ કેમ? મેં ચીડાઇને કહ્યું, 'આવા ટાંગામાં અમારે નથી બેસવું. પાછો લઇ જાઓ.' બાપુરાવ બાડિલકરે મને મનાવ્યો. 'અહીં ટાંગામાં ખચ્ચર જોડે છે. રાજાસાહેબ પણ કોકકોક વાર ખચ્ચરની ગાડીમાં ફરવા જાય છે.' તોપો ખેંચવા માટે ખચ્ચરો જોડેલાં મેં જોએલાં, એટલે મેં માની લીધું કે ખચ્ચર છેક અસ્પૃશ્ય નથી.

અમે ટાંગામાં બેઠા અને ઘોડદોડ તરફ ઉપડ્યા. ખચ્ચરો કેમે કરી ચાલે નહિ. ટાંગાવાળાની અને બે પટાવાળાની સખત મહેનત પછી એક કલાકે જેમતેમ અમે ઘોડદોડ પર પહોંચ્યા. હું તો સાવ કંટાળી ગયો હતો. ઘોડદોડની આસપાસ ખરસાણીની ઊંચી વાડ હતી. અંદર જવા માટે એક ગાડી માંડ જાય એવું છીંડું હતું. એ છીંડામાં જ માટીનો ઊંચો ઢગલો હોવાથી એના ઉપર થઇને ટાંગો અંદર લેવો પડ્યો. મને થયું કે આપણે અહીં ક્યાં આવ્યા? આવાં ધૃષ્ટ ખચ્ચરના ટાંગામાં ફરવાનો તે શો સ્વાદ હશે? બાપુરાવને મેં કહ્યું, 'આજે મુહૂર્ત સારૂં નથી લાગતું. રોજના ઘોડા આજે કેમ જોડ્યા નથી?' ટાંગાવાળાએ કહ્યું, 'ઘોડા સરકારી કામસર ક્યાંક ગયા છે, એટલે ખાનગી કારભારીએ મને આ ખચ્ચર લઇ જવાનું કહ્યું.'

અંદર ગયા પછી એક ખેતરવા ખચ્ચરો ગયાં હશે ત્યાં એમણે નિશ્ચય કર્યો કે ગમે તેટલો માર ખાઇએ પણ આગળ ડગલું ન ભરીએ. ખચ્ચર અહિંસાવાદી થોડાં જ હતાં? ટાંગાવાળો જેમ એમને મારે તેમ પાછળના પગ ઉછાળી ટાંગાના પાટિયાને લાતો મારે. પાટિયું કંઇક ભાંગ્યું પણ ખરૂં. કંટાળીને મેં કહ્યું, 'ચાલો ત્યારે પાછા જઇએ.' ટાંગો વળાયો. ખચ્ચરોને થઇ ગયું કે હવે ઘેર જવાશે. પછી તો એમણે એવી આંધળી દોટ મૂકી કે વાડનું છીંડું પણ એમને ન જડે. મોટર કરતાં યે વધારે વેગથી ખચ્ચરો દોડ્યાં. દસ મિનિટ થઈ, વીસ મિનિટ થઈ, પણ એ તો ગોળગોળ દોડ્યાં જ કરે. તોફાની મોજાં પર જહાજ ઝોલાં ખાય તેમ ટાંગો ઝોલાં ખાવા લાગ્યો. મને એવી તો મજા પડી કે હસીહસીને પડખાં દુખવા લાગ્યાં.

વીસેક મિનિટ પછી એ બેવકૂફોને વહેમ પડ્યો કે કંઇક બગડ્યું છે. બંને એકદમ થોભ્યાં. તડાતડ લાતો શરૂ કરી. અધૂરૂં ભાંગેલું પાટિયું તેમણે પૂરૂં ભાંગ્યું, અને પાછાં ફર્યાં. એમને થયું કે હવે બરાબર ઘેર જવાશે. બસ, ફરી દોડ શરૂ થઇ. આ ઉલટી પ્રદક્ષિણાઓ પણ વીસેક મિનિટ ચાલી. પછી તો એમનો નિયમ જ થયો. દોડે, થોભે, લાતો મારે, અને ફરી દોડે. અંધારૂં થવા આવ્યું. બંને ખચ્ચર પરસેવે રેબઝેબ થઇ ગયાં. અમે પણ હસીહસીને અધમૂઆ થયા હતા.

આખરે ટાંગાવાળાએ પેલું છીંડું પાસે આવતાં ખચ્ચરનો વેગ ઓછો કર્યો અને હળવે રહીને એમને બહાર કાઢ્યાં, પછી તો ખચ્ચરો એવાં દોડ્યાં કે સાત મિનિટની અંદર અમને ઘેર મૂકી દીધા.

મેં ટાંગાવાળાને કહ્યું, 'કાલે આ જ ખચ્ચર લાવજે. હવે ઘોડાની જરૂર નથી. કારખાનામાં ટાંગો દુરસ્ત થશે જ.' બાપુરાવે ઉમેર્યું, 'અને ચામડાની કેટલીક પટ્ટીઓ પણ ટાંગામાં રાખજે. ખચ્ચરો લગામ તોડી નાખે કે પોલ ભાંગે તો એ કામ આવે.' એ સૂચનામાં મને ચેતવણી હતી એ હું સમજી ગયો. એટલે મેં જોરથી કહ્યું, 'હા હા, એ બધું લાવજે. હવે તો રોજ ઘોડદોડ તરફ જ આપણે જવાના. અને ખચ્ચર તો આ જ.

૪૪] [જીવનપાથેય

મારા પાંચ ભાઇઓમાંથી એક જ બી.એ. સુધી પહોંચી શક્યો. બાકીના બધા વચમાં જ ક્યાંક ક્યાંક અટકી ગયા. અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યા છતાં પોતાની ઉમેદ બર ન આવી એમ જોઇ પિતાશ્રી ખૂબ નિરાશ થયા હતા. એમણે પહેલેથી જ નક્કી કરેલું કે દત્તુને તો કૉલેજમાં નથી જ મોકલવો. હું મનમાં ચીડાતોઃ વાંક બીજાનો અને સજા મને થાય છે? પણ મેં કશું કહ્યું નહિ. જ્યારે પહેલે જ વર્ષે હું મૅટ્રિક પાસ થયો ત્યારે મારી કંઇક શાખ



કાકાસાહેબના
પિતાશ્રીઃ
બાલકૃષ્ણ જીવાજી
કાલેલકર



કાકાસાહેબ
કાલેલકર
યુવાન વયે

પિતા–પુત્ર

જાગી. તે જ વરસે શાળાની આબરૂ જાળવવા અમે મૅટ્રિકના ત્રણ વિદ્યાર્થીઓ યૂનિવર્સિટી સ્કૂલ ફાઇનલ માટે પણ બેઠા હતા. એ પરીક્ષાનું પણ એ છેલ્લું વર્ષ હતું. એમાં પણ હું પાસ થયો, એટલું જ નહિ પણ મારો નંબર ઠીકઠીક ઊંચો આવ્યો. આ બે પરીક્ષાને જોરે મેં કૉલેજમાં જવાની માગણી કરી. છતાં પિતાશ્રી એકના બે ન થાય. આખરે મેં એમને કહ્યું, 'તમે જાણો છો કે મારું અંગ્રેજી અને ગણિત બંને સારાં છે. મને એંજીનીઅરિંગ લાઇનમાં જવા દો. પ્રિવિયસની પરીક્ષા પાસ થયા વગર એંજીનિયરિંગ કૉલેજમાં જવાય જ નહિ, એટલે એક જ વરસ હું આર્ટ્સ કૉલેજમાં જઇશ. મારી આ દલીલથી પિતાશ્રી પીગળ્યા અને એમણે મને કૉલેજમાં જવાની રજા આપી. બી.એ. એલએલ.બી. છોડી એલ.સી.ઇ. પસંદ કરવા પાછળ મારી જે વિચારશૃંખલા હતી તેનું સ્મરણ કરતાં પણ મને શરમ ઉપજે છે. મેં મનમાં વિચાર કરેલો કે 'આપણી પાસે કંઇ એવી મૂડી નથી કે આપણે વેપાર કરી પૈસાદાર થઇ શકીએ. અને વેપારમાં પ્રતિષ્ઠા ક્યાં છે? નોકરી કરતાં પગાર કેટલો મળવાનો હતો? લોકો પૈસાદાર થાય છે તે લાંચ લઇને જ. બી.એ. એલએલ.બી. થઇશું તો મામલતદાર કે મુનસફ થવાશે. એ લાઇનમાં લાંચ ખૂબ મળે છે, પણ તેને માટે પ્રજાને કનડવી પડે છે અને અન્યાય કરવો પડે છે. એ તો આપણને ગમે નહિ. એના કરતાં એલ.સી.ઇ. થઇશું અને પહેલા ત્રણ નંબરની અંદર આવીશું તો જોતજોતાંમાં એંજીનીઅર થઇ શકીશું. મોટાંમોટાં આલેશાન મકાનો બાંધવાં, જંગલમાંથી રસ્તા કાઢવા, પૂલો બાંધવા, એ મજા તો આખો જન્મારો મળશે. ઘોડા પર બેસી સવારથી સાંજ સુધી ફરવાનો લ્હાવો લેવાશે અને કૉન્ટ્રાક્ટર લોકો પાસેથી લાંચ લઇશું તો તેમાં સરકાર છેતરાશે. પ્રજાને કનડવાનું એમાં નહિ હોય.' અધર્મમાં પણ ધર્મબુદ્ધિ હું સાચવું છું એ ખ્યાલથી જ હું મગરૂર રહેતો. આ વિચારો અનેકવાર મનમાં આવતા, પણ કોઈની આગળ એ બોલવાની મારી હિંમત ન હતી.

જે દિવસે હું કૉલેજમાં દાખલ થવા જવાનો હતો તે જ દિવસે પિતાશ્રી સાંગલી રાજ્યના ટ્રેઝરી ઑફિસર તરીકે ત્રણેક લાખ રૂપિયા પૂને લઇ જવાના હતા. પૂનેથી રાજ્ય માટે પ્રૉમિસરી નોટો ખરીદવાની હતી. સાંગલી સ્ટેશન પર અમે ભેગા થયા. પિતાશ્રી પૂને શા માટે જાય છે તેનું કારણ મેં જાણ્યું. મેં પિતાશ્રીને કહ્યું, 'નોટોના ભાવ રોજ બદલાય છે. આપણે કંઇક મહેનત કરીશું તો જાહેર ભાવો કરતાં કંઇક સસ્તે ભાવે નોટો ખરીદી શકીશું. રાજ્યને તો જાહેર ભાવ જ બતાવીશું અને વચમાં જે નફો મળશે તે આપણે લઇશું. કોઇને ખબર નહિ પડે ને સહેજે ભારે નફો થશે.'

પિતાશ્રીએ મારી વાત શાંતિથી સાંભળી એમ મને લાગ્યું. મેં મારી વાતથી એમને કેટલો આઘાત પહોંચાડ્યો હતો એની એ ક્ષણે મને કલ્પના સરખી ન આવી. મેં માન્યું કે મારી સૂચનાની શક્યાશક્યતાનો પિતાશ્રી વિચાર કરે છે.

થોડી વાર પછી પિતાશ્રીએ ગળગળા થઇને કહ્યું,



'કાકા થયા પહેલાં'
કાકાસાહેબ કાલેલકર કૉલેજીયન હતા ત્યારે

'દત્તુ, મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે. તારી વાતનો અર્થ એ જ છે ને કે મારે મારા અન્નદાતાને છેતરવા? તારી કેળવણી પર ધૂળ છે. આપણી કુલદેવતાએ આપણને જે રોટલો આપ્યો છે તેટલાથી જ સંતોષ માનવો. લક્ષ્મી તો આજે છે ને કાલે નથી. આબરૂથી રહેવું એ જ મોટી વાત છે. મરીને ઇશ્વર આગળ ઊભો થઇશ ત્યારે શો જવાબ આપીશ? તું કૉલેજમાં જાય છે ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને? એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું?'

હું સડક જ થઇ ગયો! ગાડીમાં આખી રાત મને ઊંઘ ન આવી; અને સવારે પૂના પહોંચ્યો તે પહેલાં મન સાથે નિશ્ચય કર્યો કે હરામના ધનનો લોભ કોઇ કાળે નહિ કરૂં, પિતાશ્રીનું નામ નહિ લજવું. એ નિશ્ચય સાથે જ પિતાશ્રીને શહેરમાં છોડી હું કૉલેજ તરફ ગયો. મને કૉલેજની મારી સાચી કેળવણી સાંગલી અને પૂના વચ્ચે ટ્રેનમાં જ મળી ચૂકી.

દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર

['કુમાર'ના ૭૯મા અંકથી શરૂ થએલી આ લેખમાળાનાં હતાં તેટલાં પ્રકરણો હાલ તુરત તો અહીં પૂરાં થાય છે. અનેકવિધ રસથી ભરેલી આ યાત્રનો આટલે સુધીનો સ્વાદ ચાખ્યા પછી, અમારી ખાતરી છે કે તેનાં બાકી રહેલાં તેમ અગાઉનાં ખોવાએલાં પ્રકરણો ફરીથી લખાય એવી ઉત્કટ ઇચ્છા સૌ વાચકો અમારી સાથે કરશે જ. સૌની એ આકાંક્ષા ફળો એમ અમે ઇચ્છીએ છીએ.]

ધરતીકંપ

ધરતીકંપોથી સામાન્ય રીતે આપણે ઘણા અજ્ઞાત છીએ. આપણા ઊગતી વયના ઘણાએ તો ધરતીકંપ અનુભવ્યો જ નહિ હોય. પરંતુ સૌને સાંભળીને નવાઇ લાગશે કે આપણે ત્યાં દર માસે સાધારણ રીતે એકાદ નાનોસરખો ધરતીકંપનો આંચકો આવ્યા વિના રહેતો નથી. પણ તે આંચકા પ્રમાણમાં એટલા નાના હોય છે કે માત્ર વિજ્ઞાનશાસ્ત્રીઓ તેઓનાં સૂક્ષ્મ સાધનો વડે જ તે પારખી શકે. કેટલાક દેશોમાં ધરતીકંપો અવારનવાર થાય છે, અને તે પણ અતિ પ્રચંડ આંચકાઓ રૂપે. આપણે ત્યાં કાશ્મીર અને પંજાબમાં વધારે ધરતીકંપ થાય છે. ઇટાલીમાં તો દરરોજ એક આંચકો આવે છે, અને જાપાન કે જે ધરતીકંપની ભૂમિ તરીકે જ ઓળખાય છે ત્યાં તો દરરોજના ત્રણેક આંચકાઓ આવે છે! આ આંચકાથી ત્યાં તો ઘણીવાર પારવાર નુકસાન પણ થાય છે. પશ્ચિમ જાપાનમાં ૧૯૩૦ની ૨૬મી નવેમ્બરે થએલા ધરતીકંપના પરિણામે ત્રણ હજાર ઉપરાંત માણસ મરણ પામ્યાં અને ૫૦૦૦ જેટલાં ઘરોનો નાશ થયો, ઉપરાંત કેટલાંકને ઘણું નુકસાન થયું છે. ૧૯૨૩માં થએલા જાપાનના ભીષણ ધરતીકંપને લીધે આખું ટોકિયો શહેર લગભગ તારાજ થઇ ગયું અને ૭૩૦૦૦ માણસોનો દાટ વળી ગયો હતો! એ તો જગતભરની કરપીણ હોનારતોમાંની એક લેખાઈ છે. ૧૯૦૧ની સાલમાં પંજાબના ગઢવાલ પરગણામાં ધરતીકંપ થયો ત્યારે હજારો ગામડાં દટાઇ ગયાં હતાં અને કેટલાં યે ઇતિહાસપ્રસિદ્ધ કુટુંબો ખલાસ થઇ ગયાં હતાં. હજી હમણાં થોડા માસ ઉપર જ ન્યૂ ઝીલાંડમાં એક ધરતીકંપ થયો હતો અને તેથી નેપીઅર તથા હેસ્ટિંગ્સ નામનાં, હોકન્સના ઉપસાગર ઉપર આવેલાં બે આબાદીમાં ચડતાં શહેરો તદ્દન નાશ પામ્યાં.

ધરતીકંપના પ્રકાર

ધરતીકંપના ઘણા પ્રકાર છે. જ્વાળામુખીના પ્રદેશોમાં પ્રચંડ જ્વાળાના આંચકા કારણભૂત હોય છે, તે વખતે જમીનના તળમાંથી ગડગડાટ થાય, તે પૃથ્વીમાં મોટી ફાટ પડે. આથી જમીન સંકોચ પામે અથવા ખળભળી પડે તેથી પણ આંચકો આવે. જાપાનના ઘણાખરા ધરતીકંપો આ રીતે જ થાય છે. વળી જમીનના

ધ્રુજારા અથવા તો થડકાટથી પણ ધરતીકંપ થાય છે. તળાવમાં પથ્થર ફેંકવાથી થતાં કુંડાળાં તો સૌએ જોયાં હશે. કેટલાક ધરતીકંપો લગભગ તેના જેવા જ હોય છે. પૃથ્વીની સખત નક્કર સપાટીમાં પાણીનાં કુંડાળાં શી રીતે થઇ શકે એની નવાઈ લાગશે! પરંતુ તે જ રીતે એ થાય છે. આવા ઘણાખરા ધરતીકંપોમાં ધ્રુજારો એટલો નરમ હોય છે કે ભાગ્યે જ તે જણાય. રસ્તે જતી ગાડીના ખડખડાટથી મકાન ધ્રુજે કે ભીંતમાં તડ પડે એટલી જ તેની અસર થાય છે.

પૃથ્વીનું પેટાળ

પૃથ્વી એક પ્રચંડ ગોળો છે. જોકે તેના છેડાથી તે જરા દબાએલી છે, અને તેથી તેનો આકાર નારંગી જેવો છે. આ ફરક નહિ જેવો છે. ઉત્તર દક્ષિણ બે ધ્રુવના તેના છેડા વિષુવવૃત્તના કરતાં તેરતેર માઇલ ઓછા, એટલે દબાએલા છે. બંને ધ્રુવ વચ્ચેનું અંતર ૭૮૮૫ માઇલ છે તેમાં છેડા પરનું તેર જ માઈલનું આ દબાણ કેટલું નજીવું છે એ બરોબર સમજવા તમે પૃથ્વીનો ૧૫ ફૂટના પરીઘનો ગોળો બનાવો તો ધ્રુવ છેડે માત્ર ૫ા ૫ા ઇંચનું દબાણ આવે.

આપણી આ પૃથ્વીનો ગોળો અંદરથી નક્કર છે અને તેમાં મોટે ભાગે લોઢું છે. પેટનો અંતરભાગ અતીવ ગરમ છે;—એટલો ગરમ કે પૃથ્વી પરનું ઠરેલું પડ આડું ન હોય તો પૃથ્વી એ સફેદ ગરમ ગૅસની જ્વાળા ઉડાડતો ગોળો જ દેખાય. એવાં ભયાનક બળોને કબજે રાખી જે પૃથ્વીને પાકા લોઢાના ગોળા જેમ મક્કમ અને સૂક્ષ્મ સ્થિરતા આપી રહે છે તે મહાન અદ્‌ભુત ગુરુત્વાકર્ષણનો આપણને પૂરો ખ્યાલ આવવો પણ મુશ્કેલ છે. એ બળથી જ તારા અને ગ્રહો પોતાના ક્રમ નિભાવી રહ્યા છે. એ બળથી જ પૃથ્વી પોતાના મહાન આકાશી પંથે ગુલાંટો ખાતી ચાલી જાય છે. એ બળ બે ઘડીકવાર થંભે તો શું થાય? આકાશ પ્રચંડ નાદે ફાટી પડે; તત્ત્વ માત્ર ભયંકર તપતી જ્વાળા બની રહે; પૃથ્વી સળગતી વાયુજ્વાળા થઇ રહે અને વિશ્વ હતું નહોતું બને.


પૃથ્વીનું કાચલું

પૃથ્વીની બહારની સપાટીને તેનું કાચલું કહે છે અને તેમાં બધી જાતના ખડકો ને ધાતુમય પદાર્થો છે. આ કાચલું કેટલાક ભાગમાં સો માઇલ જેટલું જાડું છે. પૃથ્વીના કદના પ્રમાણમાં તે ઇંડાના કાચલા જેટલું જ જાડું ગણાય. આ કાચલા પર કરચોલીઓ પડી ગઇ છે તેથી કેટલાક ભાગો ધારની જેમ ઊંચા છે. આપણું નાનું મગજ તેને પહાડો કહે છે. આ કરચોલીઓ હજુ થયાં જ કરે છે ને ધરતીકંપ થવાનું કારણ એ જ ક્રિયા છે.

આ કરચોલીઓ અવારનવાર શા કારણે થાય છે તે આપણે જાણતા નથી. કેટલાક વિજ્ઞાનીઓ કહે છે કે પૃથ્વી અંદરથી ઠંડી પડતી જાય છે, તેથી તેનું પડ સંકોચ પામતું જાય છે અને પરિણામે ઉપરની છાલ નારંગીની પેઠે સંકોચાય છે. એ વાત કદાચ ખરી હશે, પણ પૃથ્વી ઠંડી પડે જ છે એ હજી નક્કી થયું નથી એટલે એ ખુલાસો સાચો ન જ ગણાય.

જાપાનના ધરતીકંપો

પૃથ્વી પરની આવી એક મોટી કરચોલીના મથાળે જાપાનનો બેટ વસ્યો છે. તેની પૂર્વ બાજુએ સમુદ્રનું તળિયું પાતાળ-ઊંડાઈ સુધી ગએલું છે ને તે ટસકારોરા સાગર તરીકે જાણીતું છે. પૃથ્વીના બધા મહાસાગરોમાં આ ઊંડાઈ સૌથી વધારે છે. તેનું તળિયું સપાટીથી ઓગણચાળીશ હજાર ફીટ ઊંડું છે. પશ્ચિમ બાજુએ એશિયા ખંડના કિનારાની જમીન અને જાપાનની વચ્ચે આવેલા જાપાની સમુદ્રની ઊંડાઇ બહારના સાગરની આ ઊંડાઇને જરા ય પહોંચે નહિ. આ બે ઊંડી ખાઇઓ વચ્ચેની ધાર ઉપર જાપાન ચોંટી રહ્યું છે. નીચેના ચિત્ર પરથી આ હકીકતનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.



પૃથ્વીના કાચલા પરની આ વિરાટ કરચલી વખતો-વખત ધ્રૂજે છે અને કાચલાની એ આખી યે ઘડી ખંડભૂમિ તરફ ધીરેધીરે વળતી જાય છે. પૂર્વ બાજુને કિનારે જમીન ઉપર આવતી જાય છે અને પશ્ચિમ બાજુએ પાણીમાં ગરક થતી જાય છે. એ હીલચાલ-ની સાથે જ ધ્રુજારા થાય છે. પૃથ્વીનું કાચલું અક્કડ હોવાથી આ હીલચાલ વખતે આંચકા થાય છે અને અવારનવાર કાચલું અંદરના (અનુસંધાન પાન ૪૬૭મે)





'શાંત પ્રતિબિંબ' એવું નામ આ પહેલું ઇનામ જીતનાર ચિત્રને એના પાડનાર ભાઇ હર્ષદ પંડ્યાએ આપ્યું છે; પણ અમે એને 'ભૂતકાળનું પ્રતિબિંબ' કહીએ. બીજું ચિત્ર 'ગામ ભણી' ભાઇ બાબુલાલ છગનલાલને બીજા નંબરનું ઇનામ અપાવે છે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ મહિને ગયા વખત કરતાં કાંઈક ઠીક ચિત્રો આવ્યાં છે. તેમાંથી પહેલું ઈનામ લેનાર ભાઇ હર્ષદ પંડ્યા (અમદાવાદ) નું ચિત્ર કુદરતની વિચિત્ર પણ રમણીય આકર્ષણભરી જગ્યા બતાવે છે. આવાં ચિત્રો જોતાં કદી જ કંટાળો આવતો નથી. ભીષ્મ આયુષ્ય ગુજારી ભૂમિસાત્ થએલું વૃક્ષનું અસ્થિપિંજર કોઈ જમાનાનો ગુપ્ત ઇતિહાસ હોય એવું લાગી જાય છે. ચિત્ર જરા ઘેરા રંગમાં હોય એવી ઇચ્છા થાય છે. બીજા ઈનામને પાત્ર થએલું ભાઇ બાપુલાલ છગનલાલ (સિદ્ધપુર)નું 'ગામ ભણી' નામનું ચિત્ર આગળના ભાગમાં વધુપડતું ઘેરૂં થયું છે, પણ વસ્તુ સ્વાભાવિક સરળતા અને ગતિ બતાવતી હોવાથી સુંદર બની છે. રંગભેદ પકડનારી ખાસ (પૅન્ક્રૉમેટિક) ફિલ્મો આવા પ્રસંગે વપરાય તો ચિત્ર અનેકગણું સુધરે. એ બંને ચિત્રો આ ઉપર બતાવ્યાં છે. ત્રીજું ઇનામ લેનાર કાનપુરના ભાઇ નવરોજી રૂસ્તમજીએ ગંગાપટ ઉપરનો સૂર્યાસ્ત લેવામાં સંપૂર્ણ રસિકતા અને કલાદૃષ્ટિ બતાવ્યાં છે. તેમણે પણ રંગગ્રાહી-પૅન્ક્રૉમેટિક-ફિલ્મ લીધી હોત તો ચિત્ર વધારે ચડિયાતું થાત. આ ચિત્ર અમે બીજા કોઈ પ્રસંગે પ્રકટ કરીશું.

સ્તુતિપાત્ર કામ તરીકે રજુ કરી શકાય તેવાઓમાં ભાઈ નાનાલાલ શાહ (મોમ્બાસા)નું ટાંગાન્યીકાની ટેકરીઓનું દૃશ્ય માત્ર વિવિધતાના અભાવે ઊણું લાગે છે. ભાઈ જમશેદ સાગરનું 'લખોટાની રમત'નું ચિત્ર પાછળનાં જાળિયાં અને અતિ પ્રકાશને લીધે પાછું પડે છે. પાત્રો એકની ઉપર એક સીધી લીટીમાં ન આવે તેની સાવચેતી જરૂરની છે. કાનપુરના ભાઇ નવરોજી રૂસ્તમજી અને મુંબાઇના ભાઇ જમનાદાસ કાપડિયા બંનેએ અનુક્રમે દીવા આગળ વાંચતો અને ઊંઘતો વિદ્યાર્થી પસંદ કર્યો છે તે ઠીક લાગે છે. પણ એવી વસ્તુઓ માટે જગ્યાઓનાં જે માપ અને જોર જોઇએ તે સચવાયાં નથી. ભાઇ વાડીલાલ શાહે ભાવનગરનું ગંગામંદિર લેવામાં છાયા-પ્રકાશનાં પ્રમાણ સંભાળવાં જોઇતાં હતાં.

આ હરીફાઇમાં ઉત્તરોત્તર ઘણા વાચકો રસ લેતા થતા અમે જોઇએ છીએ અને તેથી આનંદ થાય છે. આ ચાલુ માસિક હરીફાઇ હોવાથી આવતે વર્ષે પણ ચાલુ રહેવાની જ છે.

તમારો ગ્રાહકનંબર

દરેક પત્રવ્યવહાર વખતે અચૂક લખવા વિનતિ છે. તે વિના ઉત્તરો આપવામાં અતિશય અડચણ થાય છે. આવતા અંકથી ગ્રાહક નંબરો બદલાશે; તે ધ્યાનમાં લઈ નોંધી રાખશો.

પરદેશના ગ્રાહકોને

વિનતિ કે ટપાલખાતાએ પરદેશના બુકપોસ્ટના દરમાં વધારો કરેલો હોવાથી નવા વર્ષથી અમારે પરદેશનું લવાજમ વધારીને રૂ. ૭-૮-૦ (અથવા ૧૨ શિલિંગ) કરવું પડ્યું છે. જેમણે પોતાનાં લવાજમો આ સૂચના મળતાં પહેલાં અમને પહોંચતાં કર્યાં છે તેમને બાકીની રકમ અમને મોકલવા વિનતિ છે.

સરનામાં બદલવા ઈચ્છતા ગ્રાહકોને

નીચેની વિગતો ધ્યાનમાં લેવા વિનતિ છે: (૧)એક માસથી વધુ મુદત માટેનો ફેરફાર હોય તો જ સરનામું બદલાવવું સલાહભર્યું છે; નહિતર અંક મોડા પડવાને કારણે કે બીજી રીતે અંકો અથડામણે ચડે છે. (૨) મુદત કરતાં ઓછામાં ઓછા દસ દિવસ અગાઉ અમને તેના ખબર લખી જણાવવા.




સિંધના સાદડી ગૂંથનારાઓ

ફોટો - બલવન્ત ભટ્ટ

કરાચીમાં ભરાએલી છેલ્લી મહાસભાના આખા મંડપમાં જેમની કારીગરીની બિછાત બિછાવવામાં આવી હતી એ સિંધના સાદડી ગૂંથનારાઓમાંના બે જણનું ઉપલું ચિત્ર ફોટોગ્રાફીનો એક સરસ નમૂનો છે. પોતાના કામમાં એકાગ્ર બનેલા એ કારીગરોને તેમની સ્વાભાવિક સ્થિતિમાં અને સપ્રમાણ છાયાપ્રકાશથી ઉઠાવદાર ચિત્ર રચતા સમૂહમાં પકડનાર કૅમેરિસ્ટ કલાકારે પ્રાંતની એક ખૂણે પડેલી અણજાણ કારીગર જાતિને જાહેરમાં આણીને એકસાથે બે ઉદ્દેશ સાધ્યા છે. લોકજીવનનાં વિવિધ પાસાં, કલાકારીગરીઓ, કુદરતની વિશિષ્ટતાઓ વગેરેનો નોંધસંગ્રહ કરી આપવામાં જ્ઞાનપ્રાપ્તિના સમર્થ સહાયક તરીકે ફોટોગ્રાફીનું મહત્ત્વ ઓછું નથી. પરંતુ આ એકલો જ ગુણ ઉપલા ફોટોગ્રાફમાં નથી. કલાકાર હમેશાં ઉપયોગિતાની સાથે સૌંદર્યનો યોગ સાધે છે. અને સુંદર ચિત્ર રચવાને જે છાયાપ્રકાશના મેળ અને પ્રમાણબદ્ધ ચિત્ર-સંયોજન જોઇએ તે સાચવવાનો આમાં પ્રયત્ન થયો છે. માનવી, પ્રાણી, પક્ષી કે કોઇ નિર્જીવ વસ્તુ, એમાંના ગમે તે એક જ વર્ગના બે આકારની ચિત્રયોજના કરવી ઘણી અઘરી છે. ત્રણ, ચાર, પાંચ કે વધારેનું ચિત્રસંયોજન તમે જેટલી સરળતાથી સાધી શકો તેટલી સરળતા બે પાત્રમાં નહિ લાગે. આને માટે અમુક નિયમો છે, જેમાંનો એક એ છે કે બે પાત્રમાંથી એકને પ્રધાનપણે રાખી બીજાને તેનું પૂરક અથવા ગૌણ બનાવીને યોજના કરવી. ઉપલા ચિત્રમાં એ પ્રકારનું સંયોજન છે. એમાં જમણી તરફનો ગૂંથનારો, એની બેસવાની રીત, ચિત્રમાં એના સ્થાન તથા મુખની દિશા વડે જોનારનું પ્રથમ ધ્યાન ખેંચે છે, અને ડાબી તરફનો ગૌણ બને છે; છતાં તે મુખ્ય ગૂંથનારની સાથે સંકળાએલો રહે છે. ચિત્રરચના આડા અંગ્રેજી આઠડાના આકારની—∞ આવી છે. જમણી તરફ આવેલી સાદડીની ધોળી રેખાથી દોરાઇને આપણી આંખ આગલા કામ કરનારના હાથ પર ઠરે છે; ત્યાંથી તે તેના શરીર પર કુંડાળું લઇ બીજા ગૂંથનારના હાથ તરફ વળે છે, ને તેના શરીરના આકાર પર ફરીવળી પાછી આંખ ફરીથી પ્રથમના સ્થળે સ્થિર બને છે. વિચારપૂર્વક કરેલા સપ્રમાણ અને સુંદર સંયોજનવાળા પ્રત્યેક ચિત્રમાં આ રીતે તેજછાયા અને આકૃતિની રેખાઓની મદદથી જુદાજુદા સ્વરૂપમાં ચિત્ર-રચના યોજાય છે. આ બધી વસ્તુઓ પર ધ્યાન આપીને ચિત્ર લેનારે સારું ચિત્ર ઉપજાવવાનો પ્રયાસ કર્યો છે. જોકે તેમાં તેમને સંપૂર્ણ સફળતા તો નથી મળી. આકૃતિઓનો પાછળની સીધી લીટી આંખને ચિત્રની બહાર ખેંચી જાય છે અને ચિત્રની સ્થિરતાનો ભંગ કરે છે. તેથી જમણી તરફના કારીગરના કામ કરતા હાથ જે ચિત્રનું રહસ્યબિંદુ છે તેના પર જોનારનું મન સ્થિર થતું નથી. આ ઉપરાંત ફોટો-ટેકનિકની થોડીક ખામીઓ છે. પરંતુ એ બધું બાદ કરતાં છતાં પણ ચિત્ર ઘણું પ્રશંસનીય છે.



મદુરાના મંદિરના પુદુમંડપમ્માંના એક સ્તંભ ઉપરની
નટરાજની મૂર્તિ



ત્રિચીનાપલીનો પ્રખ્યાત રૉક ફૉર્ટ–ખડક ઉપરનો કિલ્લો

કાવેરીના કલાપ્રદેશમાં


અરવિંદાશ્રમ પૉન્ડીચેરી • ૧૨મી ઑગસ્ટ

હું અહિંથી ૧૯મીએ નીકળવા ધારૂં છું. દક્ષિણ ભારતનો પ્રવાસ શરૂ કરૂં તે પહેલાં એનાં મંદિરોની સ્થાપત્યકલા વિષે થોડું વિગતવાર વાંચવાનો પ્રયત્ન કર્યો છે. સ્થળો અને મંદિરો વિષેની બની એટલી પ્રમાણભૂત માહિતી અનુભવી મિત્રો તથા પુસ્તકોથી મેળવી છે. હાલ તુરત તો રામેશ્વરમ્, મદુરા, પાલની, ત્રિચીનાપલ્લી, શ્રીરંગમ, તાંજોર, કુંભકોણમ, ચિદમ્બરમ, ત્રિવેન્નામલ્લય અને મહાબલિપુરમ્ જોવાનો ક્રમ રાખ્યો છે. રસ્તામાં સંજોગાનુસાર એમાં ફેરફાર કરી લેવાશે.

ભારતના સ્થાપત્ય વિષે હજી હું સ્વપ્નોમાં અને વાચનમાં જ રખડું છું; ત્યાંથી વાસ્તવિક ક્ષેત્રમાં વિહરીને કંઇક માણી શકાય તો સારૂં એ હેતુથી ગોઠવેલો મારો આ પ્રવાસ તમને ગમશે એમ માનું છું, અને હું અહીંથી નીકળું તે પહેલાં વચન આપ્યા પ્રમાણે પોંડીચેરી વિષે થોડું લખું છું.

નાના હતા અને ભુગોળમાં જ્યારે પોર્ટુગીઝ સત્તાનાં દીવ, દમણ ને ગોવા ગોખતા હતા ત્યારે અંગ્રેજ દૃષ્ટિએ ફ્રેંચ સત્તાનાં પોંડીચેરી, ચંદ્રનગર અને માહી ગોખી કાઢતા. ત્યાર પછી ઐતિહાસિક દૃષ્ટિએ ફ્રેંચોના પાટનગર પોંન્ડીચેરી વિષે થોડું વધારે જાણ્યું. દુપ્લે અને ક્લાઇવ ભૂલ્યા ભૂલાય એમ નથી. તે પછી એનું વધારે સતત સ્મરણ અને એને જોવાની જિજ્ઞાસા તો શ્રી અરવિંદના સંબંધ પછી જ વધ્યાં. સ્થાપત્યકલાની દૃષ્ટિએ અહીં ઝાઝું જોવા જેવું નથી. સિવાય કે દુપ્લેના પૂતળાની ચોતરફ ગોઠવેલા સ્તંભો અને જેના ઉપર પૂતળું ઊભું રાખવામાં આવ્યું છે તે બેઠક. સ્તંભોમાં તો સામાન્ય કોતરકામ છે, પરંતુ બેઠકમાં જોવા જેવું ખરૂં. છ જણા હાથની સાંકળ કરીને ઊભા રહીએ ત્યારે વચમાં સમાય એટલો એનો ઘેરાવો છે. એવા વિશાળ પથ્થરમાંથી ભાત કોરી કાઢી છે અને એની ઉપર સત્તા તથા મહત્ત્વાકાંક્ષાની મૂર્તિ સમો દુપ્લે એક હાથ, પાસે પડેલી રૂપિયાની થેલીઓ ઉપર અને બીજો તલવાર ઉપર રાખીને સાગરનાં નીલાંભૂરાં પાણી નીરખતો વિજેતાની છટાથી તે ઊભો છે.

પરંતુ પોંડીચેરીની ખાસ વિશેષતા તો એનો સાગરકિનારો કહેવાય. દરિયાનાં પાણી બહુ જ પાસે હોવાથી અને પાણીમાં બે ફર્લાંગ સુધી લાંબો પૂલ હોવાથી એની રમણીયતા વધી છે. પૂલને છેક છેડે જઇને બેસીએ તો જાણે એક નાનકડા બેટ પર બેઠા હોઇએ એવું લાગે છે. પરંતુ બેટમાં તો ચોમેર પાણી હોય છે. અહીં તો આપણે બેઠા હોઇએ ત્યારે આપણી નીચે પાણીનાં મોજાં જે તોફાન કરે છે એની ગર્જના-



પોંડીચેરીનું દશ્ય

ઓ સાંભળવાની.

કિનારે અને પૂલ ઉપર સાંજે ઘણા લોકો આસાએશ મેળવવા આવે છે. ફ્રેંચો અંગ્રેજો જેટલા અતડા ને તોછડા ન હોવાથી હિંદીઓ માટેની અહીં સૂગ નહિ જેવી જ જણાય છે. એ આખી પ્રજામાં વિચારચાતુર્ય અને ચિંતનસૌષ્ઠવ તથા તેની સાહિત્યરચનાઓમાં એક પ્રકારની સહજદક્ષતા ને જીવનછંદમાં એક સુષ્ઠુ અને સુંદર રીતિ અંગ્રેજ પ્રજા કરતાં વધારે વિકસિત અને ઉત્ક્રાંત છે એમ નથી લાગતું? અલબત્ત અંગ્રેજોમાં દૃઢ અને સમર્થ પ્રાણશક્તિ વધારે છે એ કબૂલ.

પોંડીચેરીમાં બે વિભાગ બહુ સ્પષ્ટ દેખાય છે; અને એ બંને વિભાગોને એક નહેર જુદા પાડે છે. દરિયા તરફના વિભાગમાં સરકારી ઑફિસોનાં મકાનો, ગવર્નર જનરલનો મહેલ, શહેર સુધરાઈ અને ધારાસભા, કૉલેજ અને લાયબ્રેરીનાં મકાનો તથા શ્રીમંત ફ્રેંચો અને હિંદીઓનાં મકાનો છે. બીજી તરફ બજાર અને ગરીબ ખ્રિસ્તીઓ તથા હિંદુઓનાં ઘરો છે. પૂર્વ તરફનો ભાગ શાંત ને સ્વચ્છ હોય એ સ્વાભાવિક છે. અહીં રાજભાષા ફ્રેંચ અને સર્વસાધારણની ભાષા તામીલ છે.

પોંડીચેરી ઉપર કુદરતની કૃપા હોવાથી એનો આખો દેખાવ સુંદર અને રમણીય બની રહે છે. શ્રી અરવિંદનું તે નિવાસસ્થાન હોવાથી એની અગત્ય ને શોભા અનેકગણાં વધી ગયાં છે. હવે તો અહીં નિયમિત રીતે આશ્રમનું કાર્ય શરૂ થઇ ગયું છે. આશ્રમે પોતાનાં ચાર મકાનો પણ ખરીદ્યાં છે. દરિયાની છેક પાસે હોવાથી સ્થળ ખૂબ શાંત અને ભવ્ય લાગે છે. આશ્રમની વિગતો તો આપણે રૂબરૂ મળીશું ત્યારે કહીશ. અહીં ટૂંકાણમાં પતાવવા જતાં કોઇ વસ્તુને અન્યાય થઇ જવાનો ભય રહે છે. શ્રી અરવિંદના જીવનકાર્ય અને પ્રતિભા વિષે અંબુભાઇએ એક ટૂંકો પણ મર્મસ્પર્શી લેખ 'કૌમુદી'માં * લખ્યો છે. કોઇપણ જાતના પૂર્વગ્રહ વિના વાંચનારને એમાંથી જરૂર સાચી વાત મળશે. બીજો પત્ર હવે રામેશ્વરથી લખીશ.

રામેશ્વર · ૨૨મી ઑગસ્ટ

પોંડીચેરીથી નીકળતાં ટિકિટ તો રામેશ્વરની લીધેલી, પરંતુ કેટલાક મિત્રો પાસેથી ધનુષ્કોડિની કુદરતનાં વર્ણનો સાંભળીને વધારાના પૈસા આપીને પહેલાં ધનુષ્કોડિ જ ગયો.

ધનુષ્કોડિ સાઉથ ઇંડિયન રેલવે (S. I. Ry.) નું છેલ્લું સ્ટેશન છે. સીલોન જનારા ઉતારૂઓને અહીં સ્ટીમર મળે છે. સાંભળ્યાં હતાં તેટલાં ત્યાંનાં નૈસર્ગિક દશ્યો સુંદર ન લાગ્યાં. પણ ત્યાં જતાં રસ્તામાં જે દશ્યો જોયાં એણે સાટું વાળી આપ્યું.

સવારે દસ વાગ્યે પોંડીચેરીથી બેઠેલો તે આખો દિવસ અને આખી રાત ગાડીમાં બેસીને અકળાઇ ગયો હતો. ગાડીમાંની ભીડ અને ઉતારૂઓની તામીલ વાતોના ઝપાટાએ બીલકુલ બેચેન બનાવી દીધો હતો. મધરાતે મદૂરા વટાવ્યા પછી પાછલી રાતે કંઇક ભીડ ઓછી થઇ ને શાંતિ લાગી. બેઠાંબેઠાં નિદ્રાવસ્થા અનુભવતો હતો ત્યાં પરોઢીએ રામનદ આવ્યું. રામનદ એ રાજાનું ગામ હોવાથી દૂરથી ઠીક લાગતું હતું. સ્ટેશન ઉપર મોઢું ધોઇને સવારના નાસ્તા–ઇડલી (અડદની દાળનાં ઇદડાં જેવાં ચકતાં) ને ચટણી–પર હાથ મારીને બારીમાંથી ઊગતા સૂર્યને જોતો બેઠો હતો ત્યાં તો મંડપમ્ આવ્યું. સીલોન જનાર ઉતારૂઓને અહીં ડૉક્ટરી પરીક્ષા આપવી પડે છે અને તેમાંથી પાસ થએલા ઉતારૂઓને જ સીલોનની સ્ટીમરમાં જગ્યા મળે છે. આથી ગાડી અહીં વધારે રોકાય છે. આ સિવાય મંડપમ્ હવાખાવાનું પણ સ્થળ છે. સામે જ દરિયાનાં પાણી લ્હેરાય છે અને આખા વર્ષમાં ટેમ્પરેચર ૮૫ ડિગ્રીથી ઉપર જતું નથી એટલે ઘણા યુરોપીઅનો તથા હિંદી અમલદારો પોતાની રજા અહીં નિરાંતે ગાળે છે.


મંડપમથી ગાડી ચાલી એટલે દરિયો પાસે ને પાસે આવતો ગયો, તે એટલે સુધી કે છેવટે બંને તરફ પાણી આવી રહ્યું અને વચ્ચે એક નાનકડા જમીનના ચીરા ઉપર આગગાડી ઝપાટાબંધ દોડે. અંદર બેસ-

* ૧૯૮૫ના ત્રીજા અંકના 'મનન'માં તે પ્રસિદ્ધ થઇ ગયો છે.

નારને એમ જ લાગે કે થોડીવારમાં આ જમીનનો ટુકડો પૂરો થશે અને ગાડી સાગરમાં સમાઇ જશે. અને સાચે જ, થોડી વારમાં જ એ ટુકડો પૂરો થયો અને પરસ્પર મળવા માટે ઊછળી રહેલાં બંગાળાના ઉપ-સાગર તથા અરબી સમુદ્રનાં પાણી ભેટી પડયાં. જમીન પૂરી થઈ ત્યાંથી ઠેઠ પબનમ સુધી લાંબો અને મજબૂત લોખંડનો પુલ બાંધેલો છે. અજબ કુદરત, ખીલતું પ્રભાત અને પ્રફુલ્લ વાતાવરણના સામંજસ્યથી બનતા મનોરમ દશ્યે આંખ ઠરી અને નિસર્ગ માણ્યા-ના મધુર રોમાંચ થયા.

ધનુષ્કોડિ બે કલાક રોકાઇને વળતા સીલોન મેઇલમાં રામેશ્વર આવ્યો. નાનો હતો ત્યારે ધર્મઘેલાં માબાપે હિંદુઓનાં ચાર મહાતીર્થ કહેલાં તે યાદ આવ્યું. દ્વારકા, જગન્નાથપુરી, રામેશ્વર અને બદ્રિકેદાર એ ચાર તીર્થધામોમાંથી અતિ દૂર પડેલું રામેશ્વર જોવા મળશે અને રામાયણમાં સાંભળેલાં તથા વાંચેલાં વર્ણનો પ્રત્યક્ષ થશે એ કુતૂહલથી રામેશ્વર કોણ જાણે કેમ પણ પરિચિત અને વહાલું લાગતું હતું. નાનું અમથું સ્ટેશન અને સ્ટેશને સૂકલકડી વાછરડાં જેવા નાના બળદોથી જોડેલા આઠદસ ટાંગા જોઇને જરા નવાઇ લાગી. આખરે એક ગુજરાતી ધર્મશાળાનો આશરો લઇને તે જ સાંજે રામેશ્વરનું પ્રખ્યાત મંદિર અને રામઝરૂખા જોઇ નાખ્યાં.

ધાર્યા કરતાં મંદિર ખૂબ વિશાળ નીકળ્યું. ૧૧૦ ને ૮૮ નકસીદાર સ્તંભોની હારોવાળા ફરતા ચારે રસ્તા ફરી વળીએ તો બરાબર એક માઇલ થાય એટલો મોટો એનો વિસ્તાર છે. ગુજરાતનાં નાનાં મંદિરો જોવા ટેવાએલી દૃષ્ટિને આ વસ્તુ અચરજ પમાડે જ. મધ્યમાં મૂર્તિનું ગર્ભદ્વાર છે. ગર્ભદ્વાર આગળ જે નંદી ઊભો છે એ જોઇને સાચે જ પહેલાં તો હસી પડાયું અને પછી વિચારો આવ્યા. લગભગ ૨૫ ફીટ ઊંચાઇ વાળા અને એના પ્રમાણમાં લાંબા પહોળા આ નંદીને જોઇને સાચે જ સાનંદાશ્ચર્ય થયું. આખા પથ્થરમાંથી કોરી કાઢેલા આ નંદીની પાછળ કલાકારની જહેમતનો વિચાર આવતાં હસવું અલોપ થઇ ગયું. થોડીવાર ઊભા રહીને એને બરાબર જોયા કર્યો. એટલામાં એક ભાઇએ આવીને કહ્યું કે તાંજોરનો નંદી આના કરતાં પણ મોટો છે અને આખા ભારતમાં અજોડ છે.




ચાર ખૂણે ચાર નાનાં અને વચ્ચે મોટા ગોપુરમ્‌વાળા બેટવાળું મદુરાનું આ 'માયર મલીયરમ્'તળાવ એક માઇલના ઘેરાવાનું છે.

સ્થાપત્યનાં દર્શન અહીં મંદિરના સ્તંભો, નંદી અથવા તો ગર્ભદ્વાર કરતાં એના ગોપુરમ્‌માં જ થાય છે. દક્ષિણ ભારતનાં ગોપુરમો એ હિંદી સ્થાપત્ય કલાની વિશિષ્ઠતા છે. અહીંનું સાત માળનું ઊંચું ગોપુરમ્ ને દરેક માળે ચોમેર જુદીજુદી જાતનું ને જુદાજુદા ભાવ વાળું મૂર્તિવિધાન, જોનારને ઘડીભર વિચાર કરતો કરી દે છે. રામાયણની કથા પ્રમાણે, રાવણ સાથે યુદ્ધ કરવા જતાં રામચંદ્રે આ રામેશ્વરની સ્થાપના કરી એથી હિંદુઓને મન એની પવિત્રતા અને મહત્તા વધારે હોય એ સ્વાભાવિક છે. પરંતુ આજના વાસ્ત-વિકતા વાદના જમાનામાં એ બધી ભૂતકાળની કલ્પના માત્ર ગણાતી વાતોને બાજુએ મૂકીએ છતાં અહીં જે સ્થાપત્ય જીવે છે એને ખાતર પણ એક વખત રામેશ્વર આવવું યોગ્ય લાગે છે.

મંદિરની સામે સોએક કદમ જ દૂર દરિયો છે. ત્રિવેણી-સંગમની જેમ અહીં અરબી સમુદ્ર, બંગાળ-ળનો ઉપસાગર અને હિંદી મહાસાગરનો સંગમ થાય છે, અને એ રીતે આ સંગમતીર્થમાં નહાવાનું યાત્રિકો સર્વતીર્થ જેટલું પુણ્ય માને છે. રામેશ્વરને કિનારેથી દૂરદૂર ક્ષિતિજમાં દેખાતા ધનુષ્કોડિના Pierનું દશ્ય મશહૂર બંગાળી ચિત્રકાર દેવીપ્રસાદ રાયચૌધરીના 'વિસ્મૃત દેવો'ના છાયાચિત્ર જેવું ગંભીર લાગે છે.

મંદિર જોઇને રામઝરૂખા જોવા જવાનું હતું. ચાર આના ઠરાવીને એક જુવાનને ભોમિયા તરીકે સાથે લીધો હતો. પૂર્વ તરફ એકાદ માઇલને અંતરે એક ટેકરી ઉપર બેઠા ઘાટના મંદિરમાં રામચંદ્રની પાદુકાઓ પડી છે શ્રદ્ધાળુઓ એ પાવડીઓનાં દર્શન કરવા અને



મદુરાના મંદિરના દરવાજો

મારા જેવા નવા જમાનાવાળા 'સુધારકો' (રમણભાઇના ભદ્રંભદ્રની ભાષામાં) એ ટેકરી ઉપરથી રામેશ્વરનો બેટ જોવા આવે છે. ઉપર ચડીને ચારે તરફ જોતો હતો ત્યાં આપણા ગુજરાતમાં પેલા ફરતા બેરાગીઓ મલુકદાસનો જે દૂહો લલકારે છે તે યાદ આવ્યો:

> રામઝરૂખે બૈઠ કે સબકા મુજરા લેત,
> જૈસી જીનકી ચાકરી વૈસા ઉનકો દેત.

લંકા જીતવા જતાં પહેલાં વાનરસેના ભેગી કરીને રામચંદ્રજી રોજ સંધ્યાકાળે અહીં બેસતા હશે અને દરેકને પોતપોતાની સેવાના પ્રમાણમાં કંઇક આપતા હશે એ મતલબને સમાવતો આ દૂહો મારા ભોમીઆએ પણ જગ્યાની મહત્તા બતાવતાં મને સંભળાવ્યો. અહીંના તામીલો કામચલાઉ હિંદી જાણે છે એટલે મુસાફરનું કામ જરા સરળ બની જાય છે.

ગામનો બજાર બહુ નાચીઝ છે ને ખાવાપીવાની પણ જોઇએ તેવી સગવડ નથી. આજની રાત અહીં ધર્મશાળામાં જેમતેમ ગાળીને સવારની વહેલી ગાડીએ મદુરા જવા નીકળીશ. બીજો પત્ર મદુરાથી જ હવે લખી શકાશે.

મારવાડી ધર્મશાળા મદુરા • ૨૪મી ઑગસ્ટ

ઘણા દિવસથી જેનાં ચિત્રો જોએલાં, વર્ણનો વાંચેલાં અને વાતો સાંભળેલી એ મીનાક્ષીનું અપૂર્વ મંદિર આખરે નજરોનજર જોયું. રામેશ્વરના મંદિર કરતાં તો કેટલા યે ગણું સમૃદ્ધ અને કલાભર્યું. એના નવનવ માળનાં પાંચ ભવ્ય ગોપુરમો, પાંચપાંચ માળનાં સાત નાના સુંદર ગોપુરમો, હજાર થાંભલાવાળો વસંતમંડપ, અદ્ભુત રાજસભા ને સુંદર મહાદેવ તથા એ સૌ કરતાં યે ભવ્ય મીનાક્ષીનું ગર્ભદ્વાર અને મૂર્તિ એ બધું આંખો વડે જોયું ત્યારે એની અપૂર્વતા અને ભવ્યતાનું ભાન થયું. ચિત્રો કે વર્ણનો વડે એનો સાચો ખ્યાલ આવી શકતો જ નથી એ સત્ય અહીં ચરિતાર્થ થયું. સ્થૂલ વિષયોમાં આપણે બે પ્રકારના માર્ગો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે. પ્રત્યક્ષ એટલે આપણી સમીપ પડયું હોય, જેને આપણે દૃષ્ટિ વડે નિરખી શકીએ તે જ્ઞાન; અને પરોક્ષ એટલે આપણી દૃષ્ટિની બહાર હોય તેવું જ્ઞાન. જ્યારે કોઇ પણ સત્ય વસ્તુ આપણી સમીપ હોતી નથી ત્યારે આપણે કલ્પના, અનુમાન અને શ્રવણ વગેરેથી તેનો ખ્યાલ ઉત્પન્ન કરીએ છીએ. કોઇની પાસેથી વર્ણનો સાંભળીને, પુસ્તકો વાંચીને કે ચિત્રો જોઇને આપણે એ વસ્તુઓનું બને એટલું જ્ઞાન મેળવીએ છીએ. પણ એ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન નથી. કારણ હજી એ એક સત્ય વસ્તુ બની નથી; પણ એ સત્ય વસ્તુ વિષેનો આપણો વિચાર માત્ર બંધાયો છે. પરંતુ જ્યારે એક વાર આપણી દૃષ્ટિથી આપણે એ જોઇએ છીએ ત્યારે એ વસ્તુ આપણી થઇ રહે છે. આનું નામ સાક્ષાત્કાર. કારણકે પછી તો હમેશને માટે આપણા અસ્તિત્વનો એ એક ભાગ થઈ રહે છે. કલ્પના અને અનુમાન વચ્ચેનું આ અંતર સમજી લેવાય તો જીવનસંગ્રામમાં સરળતા થાય અને મજા પણ પડે; કારણકે કલ્પના કરતાં અનુભવની કિંમત વધારે અને સંગીન આપવી પડે છે, અને કલ્પનાપ્રધાન માણસ કરતાં અનુભવપ્રધાન જીવનસંગ્રામમાં વધારે ફાવે છે એ સત્ય જાણીતું છે.

પણ આ તો જરા આડી વાત થઇ ગઈ. હવે મૂળ વિષય પર આવું. મીનાક્ષી મંદિરનું સ્થાપત્ય ભારતમાં અજોડ મનાય છે. અંગ્રેજ કલાકોવિદ મિ. હાવેલ મદુરાને દક્ષિણ ભારતનું ઍથેન્સ કહે છે. ૫૦ ફીટ ઊંચા

અને બાર ફીટ પહોળા અખંડ પથ્થરોમાંથી કોરી કાઢેલા એ સ્તંભો અને મૂર્તિઓ જોતાં ઘડીભર દંગ થઇ જવાય છે. સુંદર મહાદેવના બે દ્વારપાળોની મૂર્તિ ૧૨ ફીટ ઊંચી અને એના પ્રમાણમાં પહોળી તથા જાડી જ્યારે જોઇ, એ બંનેનાં મુખ પર નમ્રતા, સહૃદયતા, સમર્પણ અને સેવાતત્પરતાના ભાવો નિરખ્યા, ને સૌથી સુંદર તો કલાકારે એમને જે શરીરભંગ આપ્યો છે તે જોયો ત્યારે તો વાહવાહ નીકળી ગઇ. આટલી મોટી અને ભવ્ય મૂર્તિમાં ક્યાંય સપ્રમાણતાનો અભાવ દેખાતો નથી. આવડા મોટા આખા પથ્થરમાંથી કોરી કાઢેલું 'નરદેહનું એ ભવ્ય મહાકાવ્ય' એના કલાકારની પ્રતિભા દર્શાવે છે. આ ઉપરાંત એ જ મંડપમાં મહાકાલિ અને ભદ્રકાલિની પ્રચંડ મૂર્તિઓનાં ભયાનક સ્વરૂપો, સતીના લગ્નવિવાહનો પ્રસંગ આલેખતું મૂર્તિવિધાન અને દક્ષ-યજ્ઞ-ભંગનું દૃશ્ય મૂર્તિમંત કરતી કલાકારની ભાવકલા અપૂર્વ છે. ભદ્રકાલિની મૂર્તિની જે કરુણ દશા આપણા અંધશ્રદ્ધાળુ હિંદુઓએ અહીં કરી છે એ અસહ્ય છે. છોકરાંને તાવ આવે ત્યારે ભદ્રકાલિને સવા શેર માખણ અથવા ઘી માનવું એટલે તાવ જતો રહે એવી માન્યતા આ પ્રદેશમાં પ્રચલિત છે; પછી એ તાવ ડૉકટરની દવાથી કે કુદરતી રીતે જ ઊતરી જાય તોપણ એ છોકરાના વાલીઓ આવીને પોતાની માન્યતાના ફલસ્વરૂપ સવાશેર ઘી અથવા માખણના લોંદા આ મૂર્તિ ઉપર દૂરથી ફેંકે! કારણકે મૂર્તિની ચોમેર ફરતી લોખંડની વાડ છે. આમ ભદ્રકાલિની મૂર્તિનું આખું સ્વરૂપ એટલું ગંદુ અને બદસૂરત બનાવી નાખ્યું છે કે જોનારને બેચેની થાય.

સુંદર મહાદેવ જતાં રસ્તામાં એક ગણપતિની મૂર્તિ જોઇ. એ સાત ફીટ ઊંચી છે અને એના પ્રમાણમાં જાડી-પહોળી. આ મૂર્તિ પણ એક જ આખા પથ્થરમાંથી કોરી કાઢી છે. મીનાક્ષીના ગર્ભદ્વાર તરફ જતાં રસ્તામાં એક નાનકડું તળાવ છે અને એના કિનારાની ભીંતો ઉપર રામાયણ તથા મહાભારતના જુદા જુદા પ્રસગો આલેખતાં ચિત્રો ચીતર્યાં છે. એ ચિત્રોનાં ભાવવિધાન તેમજ સપ્રમાણતા બરોબર જળવાયાં નથી, પરંતુ રંગયોજના ઠીક છે.

હજાર સ્તંભોવાળા વસંતમંડપમાં આઠેક સુંદર મૂર્તિઓ જોવા મળી. એક હજાર એ સ્તંભો ઘડનાર ને



મદુરાનું એક ગોપુરમ્

ઘડાવનાર એ બંનેની ધીરજ તથા મહેનત અનુકરણીય છે. આ ઝડપી જમાનામાં એની કિંમત અને અગત્ય કદાચ ન સમજાય, પણ એ વખતના કલાકારો અને કલાપોષકોનું માનસ એ સુંદર રીતે વ્યક્ત કરે છે. વસંત મંડપમાં જે મૂર્તિઓ જોઇ એમાંથી વિજયી આત્મવિશ્વાસ અને તેજસ્વી જીવનબળવાળો કાર્તિકેય, મહાદેવની સેવાને ખાતર સામર્થ્ય ખર્ચવા તત્પર ઊભેલો વીરભદ્ર, ગંગાધરના પ્રેમની પ્રતિમૂર્તિ સરખાં સૌમ્ય સતી, અને લાવણ્ય તથા પ્રસાદભરી ત્રિભંગી ગતિ મને બહુ ગમ્યાં. આ ઉપરાંત જુદીજુદી રચનાવાળી, જુદાજુદા ભાવભરી અને જુદાજુદા ભંગો વડે પોતાની બાહ્ય પ્રકૃતિ વ્યક્ત કરતી નટરાજની ત્રણમૂર્તિઓ પણઅહીંજોવામળી.

મીનાક્ષી મંદિર ઉપરાંત સત્તરમી સદીમાં થઈ ગએલા શાહજહાંના સમકાલીન દક્ષિણના છેલ્લા હિંદુ રાજા તિરૂવન્નામલયે બાંધેલો રાજમહેલ જોયો. આજે એમાં હાઇકોર્ટ અને બીજી કોર્ટો બેસે છે. એનું સ્થાપત્ય, એની રચના અને કલાનું સૌંદર્ય કંઇક તાજમહેલને મળતાં છે. એના ઘુમ્મટો અને ઘુમ્મટોમાં કરેલું કોતરકામ સ્થાપત્યના ચિરંજીવ નમૂના છે. ઘુમ્મટમાં એક હાથી, ઉપરથી બે પગે નીચો વળીને નીચેના એવી જ રીતે ઉપરના હાથી સાથે મળવા તત્પર થએલા હાથીની સૂંઢ સાથે પોતાની સૂંઢ મિલાવે છે, એ વિધાન

સ્થાપત્યની સૂક્ષ્મતા, દૃષ્ટિ અને કલાકારની તાકાતનું દર્શન કરાવે છે. ઘડીભર એમ થાય કે એક ટાંકણું જો જરા જોરથી વાગ્યું હોત તો આખું સૌંદર્ય નષ્ટ થઇ ગયું હોત. એના ભવ્ય અને વિશાળ થાંભલાઓ આખા મહેલનું સૌંદર્ય વધારે છે. આ મહેલના ઘુમ્મટોની અગાસી ઉપરથી આખું મદુરા દેખાય છે.

મહેલ જોયા પછી શહેરથી ત્રણેક માઇલ દૂર આવેલું 'માયર મલોયરમ્' નામનું સુંદર તળાવ જોયું. એના ચોખ્ખૂંટ ઘેરાવો બરાબર એક માઇલ થાય. દરેક બાજુ બરાબર એક ફર્લાંગની.દરેક તરફ એક એક વિશાળ ઘાટ અને ઘાટની ઉપર દ્વારપાળ જેવા બબ્બે સિંહ કે નંદીઓ ઊભા રહેલા. તળાવની બરાબર મધ્યમાં એક નાનોશો બેટ કરીને તે પર નાનું ગોપુરમ્ બાંધ્યું છે. મધ્યમાં મોટું અને ચાર ખૂણે ચાર નાનાં નાનાં ગોપુરમો. વચમાંનું ગોપુરમ્ એક દૃષ્ટિએ અનેરું છે. સામાન્ય રીતે ગોપુરમ્માં દેવોની મૂર્તિઓ અથવા પુરાણોના પ્રસંગો આખા ને આખા કોરી કાઢેલા હોય છે. પરંતુ આ ગોપુરમ્માં માત્ર કુદરતી દૃશ્યો જ કોતર્યાં છે. સુંદરવેલો, ફૂલો, વનફળ અને એવું બધું. એટલે ગોપુરમ્માં મૂર્તિઓ જોવા ટેવાએલી આંખોને અહીં નવું જોવાનું મળે છે. ઘાટથી એક આનામાં હોડી વચમાંના એ બેટ પર લઇ જાય છે.

સંધ્યાએ પાછા ફરીને મીનાક્ષીની આરતિ જોઇ. મીનાક્ષી એ પાર્વતીનું બીજું નામ છે. દક્ષિણમાં પાર્વતી મીનાક્ષી કહેવાય છે. ભારતભરમાં મીનાક્ષીની મૂર્તિ આટલા ભાવ ને સમૃદ્ધ પૂજાથી પૂજાતી નથી.

મંદિર લગભગ અઢી માઇલના વિસ્તારમાં પથરાએલું છે. મંદિરમાં પાંચ હાથીઓ રહે છે, તે છુટા ફરે છે પણ કોઇને ઇજા કરતા નથી. મંદિર એટલું બધું મોટું છે કે અંદર લગભગ ૫૦૦ દુકાનો બેસે છે. સ્થાપત્યની સમૃદ્ધિ અને ઐતિહાસિક અગત્ય તરીકે મંદિરની જેટલી કાળજી રખાવી જોઇએ એટલી કાળજી સરકાર નથી રાખતી; અને પ્રજાને તો કયાં પડી જ છે!

મીનાક્ષીનું મંદિર ધરાઇને જોવા ખાતર હજી કાલનો દિવસ રોકાવાનો છું. સાથેસાથે મદુરા કૉલેજ, ટાઉન હૉલ અને કાપડબજાર પણ જોઇ લેવાશે. પરમ દિવસે સવારે છ વાગ્યે નીકળીને નવ વાગે ડીંડીગલ પહોંચીશ.

ડાકબંગલો ડીંડીગલ • ૨૬મી ઑગસ્ટ

ડીંડીગલનું ખાસ આકર્ષણ તો ૨૮૦ ફીટ ઊંચા એક નાનાશા પહાડ ઉપર આવેલા ટીપુ સુલ્તાનના કિલ્લાની ટોચેથી રમણીય સૂર્યાસ્તનાં દર્શન કરવાનું હતું. ઇ.સ. ૧૭૮૩માં અંગ્રેજોએ આ કિલ્લો ટીપુ પાસેથી લઈ લીધો અને ૧૭૯૨માં તો ત્યાં પોતાની ચોક્કસ સત્તા જમાવી દીધી. ડીંડીગલ તમાકુ અને કેળાંની પેદાશ માટે દક્ષિણમાં જાણીતું સ્થળ છે.

કિલ્લો જોવા જવાનું ચાર વાગ્યે રાખ્યું હતું, એટલે બપોરે જમીને ડાક બંગલામાં થોડું ઊંઘી લીધું. ઝટકાવાળાને (ગાડીવાળાને) ચાર વાગ્યે બોલાવ્યો હતો. બરાબર વખતસર નીકળીને ૪–૪૦ કલાકે તો હું પહાડ ઉપર પહોંચી ગયો. એક કલાક ફરીને કિલ્લો અને પહાડની ચારે બાજુ જોઇ લીધાં. આખો યે પહાડ નર્યો લાલ પથ્થરનો છે. ચડવાનાં પગથિયાં પણ એ પથ્થરોમાંથી કોરીકોરીને બનાવવામાં આવ્યાં છે, એટલે વધારે શોભે છે. આખો પહાડ પથ્થરનો હોવાથી ત્યાં વનસ્પતિ ઊગવા પામી નથી, એટલે પવનને પહાડ ઉપરથી કચરો કાઢવાનું સુગમ થઈ પડે છે. આ રીતે પહાડ બહુ જ સ્વચ્છ રહે છે. વરસાદનું પાણી વહી જાય એના કરતાં સંઘરાય એ હેતુથી ચારપાંચ જુદે જુદે સ્થળે નાની તલાવડીઓની રચના કરવામાં આવી છે. અહીં એક નવીનતા એ જોઇ કે ગામમાંથી ઘણી સ્ત્રીઓ પાંચ વાગે એટલે એકએક ઘડો લઇને આ તલાવડીઓમાંથી પાણી ભરવા આવે છે. પહાડ ચડવો ને પાણીનો ઘડો લઇને પાછો ઊતરવો એમાં કસરત મળે એ હેતુથી કે તલાવડીના પાણીમાં કંઇ વિશેષતા હોવાને કારણે આ રિવાજ હશે તે મારાથી સમજાયું નહિ. પરંતુ આ રીત એટલી બધી નૈસર્ગિક બની ગઇ કે જોનારને પણ એમાં અજુગતું નથી લાગતું.

સૂર્યાસ્તને હવે બહુ વાર નહોતી. ઉદાર માણસના હૃદય જેવાં સ્વચ્છ અને વિશાળ મેદાનો ચારે તરફ દૂર દૂર સુધી પથરાએલાં પડ્યાં હતાં એટલે દૃશ્ય મોહક લાગતું હતું. પશ્ચિમમાં આથમતા સૂર્યનું તેજ ઓછું થતું હતું અને વિવિધ રંગોના ઝબકારા, જુઠ્ઠા માનવીનાં વચનોની જેમ પળેપળે અલોપ થતા હતા. હું તો એકીટશે કુદરતની આ રંગરમત જોયા કરતો હતો. પહાડ ઉપરથી લગભગ બધાં જ માણસો નીચે

ઊતરી ગયાં હતાં એટલે વાતાવરણ શાંત અને ગંભીર બન્યું હતું. હું જોઉં ન જોઉં ત્યાં તો દૃષ્ટિને ભૂલથાપ આપીને પ્રૌઢાના આથમતા યૌવન જેવો કરુણ સૂર્યાસ્ત થયો. અને સટોડીઆની વહી જતી શ્રીમંતાઈ જેવો દિવસનો પ્રકાશ અનંતતામાં સરી પડયો. વિશ્વાસ-ઘાતીના અંતર જેવી કાળાશથી વાતાવરણ ભરાતું ચાલ્યું. હું નીચે ઊતર્યો એટલામાં તો આછા દેખાતા તારાઓએ પોતાનો પ્રકાશ સ્પષ્ટ કરીને રજની રાણીને આવકાર દીધો.

કુદરત અને માનવ વચ્ચે કેટલો ગાઢ સંબંધ છે! પળેપળે નવાનવા સ્વાંગ ધરતી કુદરતને જોઇને અને માણીને માનવીને કેવાં સંવેદનો થાય છે! વાતા-વરણની અસર માણસ ઉપર થતી હશે કે માણસ પોતે વાતા-વરણ રચતો હશે એવા વિલક્ષણ પ્રશ્નો મારી જાતને પૂછતો અને મનમાં ને મનમાં એના જવાબો આપતો મારે ઉતારે પહોંચ્યો.

અહીંથી હું કાલે સવારે ત્રિચિનાપલ્લી જવા જ નીક-ળવાનો હતો, પરંતુ ડીંડીગલથી પડનુર સુધીની રેલવે હવે શરૂ થઇ ગઇ છે એટલે આ રસ્તે કોઇમ્બતુર થઇને ઉતાકામંડ જલદી પહોંચી શકાય છે. દક્ષિ-ણમાંથી ઉત્તરમાં જનારને ઉતાકામંડ જવું હોય તો આ માર્ગે સમય ને પૈસા બંનેનો બ-ચાવ થાય. એટલે ત્રિચીને બદલે હું આજે મધરાતે ઉતાકામંડ જવા નીકળીશ. રસ્તામાં પાલ-ની અને કોઇમ્બતુરત ઊતરવાનો છું. બીજો પત્ર કોઈમ્બતુર અથવા ઉતાકામંડથી જ લખીશ.

ફર્નલરોડ ઉતાકામંડ - ૩૦મી ઑગસ્ટ

ડીંડીગલથી લખેલો મારો પત્ર મળ્યો હશે. મધરાતે ડીંડીગલ છોડીને પરોઢીએ પાલની જોયું. એની ટેકરી ઊઘડતા પ્રભાતમાં બહુ રમણીય લાગતી હતી. ટેકરી ઉપર સુબ્રહ્મણ્યમ્ એટલે કાર્તિકેયનું સુંદર મંદિર છે. બ્રહ્માની મૂર્તિ જેમ એકલા પુષ્કરમાં જ છે તેમ કાર્તિકેયની મૂર્તિપૂજા પણ પાલની વિના હિંદુસ્તાનમાં બીજે કયાંય નથી. મંદિરનું સ્થાપત્ય ભવ્ય ન કહેવાય પણ ગુજરાતમાં તો આવું પણ ન જડે. અને ટેકરી ઉપર હોવાથી કુદરતી રીતે જ એ સુંદર લાગે છે.

પાલનીથી પોલાચી ને પડનુર થઇને સીધો કોઈ-મ્બતુર આવ્યો હતો. પડનુર એ મૅંગ્લોર, કાલીકટ, કોચીન ને ટીચુર જવા માટેનું મોટું જંકશન છે. નીલગિરિ તરફ જતી ગાડી પકડવા મારે પણ અહીં ઊતરવું પડયું.

કોઇમ્બતુર મેં ધારેલું એના કરતાં વધારે રળિયામણું અને નીરોગી આબોહવાવાળું લાગ્યું. લગભગ પચાસેક હજારની વ-સ્તી છે, છતાં ક્ષેત્રફળ એટલું વિશાળ છે કે આપણા વડોદરા જેટલું લાગે છે. કેટલીક મુખ્ય સડકો ડામર કરેલી હોવાથી સ્વચ્છ અને સુંદર જણાય છે. નીલગિરિની ગોદમાં લપાએલું હોવાથી ત્યાંથી નિકાસ થતા બધા જ માલનું એ અગત્યનું વેચાણ સ્થળ છે. ચાર મીલો છે. પરંતુ અહીંની ખાસ જોવા જેવી વસ્તુઓ તે તો જંગલ અને ખેતીવાડીની કૉલેજો. ફૉરેસ્ટ કૉલેજ દેહરાદૂનની કૉલેજ જે-ટલી જ પ્રમાણભૂત ગણાય છે. લગભગ ત્રણ માઇલના વિસ્તાર-માં એનાં મકાનો પથરાએલાં છે. એનું મુઝીઅમ સુંદર ને સમૃદ્ધ છે. ખેતીવાડીની કૉલેજ પણ ખૂબ મોટી છે. એના મકાનની બાંધણી જરા કુતૂહલ જગાવે એવી છે. પૂર્વ અને પશ્ચિમ તરફથી જોઇએ તો H જેવી લાગે અને ઉત્તરદક્ષિણ તરફથી જોઇએ તો M જેવી

ઝાંખી

•ઉપજાતિ-વંશસ્થ•

કરે ધરીને નવ લક્ષ દીવા
આ આભ ઊભું તુજ દ્વાર આવી;
ને સાત સિંધુ તુજ પાય ધોવા
ઊભા રહ્યા નીર અગાધ લાવી.

નાચંત સૌ નિર્ઝર દ્વાર તારે,
ને વીંઝણા સૌ વન ઢોળતા તને;
ફૂલો ભરે વાટ બધી સુવાસે,
ને કીર્તિગીતો તુજ પંખીગાને.

હું આવીઓ ત્યાં મુજ શૂન્ય હાથે,
ના નીર કે દીપક એક સાથે;
જોતો રહું મૂઢ હું ભવ્ય આરતી
નિસર્ગદેવી તુજ જે ઉતારતી.

નાચું ? જહીં નિર્ઝર નાચનાર;
ગાઉં ? જહીં રેલતી ગાનધારા:
અચેત ઊભો તુજ દ્વાર તાકી,
છે એક વાંછા કરૂં આજ ઝાંખી.

પ્રહ્લાદ પારેખ

લાગે. આ ઉપરાંત આપણા સરકારી છાપખાના કરતાં યે મોટું 'ઇલેક્ટ્રિક પ્રેસ' નામનું અહીં છાપખાનું છે, એની વ્યવસ્થા બધી છેલ્લામાં છેલ્લી ઢબ પ્રમાણે કરી છે. મુંબાઇનાં ટાઇમ્સ અને બ્રિટિશ ઇન્ડિયા પ્રેસને ટક્કર મારે એવી સુંદર વ્યવસ્થા મેં અહીં જોઇ.

પરંતુ કોઇમ્બતુર રોકાવાનો મારો હેતુ તો આથી વધારે મોટો હતો. ત્યાંથી ત્રણ માઇલ દૂર પેરૂરનાં પ્રખ્યાત મંદિરો છે. આ મંદિરોની નટરાજની મૂર્તિઓ ચિદમ્બરમ્‌થી બીજે નંબરે આવે છે. દ્રાવિડિયન સ્થાપત્ય ને શિલ્પનાં અહીં ભવ્ય ભાવદર્શન થયાં. દક્ષિણમાં શિવનાં મંદિરોમાં, પાછળ અને બનતાં સુધી ત્રણે બાજુએ ભક્તોની નાનીમોટી મૂર્તિઓ રાખવામાં આવે છે. અહીં બે ભક્તોની બહુ સુંદર મૂર્તિઓ જોઇ. એમના ચહેરા ઉપર સહૃદયતા, નમ્રતા અને સમર્પણના જે ભાવો કલાકારે મૂક્યા છે અને એ ભાવોને અનુરૂપ જે અંગમરોડ આપ્યો છે એ અનુપમ છે. આ ઉપરાંત કાર્તિકેયની પણ એક સુંદર મૂર્તિ જોઇ. બાકીની મૂર્તિઓ ચોક્કસ કહી શકાતી નથી. ભોમીઓ તો ગમે તેવાં નામો ફટકારે છે.

કોઇમ્બતુરમાં એક રાત્રે બહુ જ આકસ્મિક પણ મનગમતો પ્રસંગ બન્યો. મને ખબર નહિ કે તે દિવસે કૃષ્ણજયંતી છે. રાત્રે નવ વાગ્યે સૂવાની તૈયારી કરતો હતો ત્યાં ઉતારાના માલિકના એક જુવાન ને મળતાવડા છોકરાએ કહ્યું, 'નીચે એક સંગીતકાર આવ્યો છે; તમને સાંભળવાની મજા પડશે.' આમ તો તામીલ સંગીત પોંડીચેરી અને મદ્રાસમાં સાંભળેલું, પણ એના પૂર બહારમાં તો તે જ રાત્રે સાંભળ્યું. એક ડોસો અને એના ત્રણ દીકરા હતા. સૌથી મોટો છોકરો બંસી બજાવે, વચેટ મૃદંગ, નાનો હારમોનિયમ અને ડોસો ગાય. આમાં સૌથી સુંદર તો મને બંસરી લાગી. સામાન્ય રીતે હારમોનિયમ, સિતાર, દિલરૂબા કે બીજાં ઉપર રાગનું વાતાવરણ જમાવીને ઝડપ કરી શકાય; પણ બંસરીમાં એવી કલા નહોતી જોઇ. રાગના મુખ્ય સૂરોની સંગીન જમાવટ પછી આલાપના જે પલટા ચાલે તેમાં મૃદંગ અને હારમોનિયમ વાળા મ્હાત થાય પણ બંસીવાળો અજીત રહે! સાચે જ આવું બંસીગાન મેં જીવનમાં પહેલીવાર જ સાંભળ્યું અને માણ્યું. આપણા અને તામીલ રાગો વચ્ચે જે તફાવત અસ્પષ્ટ દેખાતો હતો તે સ્પષ્ટ થયો. દક્ષિણમાં તાલનો મહિમા અપૂર્વ એટલે મૃદંગ તો સુંદર વાગે જ.

બીજે દિવસે સવારે કોઇમ્બાટુરથી રેલવેને બદલે મોટરમાં જ ઉતાકામંડ આવવાનું પસંદ કર્યું. જે એક નવો અનુભવ મળ્યો તે ખરો. હવે વળતાં રેલવેમાં આવીશ. કોઇમ્બિટુરથી ઉતાકામંડ છપ્પન માઇલ થાય. છપ્પન માઇલ મોટરમાં અને તે ય પર્વતમાળાની આંટીઘૂંટીમાં થઇને! એટલે મજા તો ખૂબ પડી. ઉતાકામંડ સાગરની સપાટીથી ૭૫૦૦ફીટ ઊંચે છે. રેલવે ગાડીને પણ બેત્રણ એન્જિન લાગે ત્યારે બીચારી ચડી શકે છે. કોઇમ્બટુરથી મેટ્ટાપલાયમ જે S.I.Ry.નું ટરમીનસ છે અને જ્યાંથી નીલગિરિ રેલવે શરૂ થાય છે ત્યાં સુધી તો મોટર સીધે રસ્તે આવી. પછી જ્યાંથી પહાડ શરૂ થયા ત્યાંથી તો બસ કમાલ! ઘડીકમાં કોઇ ગુફામાંથી કે કોઇ ઝરણાની પાસેથી, કોઇ ધોધની સામેથી કે કોઇ ઊંડી ખીણને કિનારેથી મોટરે ઝડપભેર રસ્તો કાપવા માંડ્યો. માનવની મહત્ત્વાકાંક્ષાની જેમ પહાડો સાથે ભૂલભૂલામણી રમતી મોટર ઊંચે ને ઊંચે ચડ્યે જ જાય. એમાં યે જ્યાં કટરી, વેલિંગ્ટન, અને કૂનૂર ડુંગરો આવ્યા ત્યાં તો કુદરતે પોત પ્રકાશ્યું. આવી અપૂર્વ કુદરત નજરોનજર જીવનમાં જોવા મળી એ ધન્ય ઘડી જ કહેવાયને! એક ટેકરી પરથી બીજી ટેકરી પર જવા સારૂ લાકડાના ઝૂલતા પૂલો બાંધવામાં આવ્યા છે. ભોગજોગે જો તે તૂટે કે મોટર જરા કિનારો ચૂકે તો ૫૦૦૦ ફીટ નીચે કોણ જાણે ખીણમાં ક્યાં જવાય એનો પત્તો જ નહિ. આખરે ચાર કલાકની આવી મોજ પછી ઉતાકામંડ આવ્યું.

ઉતાકામંડ 'Queen of Hill-Stations' કહેવાય છે. એનું ટૂંકું નામ ઉટી. માતબર અંગ્રેજો અને ઉડાઉ રાજાઓ એને 'The Sports man's Paradise' કહે છે. ઑગસ્ટની ૧૫મીથી સપ્ટેમ્બર ની ૧૫મી સુધી અહીંની હવા બહુ મજાની ગણાય છે. આખું વર્ષ ઠંડીનો ટેમ્પરેચર ૬૦ ડિગ્રી રહે છે; આ વર્ષ જરા વધ્યો છે. પૂરતાં ગરમ કપડાં વિના આવો તો તો ટાઢ જોઇએ તે કરતાં વધારે વાય છે. સાંજે છ વાગ્યા પછી બહાર નીકળવું સલામત નહિ, કારણ કે ક્યારેક બરફ પણ પડે છે. આજે પણ બે કલાક સુધી સખત વરસાદ થયો. સીમલા કરતાં અહીં સસ્તાપણું

વધારે. અને મોટું સુખ તો એ કે અહીં મોટર, ગાડી કે રીક્ષા ગમે તેમાં ફરી શકાય. જ્યારે સીમલામાં તો વાઇસરૉય સિવાય શ્રીમંતો અને ઑફિસરોથી પણ મોટરમાં ફરાય જ નહિ. એમને ભાગે તો રીક્ષા અથવા પોતાના બે પગની ગાડી જ આવે.

ગવર્નરના મહેલ પાસેનો બૉટૅનિકલ ગાર્ડન (વનસ્પતિ ઉદ્યાન) ત્રણ માઇલ લાંબો, દોઢ માઇલ પહોળો તથા એક માઇલ ઊંચોનીચો છે. ટેકરીને એવી રીતે કોરી નાખી છે કે આપણને અચરજ થયા વિના ન રહે. આ ગાર્ડન દેશના મોટામાં મોટા ગાર્ડનોમાંનો એક છે. લગભગ આખી દુનિયાનાં ફૂલઝાડ અહીં સંઘરાયાં છે. ફૂલની અને છોડની એટલી બધી જાતો ને એટલા વિવિધ રંગો કે જોઇને ભૂલી જઇએ. કેટલાક ફૂલોના મોહક અને અદ્ભુત રંગો તો કવિને કલ્પના સ્ફુરાવે એટલા સુંદર. બાગની રચના કલાભરી અને પ્રમાણબદ્ધ છે. સ્વચ્છ તો એટલો બધો કે આપણે અંદર જોડા પહેરીને જતાં પણ અચકાઇએ. અંદર નાના કૃત્રિમ પૂલો અને ઝરણાંઓની સુંદર વ્યવસ્થા છે. અહીં મેં સાંભળ્યું કે આ બાગ તો કંઇક કૃત્રિમ છે, પણ અહીંથી ૧૫૦૦ ફીટ નીચે કૂનૂર નામની સુંદર ટેકરી પર સિમ્સ પાર્ક છે તે તો આના કરતાં પણ વધુ કુદરતી છે. અહીંથી નીકળતાં ચારેક કલાક કૂનૂર રોકાઇને એ બાગ અને હડકાયાં કુતરાં કરડેલાં માણસોની સારવાર માટેની પ્રખ્યાત હૉસ્પિટલ જોઇ લઇશ. કૂનૂર પછી વેલિંગ્ટન હિલ પણ સુંદર છે. ત્યાં એક ગોરી રેજિમેંટ રહે છે. એક રેજીમેંટ એટલે લગભગ ૩૦૦૦ માણસો. વાયરલેસની સગવડ પણ ત્યાં રાખી છે. વખત છે ને બચાવ માટે તાત્કાલિક મદદ જોઇએ તો ?

અહીં નિઝામ, ગાયકવાડ ને મ્હૈસુરના રાજમહાલયોમાં મ્હૈસુરનો સૌથી સુંદર છે. આખી એક ટેકરી ઉપર સ્વતંત્રરીતે તે બંધાયો છે. એના બાગની રચના પણ પોતાની રીતે અનોખી છે. ઉજ્જડ જેવો નિઝામનો મહેલ એના રાજઅમલના પ્રતિબિંબ જેવો લાગે છે.

અને નૈસર્ગિક સૌંદર્યનું એક સુંદર દશ્ય તે અહીંનું સરોવર. માણસના વિચારો, કામનાઓ, સ્વપ્નો અને સંકલ્પોની મધ્યમાં લપાએલી સદ્ભાવના જેવું આ શાંત સરોવર ચારે તરફની ટેકરીઓની વચમાં પોતાનું નિર્મળ અને મીઠું વાતાવરણ પ્રસારે છે.

આવતી કાલે અહીંથી નીકળીશ. નીલગિરિ મેઇલમાં ઇરોદ થઈ વચમાંથીજ સોંસરો નીકળીને ત્રિચીનાપલ્લી પહોંચીશ.

રાજાચદ્રમ તાંજોર • ૨૭ સપ્ટેમ્બર

ત્રિચીનાપલ્લી રહીને આજે અહીં આવ્યો છું. ત્રિચીમાં શ્રીરંગમના દેવળો જોવાનાં હોવાથી પત્ર લખવાનો વખત ન મળ્યો.

ત્રિચીનાપલ્લી સાઉથ ઇંડિયન રેલવેનું હેડક્વાર્ટર હોવાથી વસ્તી લગભગ એક લાખ ને વીસ હજારની છે. મુંબાઈ ઇલાકામાં જે સ્થાન અમદાવાદનું છે તે સ્થાન અહીં મદ્રાસ ઇલાકામાં મદૂરાનું; અને અને ત્યાં જે સ્થાન પૂનાનું તે અહીં ત્રિચીનું છે. પહેલી સરખામણી વેપાર અને બીજી કેળવણીની દૃષ્ટિએ કરી છે. ત્રિચીમાં ત્રણ આર્ટ્સ અને સાયન્સની કૉલેજો તથા પાંચ હાઇસ્કૂલો છે. અહીંની સેંટ જોસેફ કૉલેજ પૂનાની ફર્ગ્યુસન કૉલેજ જેવી મનાય છે. ત્રિચીનાપલ્લીની ત્રણે બાજુએથી રેલવે પસાર થતી હોવાથી એને છ સ્ટેશનો છે. ત્રિચી ફોર્ટમાં એક ૨૬૦ ફીટ ઊંચો નર્યો પથ્થરનો ખડક છે. એ ખડક ઉપર ગણપતિનું મંદિર છે. ટોચ ઉપરથી આખું ત્રિચી દેખાય છે. ગણપતિમંદિરની નીચે બીજું એક શિવમંદિર પણ છે. એ મંદિરની ખુબી એ છે કે એ પથ્થરો ઉપર જ બંધાયું છે. અહીં પણ પગથિયાં કોરીને જ કરેલાં છે. અહીં સ્થાપત્ય કે મૂર્તિઓ કશું જ જોવાનું ન હોવાથી હું નિરાશ થઇને નીચે ઊતરતો હતો ત્યાં પેલા શિવમંદિર આગળ એ મંદિરના ટ્રસ્ટીઓની ઑફિસ જે મંદિરના એક સુંદર મંડપમાં બેસે છે તેને બારણે એક ભાંગેલી ત્રિભંગી સુંદરી ઊભેલી જોઈ. સામાન્ય રીતે જોનાર આ ઑફિસ છે એમ ધારીને જતા જ નથી. મારા ભોમિયાને પૂછતાં એણે વધારામાં કહ્યું કે અંદર આઠદસ ભાંગેલી મૂર્તિઓ પડી છે. મેં બારણે પેલી એક મૂર્તિ જોઈ એ ઉપરથી લલચાઇને અંદર ગયો. અંદર દસ ખંડિત મૂર્તિઓ સંઘરી છે. દસે મૂર્તિઓ ખંડિત હોવા છતાં અતિ ભવ્ય છે. કોઇના હાથ નથી, કોઇના પગ નથી, કોઇની આંખો નથી, કોઇને માથું નથી, છતાં આવી ખંડિત અવસ્થામાં પણ એઓ પોતના ભાવો વ્યક્ત કરે છે એ એમની ભવ્યતા અને કલાકારની સાર્થકતા છે. આમાંથી એક નટરાજની અને એક

પાર્વતીની મૂર્તિના હાથપગ અરધા છે છતાં એ બંને મૂર્તિઓ પોતપોતાના ભાવો સમર્થ રીતે બતાવે છે. હું દસે મૂર્તિઓને જરા વિગતથી અને સ્થિરતાથી જોતો હતો. આ સ્થિતિથી પેલા ટ્રસ્ટી ઑફિસના અમલદારને આશ્ચર્ય થયું. મારા ભોમિયાને હું ચક્રમ લાગ્યો. પણ મને તો ખૂબ આનંદ આવ્યો. એક ત્રિભંગી સુંદરીને હાથ નથી અને અરધા પગ પણ નથી છતાં જેટલી છે તેટલી અપૂર્વ છે. આખી હોત તો કેવી સુંદર દેખાત એની કલ્પના થઇ શકે છે.

ત્રિચીનાપલ્લીથી ત્રણ માઇલ દૂર શ્રીરંગમ અને ઝણુકેશ્વરનાં પ્રસિદ્ધ દેવળો છે. પશ્ચિમમાં શ્રીરંગમ અને પૂર્વમાં ઝણુકેશ્વરમ્. શ્રીરંગમ એ વૈષ્ણવોનું ધામ છે. વૈષ્ણવનાં મંદિરોમાં શૈવ મંદિરો જેટલી સ્થાપત્યની કલાસમૃદ્ધિ નથી. શ્રીરંગમની મૂર્તિ શેષશાયી ભગવાન વિષ્ણુની છે. પરંતુ અહીં મેં સુંદર મૂર્તિ ગરુડની જોઇ. ઘણે ઠેકાણે ગરુડને પક્ષી અથવા તો પાંખવાળો માણસ બનાવવામાં આવે છે. પરંતુ અહીં ગરૂડને તેજસ્વી ચહેરાવાળો યુવાન કલ્પીને એને એવી રીતે ભંગ આપ્યો છે કે એ ઊડતો દેખાય. પશ્ચિમની શિલ્પકલામાં પણ ઊડતા દેવો બતાવવા માટે તેમને પાંખો આપી છે. પરંતુ પાંખો વિના માત્ર અંગોના સન્નિવેશથી ઉડ્ડયનની ગતિ બતાવવાનો પ્રયત્ન એ ભારતીય શિલ્પકારોની વિશેષતા છે એમ કલાવિવેચક મિ. હાવેલનું કહેવું છે.

શ્રીરંગમનું મંદિર ખૂબ વિસ્તારમાં છે. મંદિરમાં નાનાનાના તળાવની યોજના અહીં સામાન્ય છે. પથ્થરની મૂર્તિઓ અહીં લગભગ નથી જ. બધી કાંસાની. એવી મૂર્તિઓ અહીં પહેલી જોવા મળી. શ્રીરંગજીના બે દ્વારપાળો લગભગ પંદરપંદર ફીટ ઊંચા અને એના પ્રમાણમાં પહોળા–જાડા, બહુ જ કલાત્મક ત્રિભંગ લઇને ઊભા છે. આટલું બધું કાંસું, એમાંથી પ્રકટાવેલી આ મૂર્તિઓ અને વળી એ વાટે વ્યક્ત કરેલા ભાવો એ બધું જોતાં એના રચનારની મહેનતનો ખ્યાલ આવે છે. અહીં બીજી જે કાંસાની મૂર્તિઓ જોઈ એમાં રામ, લક્ષ્મણ, સીતા, નટરાજ, ગરુડ, લક્ષ્મી અને હનુમાનની મુખ્ય છે. એમાં પણ સીતા, લક્ષ્મી અને લક્ષ્મણની મૂર્તિઓ સુંદર અને ભાવવાહી છે. લક્ષ્મીનો અંગમરોડ તો મને બહુ જ ગમ્યો.

પૂર્વમાં આવેલું ઝણુકેશ્વરનું મંદિર પણ જૂનું અને ભવ્ય છે. આ મંદિરની અવસ્થા બીજા મંદિરો કરતાં વધારે જીર્ણ લાગી. એક તૂટેલા મંડપમાં લોટ દળવાની ઘંટી ફરે છે અને આખા વાતાવરણને બગાડી મૂકે છે. મંદિરમાં બહુ મૂર્તિઓ નથી. માત્ર એનું ગોપુરમ્ કલાત્મક છે. અને કંઇક કલા એના મુખ્ય ગર્ભદ્વાર આગળના મંડપમાં દેખાય છે. ત્રિચીનાપલ્લી અને શ્રીરંગમ વચ્ચે સુંદર કાવેરી વહે છે. પેલા ખડક ઉપરના મંદિર પરથી કાવેરીનો દેખાવ અનુપમ લાગે છે.

ત્રિચીનાપલ્લીમાં ગોલ્ડન રૉક અને ફકીર રૉક નામની બે ઐતિહાસિક જગ્યાઓ છે. દક્ષિણમાં જ્યારે ફ્રેંચો અને અંગ્રેજો વચ્ચે યુદ્ધો થયા કરતાં ત્યારે એક વખત લડતાંલડતાં એ વખતના બંને સત્તાના પ્રતિનિધિઓ ડુપ્લે અને ક્લાઇવ વચ્ચે જે સંધિ થઈ તે ફકીર રૉક આગળ થએલી. એટલે એનું ઐતિહાસિક અગત્ય જાળવી રાખવા માટે ગોલ્ડન રૉક નામનું સ્ટેશન બાંધવામાં આવ્યું છે. ફકીર રૉક ત્યાંથી એક ફર્લાંગ દૂર છે.

તાંજોરમાં બે વસ્તુઓએ ખાસ ધ્યાન ખેંચ્યું. એક તો બૃહદેશ્વરનું મંદિર અને મહેલ. મંદિર દ્રવિડ સ્થાપત્ય કલાનો સુંદર નમૂનો છે. લગભગ બારમી સદીનું એ કહેવાય છે. આ મંદિરમાં જે નંદી છે એ આખા ભારતમાં મોટામાં મોટો છે. એનું વજન લગભગ ૨૫ ટન અંકાય છે. એક જ અખંડ કાળા પથ્થરમાંથી એ ઘડી કાઢવામાં આવ્યો છે. અહીંના દ્વારપાળો મદુરાના દ્વારપાળો કરતાં મોટા છે, પરંતુ એટલા સ્પષ્ટ ભાવોવાળા નથી. અહીંનું ગોપુરમ્ પણ અખંડ પથ્થરમાંથી કોરી કાઢેલું હોવાથી દક્ષિણનાં મંદિરોમાં એનું સ્થાન અનેરૂં છે. આવા ભવ્ય મંદિરના કાંગરા હવે ખરવા માંડ્યા છે. મંદિરના ગર્ભદ્વારમાં એટલું બધું અંધારૂં કે ન પૂછો વાત. ઘુમ્મટોમાં ચામાચીડિયાંના ભયાનક અને કરુણ અવાજો તથા અસહ્ય ગંદકી શોક ઉપજાવે એવાં છે. આખા મંદિરની પથ્થરની ફરસબંધી પણ હવે ધીરેધીરે ઉખડવા માંડી છે. મંદિર તાંજોર ડીસ્ટ્રિક્ટના કલેક્ટરને હવાલે છે. એનું સંરક્ષણ નથી સરકાર કરતી કે નથી પ્રજાનું એ તરફ ધ્યાન જતું. આવી રહીસહી આપણી કલાસમૃદ્ધિ પણ આપણી બેદરકારી અને અજ્ઞાનને લઇને નાશ પામે એ કલંક નથી ?

અહીંનો રાજમહાલય એ છેલ્લા નાયક રાજા યાવેનમલ્લયની કરુણ સ્મૃતિ છે. લગભગ પંદરમી સદી-

માં એ બંધાએલો છે. એના સભામંડપમાં જે મોટા માનવકદનાં તૈલચિત્રો છે તે ચારસો વરસનાં હોવા છતાં એના રંગો જરા યે ઝાંખા પડ્યા નથી. ઉપર ઘુમ્મટોમાં પણ ચિત્રો અને મૂર્તિઓ કોરી કાઢ્યાં છે. મહેલમાં સંગીતમહાલ, નાયક દરબાર હૉલ, મરાઠા દરબાર હૉલ, સરસ્વતી મંડપ અને નૃત્યમંડપ પણ સુંદર છે. નાયક દરબાર હૉલમાં છેલ્લા રાજા સારા ભોજીની સુંદર પ્રતિમા ઊભી છે. સરસ્વતી મંડપમાં જૂનાં તાડપત્રો, પોથીઓ, હસ્તલિખિત પુસ્તકો અને છસો વર્ષ પહેલાંના ગ્રંથો છે. છસો વર્ષ પહેલાં પણ અહીં નાગરી લિપિનો પ્રચાર હતો એ મેં નજરે જોયું, અને મારૂં જે મંતવ્ય મેં 'હિંદી સાહિત્યના ઇતિહાસ'માં સ્થિર કર્યું છે એમાં બળ મળ્યું. અહીં સાંભળ્યું કે પ્રખ્યાત તવારીખનવેશ સર જદુનાથ સરકારને તાંજોર અને ત્રિચીનાપલ્લીનાં આ તાડપત્રો, હસ્તલિખિત પોથીઓ, દસ્તાવેજો અને બક્ષિશપત્રો વગેરે સામગ્રીએ શિવાજીના ઇતિહાસમાં પ્રમાણભૂત માહિતી પૂરી પાડેલી.

નૃત્યમંડપ પણ સુંદર છે. તાંજોર એની લલિત કલાઓ માટે દક્ષિણમાં પ્રસિદ્ધ છે. તેમાં તાંજોરી નૃત્ય તો ભારતભરમાં વિખ્યાત છે. ભારતના ઘણા રજવાડાઓમાં તાંજોરી નર્તકીઓ મોટા પગારે રખાઇ છે. અહીં વર્ષમાં એક વખત જ્યારે બૃહદેશ્વરનો રથ નીકળે છે ત્યારે મંદિરમાં નૃત્ય થાય છે. કોઇક લક્ષાધિપતિ ચેટ્ટીને ત્યાં લગ્ન હોય ત્યારે પણ એક રાતના ૧૦૦૦ ૧૫૦૦ રૂપિયા ઠરાવીને નર્તકી બોલાવવામાં આવે છે. આજે એવો એક આકસ્મિક પ્રસંગ મળ્યો છે. રાત્રે એક ઓળખીતા સજ્જન સાથે જોવા જવાનું ઠરાવ્યું છે.

પ્રાચીન ચોલા રાજાઓના વખતમાં તાંજોરની સમૃદ્ધિ દક્ષિણમાં અજોડ મનાતી. લલિત કલાઓના ધામ તરીકે એની વિખ્યાતી ચોતરફ હતી. આજે પણ એના સંગીતકારો અને નર્તકીઓ જૂની સમૃદ્ધિના તેજસ્વી અવશેષ જેવાં આપણી આર્યકલામાં અગત્યનો ભાગ ભજવે છે. તાંજોરનાં સંગીતવાદ્યો, કોરનું કસબકામ, ઝવેરાત ને કલાત્મક હાર દક્ષિણમાં આજે પણ વખણાય છે. લલિત કલાઓ ઉપરાંત ધર્મ અને સાહિત્યનું પણ કેન્દ્ર હતું. ચોલા રાજાઓ પછી વિજયનગરના નાયક રાજાઓ આવ્યા અને સ્થિર થયા. એમના વખતમાં જ તાંજોરમાં અંગ્રેજોએ ઘર કર્યું. ઇ.સ. ૧૬૭૩માં શિવાજીના ભાઇ વેંકાજીએ તાંજોર સર કર્યું અને મરાઠા રાજ્ય સ્થાપ્યું. છેવટનો મરાઠા રાજા સારાભોજી થયો.

રાત અહીં ગાળીને કાલે સવારે કુંભકોનમ જઇશ. ત્યાંથી ચિદમ્બરમ્ થઇને કંજીવરમ. વડોદરા પહોંચતાં ધાર્યા કરતાં વધારે મોડું થશે એમ લાગે છે.

(આવતા અંકમાં પૂરૂં) **કિસનસિંહ ચાવડા**

ધરતીકંપ

(અનુસંધાન પૃ ૪૫૫થી)

પ્રચંડ દબાણથી તૂટે છે, તથા જમીનમાં મોટી ચીરાડો ને ફાટો પડે છે અને કોઇ વાર ગંજાવર ખડકોના ખડકો એકબીજા પર ઉથલાઈ આવે છે.

કોરિયાની સામુદ્રધુનીમાં આવેલા 'મીશિયા' બેટ પર ધરતીકંપ થયો ત્યારે તેના આંચકાથી રસ્તામાં ખીણો પડી ગઇ અને પર્વત ઉપરથી શિખરો તથા ભેખડો ધસી પડયાં અને લાકડાનાં મકાનો વજનદાર છાપરાં હોવા છતાં ગંજીપાના બંગલાની જેમ જમીન પર લાંબાં થઇને સૂઈ ગયાં. સુભાગ્યે જાપાનની પ્રજા આવા પ્રસંગોથી માહિતગાર બનેલી હોવાથી આવી આફતને પહોંચી વળવા પૂરતી ચતુર છે. ત્યાં રોજના સાધારણ આંચકાની તો કોઇ દરકાર જ ન કરે પણ જરા વધારેપડતા સ્વરૂપમાં તે લાગે કે તરત શેરીમાં રમતાં બાળકો પણ નાસીને પડતાં ઘરો ન અડે એટલાં દૂર જઇ ટોળે મળી ઊભાં રહે, અને આવું તો થયાં જ કરે એમ દરેક જણ માને!

આ ધરતીકંપના આંચકાની નોંધ લેનારૂં એક યંત્ર શોધાયું છે. તેનું નામ સીસમોગ્રાફ. એ એવું યંત્ર છે કે પૃથ્વી પરના કોઇપણ ભાગમાં થતા ધરતીકંપની નોંધ લઇ શકે છે. તેમાં બે મોટાં લટકતાં વજન એક અણીદાર પોલાદી પેન્સિલ સાથે બાંધેલાં હોય છે. પેન્સિલની અણી મેશ લગાડેલી એક પ્લેટ ઉપર અડાડેલી જ રહે છે. ધરતીકંપના આંચકા પૃથ્વીના કાચલા ઉપર ચારેકોર પસરે છે તે આ યંત્રના થાંભલાને પણ ધ્રુજાવે છે અને તે જ ક્ષણે પેલી પેન્સિલથી કાળી સપાટી પર વાંકાચૂંકા લીટા પડે છે. આ લીટા ધરતીકંપના જોર પ્રમાણે ઊંચાનીચા થાય છે ને તે પર ગણિત કરીને તેના વિજ્ઞાની કહી શકે કે ધરતીકંપનું જોર કેટલું છે અને તે કેટલે દૂર થયો છે. (અંગ્રેજી ઉપરથી)

રામ્સે મૅકડોનલ્ડ

(અનુસંધાન પૃ. ૪૫૧થી)

આપવામાં આવે અને એના પ્રત્યેનું વૈર કાયમ રાખી એને દંડવાની નીતિ ગ્રહણ કરવામાં આવશે તો આખી દુનિયામાં અશાંતિ વ્યાપી જશે. એના એ શબ્દો આજે સાચા પડયા છે. આજે પણ યુરોપમાં સાચી શાંતિ સ્થપાઇ નથી. ઇ.સ.૧૯૧૪ના વડવાનળના અંગારા હજી ઠેરઠેર રગરગી રહ્યા છે.

યુદ્ધના પરિણામે વિલાયતને માથે જે દેવાનો ડુંગર થયો હતો તેમાંથી ઉગરવાનો એક જ માર્ગ મૅકડોનલ્ડે પાર્લમેન્ટ સમક્ષ રજુ કર્યો હતો. એણે જણાવેલું કે જો પૈસાદારો પાસેથી Capital levy—મૂડી ઉપરનો ખાસ કર—લઇ દેવું ઓછું કરી નાખવામાં આવે તો વેપારઉદ્યોગ સમૃદ્ધ થાય, બેકારી ઘટી જાય અને પ્રજા સુખી થાય. પણ વિરોધી પક્ષને ગળે આ દલીલ કયાંથી ઊતરે ? એમણે પોતાનાં નાણાં War Bond–લડાઇના બૉન્ડ—માં રોકયાં હોય એટલે એમને તો પ્રજાના પરસેવે તેમાથી ભારે વ્યાજ ખાવાનું મળે.

આમ જયારે ૧૯૨૪માં ચૂંટણી થઇ ત્યારે ઘરની અને બહારની સ્થિતિ પરત્વે પ્રજામાં ખૂબ જ અસંતોષ હતો; અનેક પ્રશ્નો અણઉકલ્યા પડયા હતા; પ્રજા ટોરી પક્ષની સંકુચિત નીતિથી કંટાળી ગઈ હતી.

પહેલી મજૂર સરકાર

૧૯૨૪ના એ દિવસો મજૂર પક્ષ કદી પણ નહિ ભૂલે. મજૂર પક્ષના નેતાને પ્રધાનમંડળ—Cabinet—રચવાનું આમંત્રણ મળે એ અપૂર્વ અને અકલ્પનીય વસ્તુ સિદ્ધ થઈ. આજે યે મૅકડોનલ્ડ સાથે મતભેદ ધરાવનારાઓ પણ એક વાત તો જરૂર કબૂલ રાખવાના કે જો મૅકડોનલ્ડ મજૂર પક્ષનો નેતા ન હોત તો એ દિવસ એટલો વહેલો ન આવત.

પરંતુ પ્રધાનમંડળ રચવું એ સહેલી વાત નથી. મૅકડોનલ્ડે પોતે જ કબૂલ કર્યું છે કે 'જો મને બળવો જગાવવાના અને પ્રધાનમંડળ રચવાના કાર્ય વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો હું જરૂર પહેલા કાર્યને ઉપાડી લઉં.' રાજાને મળીને તરત જ એ સીધો પોતાને વતન લૉસિમથ ઊપડી ગયો અને દેશના એ ખૂણાના ગામડામાં બેઠાંબેઠાં એણે પોતાની ગણતરી કરી. ત્યાંસુધી કોઇને ખબર નહોતી કે નવા પ્રધાનમંડળમાં કોણ કોણ આવશે. એમ પણ કહેવાય છે કે પ્રધાનમંડળ પહેલીવાર મળ્યું ત્યારે જ કોણકોણ નીમાયા છે તેની સૌને જાણ થઇ. પ્રધાનમંડળ રચવામાં એક મુશ્કેલી બહુ મોટી હતી;–પરદેશ-મંત્રી તરીકે કોને મૂકવો ? આગલી સરકાર ભાંગી પડી તેનું મુખ્ય કારણ એની પરદેશો પ્રત્યેની નીતિ હતું. એટલે એ દિશામાં ખૂબ સંભાળવાનું હતું. વળી મજૂર પક્ષને તો પરદેશો સાથેના સંબંધમાં નવો ચીલો પાડવાનો હતો. આ બધા વિચારો કરીને મૅકડોનલ્ડે પોતે જ બે હોદ્દા સંભાળવાનું માથે લીધું; વડા પ્રધાનનો અને પરદેશમંત્રીનો. એમ મનાય છે કે આ બે હોદ્દાઓ એકીસાથે માણસ સંભાળે તો કાં તો મરે કે માંદો પડે. મૅકડોનલ્ડ પોતે પણ એ વસ્તુ જાણતો હતો; છતાં એને પોતાની પ્રતિષ્ઠાની એટલી બધી જવાબદારી હતી કે આ સિવાય એકે માર્ગ એને સૂઝયો નહિ.

આ પહેલી મજૂર સરકારનું આયુષ્ય બહુ ટૂંકું—માત્ર દસ માસનું જ નીવડયું. જે સંજોગોમાં મજૂર પક્ષ સત્તામાં આવ્યો એ ધ્યાનમાં લઇએ તો એ અનિવાર્ય હતું. પાર્લમેન્ટમાં મજૂર પક્ષની બહુમતી તદ્દન નજીવી હતી, એમનું કામ મુશ્કેલ અને નવું હતું. એમને તો નવાં દ્વાર ઉઘાડવાનાં હતાં, નવા ઉપાયો અજમાવવાના હતા, નવા પ્રયોગો કરવાના હતા. જ્યાં સુધી એને માટે પૂર્ણ સામગ્રી અને સાધનો ન હોય ત્યાં સુધી અખતરો પૂરેપૂરો સફળ તો ન જ નીવડે. એટલે એ પહેલી મજૂર સરકારે શું શું ન કર્યું એ તપાસી જો એમની નિષ્ફળતાનો આંક મૂકીએ તો અન્યાય કર્યો ગણાય. આથી એમણે શું શું કર્યું એ જ તપાસીએ. અલબત્ત, હિંદે મજૂર પક્ષમાં જે વિશ્વાસ મૂકેલો, જે આશા રાખેલી એ તો ન જ ફળી; એટલે હિંદુસ્તાન એ પરીક્ષા કરવામાં સમતુલા ન રાખે એ ક્ષમ્ય છે.

૧૯૨૪ની એ પહેલી મજૂર સરકારે સૌથી પહેલાં તો બેકારી ઘટાડવાનો અને બેકાર મજૂરોને રાહત આપવાનો પ્રશ્ન ઉપાડયો. ઉદ્યોગમાં શાંતિ ફેલાવી, મજૂર–માલિક વચ્ચેના ઝઘડાઓ ઓછા થાય એવી વ્યવસ્થા કરી, ઘરડાંબુઢ્ઢાં અને વિધવાઓને જીવન-નિર્વાહનાં સાધન કરી આપ્યાં, ઘરોની તંગી મટાડવા એક જબ્બર યોજના ઘડી, કેળવણીના ક્ષેત્રમાં અનેક સુધારા-વધારા કર્યા. પરંતુ આ બધાં કરતાં મૅકડોનલ્ડનો પોતાનો મોટો ફાળો તો મજૂર સરકારની પરદેશનીતિ ઘડવામાં હતો. એણે રશિયા સાથે સંધિ કરી ને એ સામ્યવાદી દેશ પ્રત્યેનો વિરોધ શમાવ્યો. ફ્રાન્સ અને જર્મનીનો પ્રશ્ન એથી યે મુશ્કેલ હતો. યુદ્ધ વીત્યાને છ વર્ષ

થઇ ગયાં હતાં તો યે હજી ફ્રાન્સનું લશ્કર જર્મનીમાં પડયું હતું. જે લડાયક મનોદશા દફનાવવા મહાયુદ્ધની ઘોષણા થઇ હતી તે હાલહવાલ જર્મનીનો પ્રાણ રૂંધતી હતી. મૅકડોનલ્ડે અજબ કુનેહ વાપરી લંડનમાં એક પરિષદ ભરી. એ પરિષદની પૂર્ણાહુતિને દિવસે જર્મની ને ફ્રાન્સના પ્રતિનિધિઓએ યુદ્ધ પછી પહેલી જ વાર હસ્તધુનન કર્યાં, એ પ્રતાપ મૅકડોનલ્ડનો. લીગ ઑફ નેશન્શ–પ્રજાસંઘ–પ્રાણવાયુ વગર તરફડતી હતી; એનો અવાજ અરણ્યરુદન સમો થઇ ગયો હતો. મૅકડોનલ્ડે એમાં જીવનસંચાર કર્યો અને એના કાર્યને વેગ આપ્યો. જીનીવાની આંતરરાષ્ટ્રીય રંગભૂમિ પરથી એણે જગતશાંતિનો અનુરોધ કર્યો. જે વિચાર એ છેક ૧૯૧૪થી સેવતો હતો એ અંતે વિલાયતના મહામંત્રી તરીકે જગત સમક્ષ મૂકવાનો સુભગયોગ એને સાંપડયો. એ એના જીવનની મહત્ત્વાકાંક્ષાની એક ઉજ્જવલ સિદ્ધિ ગણાય.

પણ એના પર હવે વાદળ ઘેરાતાં હતાં. ચાણાક્ય લિબરલ નેતા લૉઇડ જ્યૉર્જે જોઇ લીધું કે મજૂર સરકાર જો વધુ વખત સત્તા પર રહેશે તો બહુ ફાવી જશે. એણે કન્ઝર્વૅટિવ પક્ષના ઑસ્ટીન ચેમ્બરલેનને સાધી કાવતરૂં રચ્યું. એક નજીવા પ્રશ્ન પર મજૂર સરકાર સામે ઠપકાની દરખાસ્ત રજુ કરીને મૅકડોનલ્ડ સામે ધર્મસંકટ ઊભું કર્યું. જો ઠપકાની દરખાસ્ત પસાર થાય અને સરકાર રાજીનામું આપે તો કન્ઝર્વૅટિવ અને લિબરલ પક્ષો દેશને જણાવે કે નવી ચૂંટણી માટે મજૂર પક્ષ જવાબદાર છે; અને જો મજૂર સરકાર રાજીનામું ન આપે તો એ ને એ લોકો મેણાં મારે કે પાર્લમેન્ટનો વિશ્વાસ ગુમાવ્યા છતાં બેશરમો મજૂર પક્ષ હજી સત્તાને વળગી રહ્યો છે. મૅકડોનલ્ડે આ કાવતરૂં જોઇ લીધું અને સખ્ત શબ્દોમાં બંને વિરોધી પક્ષોનો દંભ ખુલ્લો પાડયો. પણ અંતે એ ઠપકાની દરખાસ્ત પસાર થઇ ને મજૂર સરકારે રાજીનામું આપ્યું.

ઝીનોવીએફનો પત્ર

મૅકડોનલ્ડ તરત નવી ચૂંટણીની ધમાલમાં પડયો. દિવસ ને રાત એક છેડેથી બીજે આથડતો એ થાકીને લોથ થઈ જતો. મજૂર સરકારે શું કર્યું અને શું કરવાનો એનો ઈરાદો છે એ સંબંધી એણે લોકોને સમજ પાડી અને આદર્યું પૂરૂં કરવા દેવાની વિનતિ કરી. પણ છેક છેલ્લી ઘડીએ એક કમનસીબ બનાવ બન્યો. કોઈ તાલીમબાજના કાવતરાનો એ ભોગ થઇ પડયો. ચૂંટણી પહેલાં બે જ દિવસે વિલાયતનાં બધાં છાપાંઓમાં, ઇતિહાસમાં 'લાલ પત્ર'ના Red Letter નામથી મશહૂર થએલો ઝીનોવીએફનો પત્ર–Zinovieff Letter છપાયો. આ ઝીનોવીએફ થર્ડ ઈન્ટર-

આતમ રડે રે

• નંદજીના કુંવરે ગોળી ફોડી રે •

૧

આભલાંની કુંજમાં ચંદ્રી રડે રે;
ચંદ્રી રડે ને અમીધારા પડે:
આભલાંની કુંજમાં ચંદ્રી રડે રે. ટેક

એ રે આંસુડાંની ઊંચીનીચી ધારથી;
સાગરમાં ભરતી ને ઓટો ચડે:
આભલાંની કુંજમાં ચંદ્રી રડે રે.

૨

પર્વતની કુંજમાં સરિતા રડે રે;
સરિતા રડે ને જલધોધો દડે:
પર્વતની કુંજમાં સરિતા રડે રે.

એ રે આંસુડાંનાં આછાંઘેરાં વહેનથી,
તટની ફૂલવાડીઓ રમણે ચડે:
પર્વતની કુંજમાં સરિતા રડે રે.

૩

અંતરની કુંજમાં આતમ રડે રે;
આતમ રડે ને બ્રહ્મજ્યોતિ જડે:
અંતરની કુંજમાં આતમ રડે રે.

એ રે આંસુડાંની ઝીણીમોટી સેરથી,
હર્ષશોક ઊર્મિઓ લહેરે ચડે:
અંતરની કુંજમાં આતમ રડે રે.

રતિલાલ શુકલ

નૅશનલ (Third International)નો પ્રમુખ અને રશિયાનો મંત્રી હતો. એ બનાવટી પત્ર વિલાયતના પરદેશખાતા ઉપર લખાયો હતો, અને એમાં મજૂર પક્ષની સહાયથી વિલાયતમાં બોલ્શેવિક પ્રચાર કરવા સંબંધી નિર્દેશ હતો. વિલાયતના લોકો તો રશિયા અને બોલ્શેવિઝમનું નામ સાંભળીને જ ભડકી ઊઠતા; એટલે આ વસ્તુ સાંભળી એમનું મગજ ઠેકાણે ન રહ્યું. એ પત્રની વાસ્તવિકતા કે આધારભૂતપણા ઉપર જરા યે વિચાર કરાયા વિના મજૂર પક્ષ સામે આક્ષેપો મૂકાયા. વર્તમાનપત્રોએ પણ મજૂર પક્ષ સામે વિશ્વાસઘાતનો આરોપ મૂક્યો અને પ્રજાનાં દિલ ઊંચાં કર્યાં.

ભડકેલો લોકમત વિફરી ગયો. પરિણામે ચૂંટણીમાં મજૂર પક્ષની જબરી હાર થઇ. ગયા વખત કરતાં એકાવન સભ્યો ઓછા ચૂંટાયા અને બહુમતિએ કૉન્ઝર્વેટિવ પક્ષનો નેતા બાલ્ડવિન સત્તામાં આવ્યો. તરકટ ને પ્રપંચથી મેળવેલી આ જીતને લીધે ટોરી પક્ષ નવી પાર્લમેન્ટમાં ખૂબ જોરમાં હતો. મૅકડોનલ્ડ ને એનો પક્ષ આ નવી સરકારનો ડગલે ને પગલે વિરોધ તો કરતા, પણ સજ્જડ બહુમતિ સામે શું વળે?

૧૯૨૬ની જંગી હડતાળ

આ પાર્લમેન્ટ દરમ્યાન ખાસ નોંધવા જેવો બનાવ ૧૯૨૬માં બન્યો. એ સાલમાં કોલસાની ખાણોના કારીગરોના પગારમાં ઘટાડો કરવાનો અને કામના કલાકો વધારવાનો સરકારે નિશ્ચય કર્યો. ખાણના કારીગરોએ આની સામે જબ્બર ઝુંબેશ ચલાવી અને હડતાળ પાડી. બીજા કારીગરોએ પણ સહાનુભૂતિમાં કામ છોડયું. વિલાયતની સમસ્ત મજૂર આલમ માલિકો સામે ખડી થઇ ગઈ. સરકારે માલિકો સાથે મસલત ચલાવી સમાધાની કરવાનો પ્રયત્ન તો કર્યો પરંતુ માલિકોએ પોતાની હઠ ન મૂકી. અંતે સરકાર પણ માલિકોને તાબે થઇ. ૧૯૨૬ની આ જંગી હડતાલ ઇંગ્લંડના રાજકીય ઇતિહાસમાં અગત્યનો બનાવ ગણાય છે. આ લડત દરમ્યાન મજૂર પક્ષના નેતા તરીકે મૅકડોનલ્ડે સમાધાન કરવાના અનેક તનતોડ પ્રયત્નો કર્યા, પરંતુ માલિકોના દુરાગ્રહ સામે એનું કશુંયે ચાલ્યું નહિ.

પણ આ બનાવનું બીજું એક સુંદર પરિણામ આવ્યું. મૂડીદાર માલિકોની સ્વાર્થી મનોદશા લોકો આગળ સ્પષ્ટ થઈ ગઇ, માલિકો સામેનો વિરોધ વધુ તીવ્ર બન્યો, સામાજિક વ્યવસ્થાનો અન્યાય નગ્ન સ્વરૂપમાં પ્રકટી નીકળ્યો અને પરિણામે સમાજવાદ Socialismમાં લોકોની શ્રદ્ધા વધુ દઢ થઈ. દેશના મોટામોટા ચાવી રૂપ ઉદ્યોગો–Key industriesમાં પ્રજાકીય વહીવટ હોવો જોઇએ એ સિદ્ધાંત આમ પ્રજાને ગળે ઊતર્યો. ૧૯૨૯માં કૉન્ઝર્વેટિવ પક્ષને હઠાવી પાર્લમેન્ટમાં મજૂર પક્ષ જીત્યો તેમાં આ હડતાળનો ફાળો નજીવો નહોતો.

આંતરકલહ

બહારની દુનિયામાં જ્યારે આમ અશાંતિની આગ જલતી હતી તે સમયે મજૂર પક્ષના પેટાળમાં ઘણા વખતથી ધૂંધવાઇ રહેલા અગ્નિનો પણ ભડકો ઊઠયો. મજૂર પક્ષમાં જ એક પક્ષ ઉદ્દામ વિચારનો હતો. તે સ્વતંત્ર મજૂર પક્ષ (I.L.P.—Independent Labour Partyને નામે ઓળખાતો) હતો. તેની અને મજૂર પક્ષ વચ્ચેના મતભેદોએ આ વખતે ગંભીર સ્વરૂપ પકડયું. મૅકડોનલ્ડ અત્યાર સુધી I. L. P.નો કોષાધ્યક્ષ હતો, તેને પદચ્યૂત કરવામાં આવ્યો. પાર્લમેન્ટરી મજૂર પક્ષ ને આ I.L.P. વચ્ચે એક મહાન સિદ્ધાંત સંબંધી બહુ જૂનો મતભેદ હતો. સિડની વેબ(જે પાછળથી લૉર્ડ પાસફીલ્ડ થયો) અને મૅકડોનલ્ડ ઉત્ક્રાન્તિજન્ય પ્રગતિ—Evolutionના, એટલે ધીમેધીમે આગળ વધવાના હિમાયતી હતા. જ્યારે ઉદ્દામવાદી સ્વતંત્ર પક્ષની ધીરજ ખૂટી હતી. સમાજે સૈકાઓ સુધી સહન કર્યા પછી, હાડમારીઓ વેઠયા પછી જરા યે થોભવું એ કાયરતા છે એમ સ્વતંત્ર પક્ષને લાગતું. એગનો મુદ્રાલેખ સમાજવાદનો તાત્કાલિક અમલ કરવાનો—'Socialism in our times—છે. આ મતભેદને લીધે અન્યોન્ય જે વિખવાદ થયો તે મજૂર પક્ષના ઇતિહાસનું એક દુઃખદ પ્રકરણ છે. મૅકડોનલ્ડના જીવનમાં પણ એની પ્રતિછાયા પડી છે. જે પક્ષને જીવન આપવામાં, ઘડીને પગભર કરવામાં અને પ્રાણમય બનાવવામાં એનો મુખ્ય ફાળો હતો એ પક્ષમાં આજે એ સભાસદ તરીકે પણ નથી. એ પક્ષના પાર્લમેન્ટમાં ચૂંટાએલા સભ્યો અત્યાર સુધી એને પક્ષનેતા તરીકે માન આપતા હતા તે યે આજે નથી રહ્યું. પણ આ લેખનો આશય એ ચર્ચા કરવાનો નથી.

આમ છતાં યે મજૂર પક્ષના નેતા તરીકે તો

મૅકડોનલ્ડનું સ્થાન હમણાં ગયા ઑક્ટોબર (૧૯૩૧) સુધી કાયમ રહ્યું. ૧૯૨૬માં એની ૬૦મી વર્ષગાંઠના મણિમહોત્સવ વખતે મજૂર પક્ષ તરફથી એને જે માનપત્ર એનાયત કરવામાં આવ્યું એમાં એના મિત્ર ને સાથી ક્લાઇન્સે એના માટે જે શબ્દો ઉચ્ચાર્યા તેને પક્ષના દરેકેદરેક સભ્યનો ટેકો હતો. મજૂર પક્ષની આટલી આંતરિક માહિતી પછી આપણે મૂળ વાત પર આવીએ.

મૅકડોનલ્ડ પ્રધાનમંડળમાં નહોતો તે છતાં એના ઉપરનો બોજો તો એટલો જ હતો. હડતાલની સમાધાની માટે કરેલા અતિશ્રમથી એનું વૃદ્ધ શરીર થાકી ગયું અને આરામ લેવા માટે તે અમેરિકા ગયો; પણ ત્યાં વધુ માંદો પડ્યો. અંતે જ્યારે પોતાને ઘરઆંગણે એના પ્રિય વતનની હવામાં એ પાછો આવીને રહ્યો ત્યારે જ એને શાંતિ વળી. બીજી ચૂંટણી ક્યારે થશે એનું કાંઇ નક્કી ન હતું. પાર્લમેન્ટમાં એક પણ દરખાસ્તમાં ટોરી સરકાર નમતું આપતી નહોતી. તે છતાં મૅકડોનલ્ડ તો નવી ચૂંટણીનાં સ્વપ્નાં જ ઘડતો હતો;– કેવાં તે આ એક જ દાખલા ઉપરથી સમજાશે કે ભવિષ્યમાં **૧૯૨૯માં જે ચૂંટણી થઇ તે માટેનો મૅનિફેસ્ટો** એણે ઠેઠ **૧૯૨૭**માં ઘડી મૂક્યો હતો. કારણકે એને ખાત્રી હતી કે વહેલી કે મોડી જ્યારે ચૂંટણી થશે ત્યારે મજૂર પક્ષ જરૂર સત્તામાં આવવાનો. ચૂંટણી આવી ત્યાં સુધી એણે જગતશાંતિ માટે અને બેકારી ઘટાડવા માટે પોતાથી થાય એટલા પ્રયત્નો કર્યા.

ફરી સત્તામાં

અંતે ૧૯૨૯ના મે માસમાં નવી ચૂંટણી થઇ. મૅકડોનલ્ડ તો એ માટે કેટલા યે સમયથી તૈયાર હતો. ઉત્તર દક્ષિણ આખો દેશ એ ખૂંદી વળ્યો. ગામડેગામડે મજૂરોનો અવાજ પહોંચી ગયો. મૂડીવાદી,સ્થિતિચુસ્ત ટોરી પક્ષને હાંકી કાઢવાનો સમસ્ત પ્રજાને અનુરોધ થયો. પ્રજાએ એ હાકલ ઝીલી લીધી. ચૂંટણીનું પરિણામ અત્ર નહિ ધારેલું એટલું સરસ નીવડ્યું. ટોરી પક્ષે ૧૪૦ બેઠકો ગુમાવી; મજૂર પક્ષે ૧૨૬ નવી બેઠકો મેળવી.

વિજેતા મૅક જ્યારે ફરી લંડનમાં આવ્યો ત્યારે સૌએ એનું નવા પ્રીમિયર—મહામંત્રી તરીકે સન્માન કર્યું. હર્ષઘેલા લોકોએ એને જયનાદથી વધાવ્યો. જૂનની ચોથી તારીખે ટોરી નેતા બાલ્ડવિને રાજીનામું આપ્યું; જૂનની પાંચમીએ મૅકડોનલ્ડને રાજાનું આમંત્રણ મળ્યું. નવું પ્રધાનમંડળ તરત જ નીમાઇને પોતાના કાર્યમાં ગૂંથાઇ ગયું ને પોતે લીધેલી ભારે જવાબદારીને પહોંચી વળવાની તૈયારીઓ કરવા માંડી.

૧૯૨૯થી '૩૧ના ઑગસ્ટ સુધીનો ઇતિહાસ તો તાજો જ છે. એ બીજી મજૂર સરકારની કારકિર્દીનું સાચું સરવૈયું અત્યારથી ન નીકળી શકે. જગતની વ્યાપારમંદીને કારણે જે ભયંકર ઉથલપાથલ આજે ચોમેર દૃષ્ટિએ પડે છે એ વાતાવરણમાં મૅકડોનલ્ડની કસોટી કરવા બેસીએ તો એને અન્યાય થાય એમ લાગે છે.

આજે તો ચારે બાજુથી મૅકડોનલ્ડની નિંદા ને વિરોધના સૂરો સંભળાય છે. એના જૂના સાથીઓમાંથી ગણ્યાગાંઠ્યા જ એને પડખે રહ્યા છે. જે વિરોધીઓ સાથે એ હમેશાં લડતો આવ્યો છે એની આજે એ સરદારી ભોગવે છે. આ શું કેવળ એની સત્તાપ્રિયતાને લીધે હશે? ક્ષુદ્ર સ્વાર્થ સંતોષવા કે અહંભાવ તૃપ્ત કરવા એણે આ માર્ગ લીધો હશે? હમેશના દક્ષ મૅકડોનલ્ડે ભાવિનાં ઊંડાણ માપવામાં ભૂલ કરી હશે? આ બધી શંકાઓ ને પ્રશ્નોનો ઉત્તર આજે ન અપાય. અકળ ભાવિના ગર્ભમાં રહેલા ભેદો જ્યારે ખુલશે ત્યારે એ ઉત્તરો આપોઆપ મળી જશે.

સાથેસાથે અહીં એક બીજી વાતનો સ્ફોટ પણ કરવો જરૂરી છે. મૅકડોનલ્ડના જીવનની સફળતાનો આંક કેવળ એની સિદ્ધિઓ ઉપરથી જ નહિ મપાય. અનેક બાબતોમાં પોતાનું ધાર્યું એ કરાવી શક્યો નથી. અનેક વખતે એને પોતાની ઇચ્છા વિરુદ્ધ કેટલાંક કાર્યો કરવાં પડ્યાં છે. એવે વખતે ક્ષેત્ર છોડી નાસી જવું એમાં એણે કાયરતા ગાની છે; ને તેથી જ એમ બન્યું છે. એના ટીકાકારો આ બાબત પર ભાર મૂકી કોઇક વાર એમ પણ કહે છે કે 'મૅકડોનલ્ડ દંભી છે, ઢીલોપોચો અને માંડવાળ કરવાની વૃત્તિવાળો છે, સીધેસીધું કહી દે એવી સરળ વૃત્તિનો નથી. **He is a man of evasion, negation, and dealy.'** કમનસીબે હિંદુસ્તાન સાથેનો એનો વર્તાવ પણ આ અનુમાન તરફ આપણને ખેંચી જાય છે. પણ એ બધી ચર્ચાસ્પદ દલીલો છોડી દઇએ, અને પુરુષાર્થની પ્રતિમૂર્તિ સમા જે મહામાનવે વર્ષો સુધી અથાગ શ્રમ અને અવિશ્રાંત જહેમત ઉઠાવી વિલાયતની પ્રજાને મૂડીવાદ સામે મોરચા માંડતાં શીખવ્યું, એક સબળ તંત્ર સર્જાવી રાજનીતિનો નવો માર્ગ બનાવ્યો એને અંજલિ આપી વિરમીએ.

સોમનાથ દવે

જ્ઞાનલીલા

કારતકની 'જ્ઞાનલીલા'ના મળેલા ઉત્તરોમાંથી બધા ખરા માત્ર પાંચ જણના છે. એમાંના છેલ્લા બેએ સાથે મળીને ઉત્તરો આપ્યા છે. આ વખતે તો એ ચલાવીએ છીએ, પરંતુ હવેથી એ રીતે બંને સાચા ગણાશે નહિ. જ્ઞાનલીલાનો હેતુ વાચકોની બુદ્ધિ ખીલવવાનો છે. તેથી તેમાં ભાગ લેનાર દરેકે પ્રમાણિક રીતે પોતાની જ બુદ્ધિથી ઉપજાવેલું પરિણામ મોકલવું જોઇએ. નીચેનાં એ પાંચ નામોમાંથી જેઓ ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) ભૂપતરાય ધોળકિયા–મુંબાઈ. (૨) ઉમિયાશંકર ઠાકર–આણંદ (૩) વિદ્યાગૌરી દવે–ભાવનગર. (૪) મથુરદાસ તુતવાળા–અમદાવાદ (૫) રમણલાલ ગાંધી–અમદાવાદ. ખરા ઉત્તર નીચે મુજબ છે: **(૧) ગણિત-ગમ્મત:** (૧) કુલ ૨૫ નારંગી; મોટાને ૧૧, વચલાને ૮ અને નાના દીકરાને ૬ નારંગી. (૨) ૫૨ વર્ષ. **(૨) અંક-ગમ્મત:** નીચે મુજબ:

૭	૯	૮
૭	૯	૯
૮	૦	૦
૮	૦	૧
૩૧	૯	૮

(૩) ઓળખી કાઢો: (૧) સમાચાર (૨) બદામ–દાડમ (૩) મકાન–મન, કાન.

(૪) શબ્દ-ગોઠવણ:

સ	રો	જ
નિ	વા	સ
હ	જા	ર
ર	સ	ના
ક	લા	પી
શા	દું	લ

(૫) અક્ષર-ભાગાકાર:

```
૧૩૪૬)૫૨૭૮૯૦(૩૯૨
     ૪૦૩૮
     ૧૨૪૦૯
     ૧૨૧૧૪
      ૨૯૫૦
      ૨૬૯૨
       ૨૫૮
```

(૬) શબ્દ-ફેરવણી: યૌવન, પવન, પતન, ચેતન, ચેતના.

(૭) શબ્દ-ચોરસ

જ	ન	ક
ન	ક	લ
ક	ત	લ

(૮) ચિત્ર-પ્રશ્ન: બાજુએ બતાવ્યા પ્રમાણે.

૨	૯	૫	૬
૧૫	૭	૧૬	૩
૧૨	૧૪	૧૦	૧૧
૮	૪	૧	૧૩

નીચેના નવા સવાલોના ઉત્તર ૧૫મી જાન્યુઆરી પહેલાં મળી જવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: (૧) મોટી બહેને કહ્યું, 'બાપુ, નાની ચંપા માટે સોનાનાં એરિંગ ક્યારે લાવશો ? બાપે થોડો વિચાર કર્યા પછી કહ્યું, 'હાલ તારી ઉમર ચંપા કરતાં સાતગણી છે ને તારા કરતાં મારી ઉમર બમણી છે; એને બદલે જ્યારે તારી ઉમર ચંપા કરતાં માત્ર ચારગણી રહેશે ને આપણા બેની ઉમરનો તફાવત તારી હાલની ઉમર બરાબર થશે ત્યારે આપણે એરિંગ લાવીશું. મોટી બહેન મૂંઝવણમાં પડી કે હવે ચંપાને એરિંગ કેટલાં વર્ષે પછી મળશે ? તમે એ મૂંઝવણ ઉકેલી શકશો ? (૨) અ એક સંખ્યા છે. તેનો એકમનો અંક કાઢી નાખવાથી જે સંખ્યા બને તે અમાંથી બાદ કરતાં પાછળ ૮૮૮૮ વધે છે. ત્યારે અની આંકડામાં કિંમત કેટલી હશે ? **(૨) એ શું ?** એવું કયું ઓજાર છે તેની અંદર આપણા શરીરના અવયવો છુપાઈ રહે છે ? (૨) ત્રણ અક્ષરનું આપણું એક જાણીતું શહેર છે એનું માથું વાઢો તો પાછળ ઋતુ વધે છે, પગ કાપો તો પાછળ દેવ રહે છે ને પેટ વાઢો તો પાછળ એક સગપણ વધે છે; ત્યારે એ શું ? (૩) એવી કઇ સંખ્યા છે જેને અક્ષરમાં લખી પાછળ બીજો એક અક્ષર ઉમેરવાથી તેની કિંમત ઉલટી ઘટી જાય છે ?

(૩) શબ્દગોઠવણ: ↓

```
·  ·  ×  ·  ·  ·
·  ·  ×  ·  ·  ·
×  ×  ×  ×  ×  ×
·  ·  ×  ·  ·  ·
·  ·  ×  ·  ·  ·
·  ·  ×  ·  ·  ·
```

બાજુની આકૃતિમાં નીચેની સૂચના પ્રમાણે બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી ઊભી લીટીમાં આપણા એક દેશભક્તનું નામ તથા આડી લીટીમાં એક કવિનું નામ આવી જશે. પહેલાં તો ડાબી બાજુનો દરેક શબ્દ · થી શરૂ થઇ × આગળ પૂરો થાય તથા જમણી બાજુનો દરેક શબ્દ × થી શરૂ થઇ · આગળ પૂરો થાય એ રીતે નીચે પ્રમાણેનાં ચોકઠાં ગોઠવો: ડાબી બાજુ—ઉપલું ચોકઠું: પહેલો શબ્દ=સત્તા, બીજો શબ્દ=શરીરનો એક ભાગ; ચોકડીઓની નીચેનો ચોરસ: પહેલો શબ્દ=આપણું એક પ્રખ્યાત શહેર, બીજો શબ્દ=ખાવાની એક ચીજ, ત્રીજો શબ્દ=નાશ જમણી બાજુ—ઉપલું ચોકઠું: પહેલો શબ્દ=બીલકુલ, બીજો શબ્દ=વાદળું. નીચલું ચોકઠું: પહેલો શબ્દ=એક હથિયાર, બીજો શબ્દ=એક પક્ષી, ત્રીજો શબ્દ=પડદો. ચોકડીવાળી આડી લીટીના પહેલા બે અક્ષરોથી બનતા શબ્દનો અર્થ ફુલપાંદડી તથા ત્રીજો ચોથો અક્ષર મળીને થતા શબ્દનો અર્થ આબરૂ થાય છે. **(૪) શોધી કાઢો:** 'કુમાર'ના છેલ્લા પાનાને મથાળે પ્રગટ થએલી જાણીતી કવિતાઓની પાંચ જુદીજુદી લીટીઓ ગુંચવાઇ ગઈ છે; તમે તે સાચી છૂટી પાડી આપશો ? (૧) રાય કવી માર હાક રથ એક્ષ વેર સોનો કાશ (૨) મોર હિંશૂહી નનાનનાનેને હહહહ દેશે (૩) પ્રકાર હોમ સ્વજ સત્ત દાર્યે (૪) મારા આળ સુત્મનો આષ્ટ્ર બકુર સહું (૫) રામનું કાજનું રાતો કાઝેશૂશૂ આમ છે.

(૫) અંક-ચોરસ: બાજુના ચોરસના આંકડાઓ ફરી એવી રીતે ગોઠવો કે તેની આડી તેમ જ ઊભી લીટીઓનો સરવાળો ૧૩૦ થાય. એટલું જ નહિ પણ કાળી લીટીથી બતાવેલા વચ્ચેના નાના ચોરસ સિવાય, એકસરખાં લગોલગ આવતા ગમે તે ચાર ખાનાંનો સરવાળો પણ ૧૩૦ જ થાય.

૪૪	૨૨	૪૯	૫૬
૧૯	૫૩	૧૧	૪૧
૧૪	૨૩	૧૮	૪૮
૧૦	૪૫	૫૨	૧૫

(૬) ખાલી શબ્દચોરસ: બાજુનો ખાલી ચોરસ એવી રીતે ભરી કાઢો કે નીચે પ્રમાણે આંકડાઓ લઇ વાંચવાથી સૂચવ્યા મુજબ શબ્દો આવી જાય. ૧ થી ૨=ઉપરી, નાયક; ૨ થી ૪ અને ૩ થી ૪ બંને એકએક શહેર; ૧ થી ૩=આપણી એક નદી; ૩ થી ૨=આપણા એક નેતા, ૧ થી ૪=સામાન.

```
૧  ·  ·  ૨
·  ·  ·  ·
·  ·  ·  ·
૩  ·  ·  ૪
```



(૭) ચિત્ર-પ્રશ્ન: આ રીતે ષટ્કોણાકારે ગોઠવેલી દીવાસળીઓમાંની બે ખસેડીને એક ઉમેરો અને બે ચોકટ બનાવી દો.



પાંચ ભાઈબંધો

એક હતો બળદ. એક વાર એ એક જંગલમાં થઇને જતો હતો, ત્યાં રસ્તામાં એને એક ઘેટું મળ્યું. એણે ઘેટાને પૂછ્યું, 'ઘેટાભાઇ ક્યાં ચાલ્યા ?' ઘેટાએ જવાબ આપ્યો, 'ભાઈ, હું તો શિયાળાથી નાસી ઉનાળો શોધવા જાઉં છું.'

'ચાલો ને ત્યારે આપણે સાથે જઇએ.' આમ કહી બળદ ઘેટા સાથે ચાલવા લાગ્યો. બંને જણ થોડે છેટે ગયા ત્યાં એક કુક્કર સામે મળ્યું.

'ક્યાં ચાલ્યા કુક્કરભાઇ ?' તેમણે કુક્કરને પૂછ્યું.

'હું આ શિયાળાથી નાસી ઉનાળો શોધવા નીકળ્યો છું.' કુક્કરે કહ્યું.

'ત્યારે તો ચાલો અમારી સાથે.' બળદ બોલ્યો. અને પછી ત્રણે જણ સાથે ચાલ્યા. થોડેક દૂર ગયા ત્યાં હંસ મળ્યો. 'કેમ હંસભાઇ ક્યાં જાઓ છો ?' સૌ પૂછવા લાગ્યા.

'હું તો ભાઇ, આ શિયાળાથી નાસી ઉનાળો શોધવા જાઉં છું.' હંસે જવાબ આપ્યો.

'ચાલો ત્યારે અમારી સાથે.' આમ કહી તેમણે હંસને પણ સાથે લીધો. વળી થોડે છેટે ગયા ત્યાં એક કુકડો મળ્યો. તેને પૂછ્યું, 'કુકડાભાઈ ક્યાં ચાલ્યા ?'

કુકડો કહે, 'ભાઇઓ હું શિયાળાથી નાસી ઉનાળો શોધવા જાઉં છું.'

'ચાલો ને ત્યારે અમારી સાથે.' આમ કહી તેઓએ કુકડાને પણ સાથે લીધો.

બધા થોડે દૂર ગયા એટલે બળદ પોતાના સૌ ભાઇબંધોને કહેવા લાગ્યો, 'જુઓ ભાઇઓ, આપણે બધા ઉનાળો શોધવા તો નીકળ્યા, પણ એ કંઇ શોધ્યો જડે એમ લાગતું નથી. ગરમીની તો નિશાની પણ જણાતી નથી. ઉલટો શિયાળો જ વધારે નજદીક આવતો લાગે છે. માટે મારૂં માનો તો આપણે બધા એક ઝૂપડું બાંધીને સાથે રહીએ. નહિતર આમ ખુલ્લામાં ચાલીચાલીને તો નકામા ટાઢથી થથરીને મરી જઇશું.'

એ સાંભળીને ઘેટું કહે, 'ભાઇ મને તો કાંઇ ઝૂંપડાની જરૂર નથી. મારા શરીર પરનો આ ઊનનો ડગલો મને હૂંફ આપવા કંઈ ઓછો છે ? હું તો આમ જ શિયાળો સુખેથી ગાળી કાઢીશ.'

કુક્કર કહે, 'અને હું પણ શા માટે શિયાળાના હિમથી ડરી જાઉં ? હું તો જમીનમાં ખાડો ખોદીને અંદર રહીશ કે સરસ ગરમી મળી રહેશે. મને તો ભાઇ ઝૂંપડાની કંઇ જરૂર નથી.'

હંસ કહે, 'ને હું પણ એક ઘટાદાર ઝાડમાં ભરાઇ જઇને મારી એક પાંખ મારા પગ નીચે પસારી બીજી વડે મારૂં શરીર ઢાંકી દઇશ. પછી ગમે એવું હિમ ભલેને પડે. મને જરા યે ટાઢ વાવાની નથી.'

કુકડો કહે, 'એમ તો મારે પણ પાંખો છે. મને એ પાંખોથી જ ગરમી મળી રહેશે. એટલે ભાઇ મને તો કંઇ ઝૂંપડાની જરૂર નથી.'

'ઠીક, ઠીક;' બળદે જવાબ આપ્યો, 'તમે સૌ તમારે ફાવે એમ કરો. હું તો મારે માટે એક ઝૂંપડું બાંધીશ.' આમ કહી એણે તો ઝૂંપડું બાંધવા માડ્યું. ઝૂંપડું તૈયાર થયું એટલે બળદ અંદર રહેવા લાગ્યો.

એમ કરતાંકરતાં બરાબર મધ્ય શિયાળો આવ્યો અને કડકડતી ટાઢ પડવા લાગી. બળદ તો ઝૂંપડામાં મજા કરતો હતો, પણ એના ગોઠિયાઓ બધા બહાર ટાઢથી થરથરવા લાગ્યા. અંતે ઘેટાથી ટાઢ ન ખમી શકાઇ, એટલે એ બળદ પાસે આવી કરગરવા લાગ્યો; 'બળદભાઇ, મને મહેરબાની કરીને અંદર આવવા દેશો ? હું ટાઢથી ઠરી જાઉં છું.'

'કેમ ભાઈ ?' બળદે કહ્યું, 'તમે તો કહેતા હતા ને કે તમારો ઊનનો ડગલો તમને ગરમી આપવા માટે પૂરતો છે ? તો હવે કેમ અંદર આવવા ઇચ્છો છો ? વળી તમે ઝૂંપડું બાંધવામાં તો મને કંઇ મદદ કરી નથી. એટલે હવે તો ભાઇ બહાર જ બેસો.'

ઘેટું કહે, 'ઠીક છે; મને જો એમ અંદર નહિ આવવા દો તો પછી હું મારાં શીંગડાંની ઢીક મારીને તમારૂં ઝૂંપડું તોડી નાખીશ. પછી તો તમારે પણ ટાઢમાં થરથરવું પડશે.'

ઘેટાની ધમકી સાંભળી બળદે વિચાર્યું કે ઘેટાને

ના કહેવામાં સાર નથી. એટલે તેણે તેને અંદર લીધો અને બંને સાથે રહેવા લાગ્યા. થોડા વખત પછી ટાઢથી અધમૂઆ જેવું થએલું કુક્કર ત્યાં આવ્યું ને બળદને આજીજી કરવા લાગ્યું કે ' ઓ બળદભાઇ, મને જરા અંદર આવીને હૂંફ લેવા દેશો ?'

બળદ કહે, 'પણ ભાઇ તમે તો જમીનમાં ખાડો ખોદીને રહેવાના હતા, અને શિયાળાનો તો તમને ડર નહોતો. તો હવે કેમ અહીં આવ્યા ? હવે તો ભાઇ બહાર જ બેસો. હું તમને અંદર નહિ આવવા દઉં.'

આ સાંભળીને કુક્કર બોલ્યું, 'મને અંદર નહિ આવવા દો એમ ? તો પછી જોજો; હું તમારા ઝૂંપડાની નીચેની બધી જમીન ખોદી નાખીશ, એટલે ઝૂંપડું જ આખું કડડડ ભૂસ કરતું તૂટી પડશે. અને પછી તમે પણ હેરાન થશો.'

બળદે વિચાર્યું કે આને પણ અંદર લેવું જ ઠીક પડશે, એટલે તેણે કુક્કરને પણ અંદર લીધું.

થોડી વારે હંસ અને કુકડો પણ ઠીંગરાતા ઠીંગરાતા ત્યાં આવી પહોંચ્યા અને બળદને કહેવા લાગ્યા: ' બળદ ભાઈ, જરા અમને અંદર આવી હૂંફ લેવા દોને.'

બળદ કહે, 'કેમ ભાઇઓ, તમારી પાંખોનું શું થયું ? તમને તો તમારી પાંખો જ હૂંફ આપવાની હતી ને ? હવે તો તમે બહાર જ શિયાળો કાઢો.'

'એમ કે ?' બંને પક્ષી બોલી ઊઠયાં, 'ઠીક છે; અમને ઝૂંપડામાં નહિ આવવા દઇને સાર નહિ કાઢો. આ તમારા ઝૂંપડાની ભીંતોનું પરાળ અમે એવું તો ટૂંપી નાખીશું તથા તમારા છાપરાની માટી બધી ખોદી કાઢીશું કે ઝૂંપડું ઊભું જ રહેવાનું નથી. પછી જોજો તમારી વલે.'

બળદે જોયું કે આ બંનેને પણ અંદર લેવામાં જ ડહાપણ છે; એટલે તેણે તેઓને પણ અંદર લઇ લીધા અને બધા સાથે રહેવા લાગ્યા.


ઝૂંપડામાં કુકડાભાઇને હૂંફ આવી એટલે એ તો આનંદમાં આવી જઇને ગીતો ગાવાલાગ્યા.

એવામાં બહાર એક શિયાળ ઊભું હતું. કુકડાનો અવાજ સાંભળીને તેની દાઢ સળવળી; પણ ઝૂંપડા આગળ એકલાં જતાં એને બીક લાગી, એટલે થોડે દૂર એક રીંછ અને વરુ બેઠાં હતાં ત્યાં જઈ તેમને કહેવા લાગ્યું, 'ભાઇઓ, આપણે સૌને માટે મેં સરસ ખાજ શોધી કાઢયું છે. રીંછભાઇ, તમારે માટે એક બળદ, વરુભાઇ, તમારે માટે એક ઘેટો અને મારે માટે એક કુકડો તથા હંસ છે. મારી સાથે આવો તો બતાવું.' આમ લલચાવીને શિયાળ એમને ઝૂંપડા આગળ લાવ્યું. રીંછે પહેલાં વરુને અંદર જવા કહ્યું. પણ વરુ કહે, 'ના રે ભાઇ, તમે મારા કરતાં વધારે બળવાન એટલે પહેલાં તમે જ અંદર જાઓ.'

'ભલે, એમ તો એમ.' એવું કહી રીંછ અંદર ગયું. પણ જેવું તે બારણામાં પેઠું કે બળદે શીંગડાં આગળ કરી રીંછ પર એવા તો જોરથી ધસારો કર્યો કે રીંછભાઇને એક ખૂણામાં ધક્કેલી દીધા. પછી તો ઘેટાએ પણ રીંછને પોતાનાં

રામરામ

સૂરજ દાદાને મારા રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે વહેલો ઊઠયો છું પરોઢિયે.



ફૂલડાં રાણીને મારા રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે રસ્તા વાળ્યા છે મેં એમના.

કોયલ બેનાંને મારા રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે મોઢે કર્યું છે ગીત એનું મેં.

પીળા પતંગિયાને રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે વીણવા જવું છે રંગ ફૂલના.



ચાંદા મામાને મારા રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે હોડી છે છોડવી પાતાળમાં.

નીંદર મામીને મારા રામરામ કહેજો;
રામરામ કહેજો ને આટલું વળી કહેજો,
કે આવે જરાક મોડી આજ તો.

સુન્દરમ્

શીંગડાંની ઢીકો વડે ખૂબ મેથીપાક જમાડવા માંડ્યો. અને કુકરે પણ રીંછભાઈની સારીપેઠે ખબર લીધી. હંસે એની આંખમાં ચાંચો મારવા માંડી ને કુકડો મજાથી બારણા પર બેસી કુકડેકૂક બોલવા લાગ્યો.

રીંછને તો બાપડાને થયું કે આ તે હું કોઇ જહ-ન્નમમાં આવી પડ્યો કે શું? પડતુંઆખડતું એ તો મહા મહેનતે બહાર નીકળ્યું અને પોતાના ગોઠિયાઓને કહેવા લાગ્યું, 'વાહ રે વાહ. મને આવો શરપાવ અપા-વવા અહીં લાવ્યા કે? મારા તો અંદર બાર વાગી ગયા. આવી ભયકર જગ્યામાં આપણે તો ફરી પગ મૂકવાના નથી. તમારે ખાજ ખાવાં હોય તો તમે જાણો.' એમ કહી રીંછ ત્યાંથી ચાલતું થયું.

શિયાળ ને વરુ તો એકેકના મોં સામે જ જોઈ રહ્યા. વરુ કહે, 'શિયાળભાઇ, જ્યાં આવું જબરૂં રીંછ બ્હી ગયું ત્યાં આપણું શું ગજું? મને તો લાગે છે કે એ ભોજનનો વિચાર માંડી વાળવામાં જ ડહાપણ છે.'

'હા ભાઇ, બરાબર છે.' કહી શિયાળ પણ ત્યાંથી વરુ સાથે ચાલ્યું ગયું.

પછી પેલો બળદ અને તેના દોસ્તો ઝૂંપડામાં નિરાંતે આખો શિયાળો સંપથી રહ્યા અને તેમને કોઇ જાતની કનડગત થઇ નહિ.

(રશિયન લોકવાર્તા) **ફ્રેની દલાલ**

ચોર સિપાઈની રમત

આ રમતમાં પાંચસાત જણ રમનાર હોય તો ચાલી રહે. સાધનમાં કોરો કાગળ ને પેન્સિલ સિવાય કંઇ ન જોઇએ.

કાગળના ટુકડા કરવા. જેટલા રમનાર એટલા ટુકડા. તેમાંના એક પર 'ગૃહસ્થ' શબ્દ લખવો ને એક પર 'સિપાઇ' શબ્દ લખવો. જેટલા ટુકડા બાકી રહે એ બધા પર ચોર, બદમાશ, હરામી, ઠગ, ભામટો, ઘરફાડુ વગેરે જુદા જુદા શબ્દો લખવા. પછી બધા કાગળોની ઘડીઓ વાળવી અને તેને ભેગસેળ કરી નાખી દરેક જણને એકેક આપી દેવી. કોની ચિઠ્ઠીમાં શું લખ્યું છે તે કોઇએ જાણવું ન જોઇએ. એ બધી કાપલીઓ વહેંચી દેવી.

હવે જેની ચિઠ્ઠીમાં 'ગૃહસ્થ' શબ્દ લખ્યો હોય તેણે હુકમ કરવો: 'સિપાઇ ઠગને પકડો.' ગૃહસ્થને ઇચ્છા હોય તેને પકડવાનો હુકમ કરે,—ભામટાને, હરામીને, બદમાશને, ગમે તેને. એણે હુકમ કર્યો કે જેને 'સિપાઇ' વાળી કાપલી આવી હોય તે બોલે: 'જી. હજુર.' ને પછી તે સૌનાં મોં સામે જોવા માંડે અને પેલાનો હુકમ સાંભળીને કોના મોં પર ફેરફાર થાય છે, અને કોણ હરખાય છે તે પારખી ઠગને પકડી પાડે. જો ખરો માણસ પકડાય તો સિપાઇને દસ માર્ક (ગુણ) મળ્યા ગણાય. આમ પાંચ સાત દસ વાર રમતાં જે સૌથી પહેલો પચાસ ગુણ મેળવે તે જીત્યો ગણાય. આ રમતમાં મજા ઘણી પડશે અને એને લીધે ચહેરાના ભાવ પારખવાની કળા પણ આવડશે. (સ્ત્રીશક્તિ)

મહેચ્છા

: વસંતતિલકા :

કયારે પ્રભુ નયન દિવ્ય ખુલે અનંત?
તારી પુનિત પ્રતિમા ચૂમું તેજવંત?
કોટિ–કરોડ કરથી ધરી ઉગ્ર જ્વાળા
સ્નેહે ભરૂં જગત ભર્ગ અભંગ પ્યારા?

બ્રહ્માંડનું અકળ પાત્ર બની મજાનું
કયારે સુવાસ અરપું જડ–ચેતનાને?
ખાલી–ભરેલ સઘળી મનુ–ભૂમિકામાં
તારાં ગીતો વરસું હું બની મેઘમાળા?

આ વ્યોમના તરલ તારક–ગ્રંથમાંથી
કયારે ગ્રહું પરમ મર્મ સચેતતાનો?
તારા–રવિ–શશિ રૂપી ત્રણ તત્ત્વમાંથી
જીવિત માંહ્ય લઉં શ્વાસ સ્વતંત્રતાનો?

કયારે બનું અચળ પ્રેમ અરૂપ બિંદુ?
ઉલ્લાસસાગર થઈ ઘૂઘવી રહું હું?
કયારે ઊડું લલિત પાંખ ધરી સુરમ્ય?
જાગું ભલે રજની ઘોર દિસે અગમ્ય.

દીવા બની પ્રકટ થાઉં સુહાસ્ય રૂપ,
પ્રત્યેકના હૃદયમાં ધરૂં વિશ્વમૂર્તિ;
દોરી રહું વિશદ ભાગ્ય વિશાળ રેખા,
જીવું બની જીવિત અન્યનું: એ મહેચ્છા.

મોહિનીચન્દ્ર

પોલિસ: શહેરની હદમાં આટલી ઝડપે કેમ મોટર દોડાવો છો?

મોટર માલિક: બ્રેક ખરાબ થઈ ગઈ છે; અને કોઇ અકસ્માત થાય તે પહેલાં ઘેર પહોંચી જવું છે તેથી!



માધુકરી

કોણે વાઘ તણા મુખમાં મૂક્યો નિજ હાથ નિડર ભર ટેક !
કોણે કારાગૃહ સ્વીકાર્યું હસતે મુખ કરતાં અહાલેક ?
કોણ સત્ય અહિંસા માટે
ઝીલ્યા ઘા જ્યાં પથ્થર ફાટે ?
કોનાં નર નારી ને બાલક ઊભાં વીર બની પ્રત્યેક ?
કોણે અસુર કીધા સૌ મ્હાત ?—
સૌની પહેલી ગુજરાત !
સૌની પહેલી ગુજરાત !
ગુજરાત જ રે ગુજરાત ! (કવિ ખબરદાર)

એક ધીરવીર અપંગ માનવ

નાનું સરખું ગ્રીક લશ્કર લઇ જગત જીતવા નીકળેલો સિકંદર એક વીર પુરુષ હતો. આફ્રિકાના પ્રસિદ્ધ શોધક ડેવિડ લિવિંગ્સ્ટનને સિંહે, બિલાડી ઉંદરને પકડે તેમ મોંમાં પકડ્યો હતો, તેમાંથી બચીને પણ તે નવાં જોખમો ખેડતો આગળ ને આગળ ધપ્યો હતો તે પણ વીર નર હતો પણ અહીં જેની મુલાકાત વર્ણવી છે તે કોઇ એવો જબ્બર યોદ્ધો પણ નહોતો તેમ મહાન શોધક નહોતો.

છતાં, લિમિંગ્ટનના એક ઘણી બારીઓવાળા મકાનની ચોમેર આવેલા મોટા બગીચાનો લોઢાનો દરવાજો હડસેલી હું જે ગૃહસ્થને મળવા ગયો તે પણ વીર હતો. ઘરની મેટ્રન મને પ્રથમ મળી. મેં તેને જણાવ્યું કે હું ફ્રેડ્રિક વિલિયમ વૉશને મળવા આવ્યો છું; ત્યારે તે હસીને બોલી: 'ભલો આદમી.'

વર્ષોથી જે ખંડમાં તેને રાખ્યો હતો તેની બારીઓમાં ફૂલનાં કૂંડાં હતાં. એક સાદો લોખંડનો ખાટલો તે અપંગનું આરામસ્થાન હતું. અહીં સાવ એકલા રહીને તેણે જિંદગી ગાળી, સ્નેહ ધર્યો, ખાધુંપીધું અને નિદ્રા લીધી; બીજા મનુષ્યની જેમ પોતાનો મનુષ્યધર્મ પૂરો કર્યો. એક સફેદ ટેબલ ઉપર કૅનેરી પંખીનું પાંજરૂં હતું. પંખી તેનાં સોનેરી પીછાં ફફડાવતું આ અપંગ માનવ સામે નજર માંડતું બીજા એક ટેબલ પરના પાંજરામાં ડાહ્યોડમરો થઈ એક ભૂખરો પોપટ બેઠો હતો. મેં વૉશ જોડે બે કલાક વાતચીત કરી તેણે ઘણી યે બાબતો કહી; પણ તેનો સ્વર મેં ન સાંભળ્યો.

વૉશ ૧૮૭૦માં "મિંગહામમાં જન્મ્યો હતો, અને સંચાખાતામાં તેને નોકરી હતી. સત્તર વર્ષની ઉંમરે એક સંચાની ઝપટમાં તે આવી ગયો તેમાં તેને એટલી સખત ઇજા પહોંચી કે તેની વાચા ગઇ ને હાલવાચાલવાની શક્તિ પણ તેણે ખોઇ. હવે પછી તેને પથારીમા પડ્યાંપડ્યાં જિંદગી કાઢવાની રહી. માથા અને હાથના અંગૂઠાના સંકેત માત્રથી તેના મનોભાવ તે દર્શાવી શકતો. તેની માતા તો પ્રથમથી જ મરી ગઇ હતી અને ટૂંક વખત બાદ તેનો પિતા ગુજરી ગયો !

સુભાગ્યે તે પુસ્તકો, વર્તમાનપત્રો વગેરે વાંચી શકતો, એટલે તેણે વિશાળ જગતનાં માનવીઓ ને યુદ્ધો કે વિજ્ઞાન ને કળાની પ્રગતિ વિશે ખૂબ વાંચી નાખ્યું. એક દિવસ તેના મોં પાસેની ટીપાઇ ઉપર પડેલી પેન્સિલ ઉપર તેની નજર ગઈ. તેણે એકદમ દાંતમાં તે પકડી અને એક ન્યુસપેપરની કોરી કિનાર પર લીટા પાડ્યા તેણે એ મહેનત ચાલુ રાખી અને અક્ષરો, શબ્દો ને વાક્યો લખવા માંડ્યાં. તેને તેથી બહુ જ આનંદ થઇ ગયો; તેની મનોગત વાચા પ્રકટ કરવાનું સાધન મળી ગયું. આ રીતે મૌનપણે તેણે મારી સાથે ઘણી વાતો કરી. તે દરમ્યાન આ દુઃખભાગી મહાત્માનો ફિક્કો ચહેરો ને ચમકતી આંખો હું જોયાં જ કરતો હતો. તે મારી વાત સાંભળી લેતો ને પછી ડોકું હલાવી, દાંતમાં પેન્સિલ પકડી કાગળની કાપલી પર કૉપીબુક જેવા શુદ્ધ અક્ષરોથી લખીને પોતાના અંગૂઠાનો ટચકો મારી મારી તરફ ફેંકતો. મેં તેને દીવાલ પરના ચિત્ર વિષે પૂછ્યું. તેના વિષે તેણે લખ્યું 'એ મેડોનાનું ચિત્ર મને ગમે છે. માતા અને બાળક મનુષ્યપ્રેમનું સર્વોચ્ચ ચિહ્ન છે.' તેણે લખેલા કેટલાક લેખો લિમિંગ્ટનનાં પત્રોમાં પ્રકટ થયા હતા. તેના વિચારો શુદ્ધ હતા. પ્રેમ, સુસંપ અને પ્રગતિ ઉપર તેણે એક પત્રિકા પ્રકટ કરી હતી. તેનાં આખરનાં વર્ષો બર્મિંગહામના એક સાદા ઘરમાં ગુજર્યાં હતાં અને નર્સ કૉન્સ્ટન્સ હન્ટની કાળજીભરી દેખરેખ નીચે તે રહ્યો હતો. ઘણીવાર

તેને ચસકા આવતા અને દર્દ ભોગવતો, પણ તે મટતાં ફરી વાર જગતનું જીવન જીવતો. મહાન કૃતિઓ, શોધો અને સંસ્કૃતિ વિષે જાણવા તે આતુર રહેતો. ૧૯૨૩માં ૪૯ વર્ષે તે ગુજરી ગયો. ૨૭ વર્ષ સુધીની જિંદગી તેણે બિછાનામાં કાઢી. તેના જીવનથી પ્રતીત થાય છે કે જગતનું ગમે તેવું દુઃખ પડે તોપણ માનવી પોતાના ભાગ્યનો સ્વામી છે.આત્મ-જગતનો સેનાપતિ છે. (અંગ્રેજી ઉપરથી)

સુલતાન

મધ્ય એશિયાના એક સમૃદ્ધ શહેરમાં મેળાનો દિવસ છે. બજાર ભરચક ભરાયું છે. રસ્તાની એક બાજુએ ફળ વેચનારાઓની હારો બેઠી છે. કેટલાક ટોપલાઓમાં ફળોને જુદાજુદા આકારોમાં ગોઠવેલાં છે. આવતાજતા તવંગરો ને ગરીબો, માલિકો ને ગુલામો, શહેરીઓ ને ગામડિયાઓના પચરંગી પોશાક જોઇને આંખને એક જાતની ખુશાલી ઉપજે છે. ગધેડાંઓ પણ એ દેખાવ જોવા આવ્યાં છે,—પાશાઓને પીઠપર લઇને ને ગામડિયાઓની પાછળ પાછળ દોરાઇને. રસ્તાની બીજી બાજુએ એક ફકીર કોણી પર માથું ટેકવીને પડેલો છે. ઘડીકમાં તેની નજર ટોળાં ઉપર પડે છે, ઘડીકમાં આસ્માન તરફ હોય છે. માનવ સમુદાયમાંથી કોઇને એના તરફ જોવાની પડી નથી.

એ જ રસ્તા ઉપર તેરચૌદ વર્ષનો એક બાળક તુર્કી ગુલામ નીકળે છે. તેણે પહેરેલો પાયજામો, ઝભ્ભો ને ટોપી બીજાઓના પોષાકમાંથી તરી આવે છે. એની આંખોમાંથી ક્યારેક ક્યારેક ચમકતું તેજ બાદ કરીએ તો તેનો દેખાવ છેક જ કંગાલ લાગે. એ ચાલતો હોય છે ત્યાં, જેને કોઈ પણ તુર્ક ઘણા અપમાનકારક શબ્દો ગણે તેમ, 'કેમ રે અલ્યા તુરકડા' એવું સંબોધન તેને કાને પડે છે. તે બાજુમાં ફરી જુએ છે અને તેની નજર ફકીર ઉપર પડે છે. ફકીર ફરીથી કહે છે: 'કેમ રે અલ્યા તુરકડા ?'

'જી, આવ્યો સાંઇબાવા,' કહીને બાળક તેની પાસે જાય છે.

'સામી બાજુએ ટોપલામાં પડેલાં લાલલાલ દાડમ તરફ આંગળી ચીંધી ફકીર કહે છે: 'એ લાવ તો.'

બાળક પોતાના ગજવામાંથી સિક્કાઓ કાઢે છે,—આપણા ચારેક પૈસા જેટલી કિંમતના તે હશે; પણ એનું તો એ સર્વસ્વ હતું—અને સામેથી જઇને દાડમ લઇ આવે છે.

ફકીર બેઠો થાય છે, છોકરા સામું જુએ છે અને દાડમ લે છે. લેતાલેતા કહે છે:'અમે તને હિંદુસ્તાનની બાદશાહી આપી છે.'

'મને તેથી સંતોષ છે,' કહીને બાળક માથું નમાવે છે અને પછી હસી પડે છે.

સમય જતાં એ કંગાલ છોકરાના માથા પર હિંદુસ્તાનના તાજનું જળહળતું તેજ ઊતરે છે ને વીસ વર્ષ સુધી સ્થિર રહે છે. એનું નામ સુલ્તાન બલ્ગન.

(તબકાતે નાસિરી) —સવાઇલાલ પંડ્યા

બૂચ

લગભગ અઢી હજાર વર્ષથી આપણે જેને વાપરતા આવ્યા છીએ એ બૂચ શું છે, ક્યાંથી આવે છે ને શા શા ઉપયોગમાં લેવાય છે તે આપણે બહુ જ ઓછું જાણીએ છીએ.

એટલું તો સૌ જાણતા હશે કે બૂચ એ એક પ્રકારના ઝાડની છાલ છે. દુનિયામાં સૌથી વધારે બૂચની નિકાસ સ્પેન અને પોર્ચ્યુગાલમાંથી થાય છે. તે પછી ઇટાલી, ફ્રાન્સ અલ્જીરિયા, ટ્યુનીશિયા અને મૉરોક્કો આવે છે.

જ્યારે બૂચનું ઝાડ લગભગ વીસેક વર્ષનું થાય છે ત્યારે તેના અનુભવી કાપનારાઓ તેના થડ ઉપરની બહારની છાલને પહોળાં ફળાંવાળા કુહાડાથી ખેરવી નાખે છે. પછી તેઓ તેના કુદરતી રેસાઓ પ્રમાણે બે ઊભા કાપા મૂકી છાલ ઉતારી લે છે, અને આ વખતે તેઓ અંદરની કુમળી છાલ કપાઈ ન જાય તેની ખાસ સાવચેતી રાખે છે. આ છાલમાંથી હલકા બરનો માલ તૈયાર થાય છે. નવેક વર્ષ પછી થડ ઉપર ફરી નવી છાલ ઊગી આવે છે અને તેનાંથી વધારે સારા બરનો માલ ઊતરે છે. આ રીતે ઉત્તરોત્તર ચાળીસ વર્ષ સુધી સારો ને સારો પાક ઊતરતો આવે છે. પછી તો લગભગ સોથી દોઢસો વર્ષ સુધી સારો પાક ઊતર્યે જાય છે અને આ રીતે એક ઝુંડની જિંદગી પૂરી થાય છે.

છાલ ઉતાર્યા પછી તેને તડકામાં સૂકવવામાં આવે છે, આથી તે કોકડાં વળી જાય છે. તે વળેલા લાટાઓને સુંવાળા બનાવવા માટે મોટા તાવડાઓમાં ઉકાળવામાં આવે છે. ઉકળ્યા પછી બહારથી ખરબચડા રહ્યા હોય તેને છરી વડે મઠારી લેવામાં આવે છે. પછી એ લાટાઓને તેમનાં દળ ને જાડાઇ પ્રમાણે જુદા પાડી ગાંસડીઓ બાંધી પરદેશ ચડાવે છે.

બૂચના સાત ગુણધર્મો છે: (૧) બૂચના પ્રત્યેક કણને ચૌદ મુખ હોય છે ને તેથી જ તે ભીનાશરહિત રહી શકે છે. (૨) બૂચનો દરેક કણ લગભગ અર્ધાથી વધારે હવાથી ભરેલો હોય છે અને આ કારણને લીધે તે બધા નક્કર પદાર્થોમાં સૌથી હલકો છે. (૩) તેના કણનાં પડ રબરના કરતાં વધારે ચીકટ અને સ્થિતિસ્થાપક હોય છે. (૪) એ કણોના પડ ઉપર કોઇ પણ જાતનો રાસાયનિક ફેરફાર થતો ન હોવાથી બૂચ કદી ખવાઈ જતો નથી. (૫) તે અવાજ અને આંદોલનોનો અવાહક હોવાથી રેડિયો અને બોલતી ફિલ્મો સ્ટુડીઓમાં તથા મોટાં કારખાનાંઓમાં ઘોંઘાટ અને થડકાટની અટકાયતને માટે વપરાય છે. (૬) બૂચ સારો સંરક્ષક (Insulater) હોઇ ગરમીને સંઘરી ઠંડીને રોકે છે. (૭) બૂચના ટુકડાઓ નિર્વાત (Vaccum cup) હોઇ પોલિશ કરવામાં તેનો ઠીક ઉપયોગ થાય છે.

ચશમાના ચીપિયાઓ ઉપર બૂચના ટુકડા ચડાવવામાં આવે છે. બૂચના બારેક ઇંચના ટુકડા માંસ ઠારવાની પેટીઓની દીવાલો પર જડવામાં આવે છે પ્રવાહી પદાર્થોની શીશીઓ તથા નળીઓનાં મોં બંધ કરવામાં થતો બૂચનો ઉપયોગ

તો જગજાહેર છે. વેધશાળાના ઘુમ્મટોને અવાજથી સંરક્ષિત (ઇન્સ્યુલેટ) કરવા માટે લાઇનોલિયમને બદલે જમીન ઉપર પણ બૂચ નાખવામાં આવે છે. પવનથી વાગતાં વાજિંત્રો, ફાઉન્ટનપેનો તથા દડાની બનાવટમાં, મોટરની રચનામાં અને બીજી ઘણી રીતે બૂચનો ખૂબ ઉપયોગ થાય છે.

બૂચને બદલે તેના જ જેવા ગુણધર્મ વાળો કોઇ બીજો રાસાયનિક બનાવટી પદાર્થ ઉત્પન્ન કરવામાં હજુ સુધી કોઈ પણ દેશના વિજ્ઞાનશાસ્ત્રીઓ સફળ થયા નથી એવી એ કુદરતની અનન્ય કૃતિ છે. પ્રકૃતિ માતાની માનવજાતિને તે અમોલી ભેટ છે. (અંગ્રેજી ઉપરથી)

એકના એક આંકડા વાળી ગમે તેવડી મોટી સંખ્યાના ગુણાકાર કરવાની સહેલી રીત

કોઇ રકમને ૧૧૧૧૧ વડે ગુણવી હોય તો આપણે રીતસર ગુણાકાર કરીએ છીએ. દાખલા તરીકે → આ દાખલામાં જરા નજર કરશો તો નીચેની રીત તરત જ સમજાઈ જશે: ગુણકમાં જેટલા એકડા તેનાથી ઓછું એક એટલાં મીડાં ગુણ્યમાં ઉમેરો: એટલે ૫૬૭૦૦૦૦ રકમ આવી.

```
      ૫૬૭
  ×૧૧૧૧૧
      ૫૬૭
     ૫૬૭૦
    ૫૬૭૦૦
   ૫૬૭૦.૦
  ૫૬૭૦૦૦૦
  ૬૨૯૯૯૩૭
```

હવે એ નવી બનેલી રકમમાં, છેલ્લેથી ગણતાં મૂળ ગુણ્યમાં જેટલા એકડા હોય તેટલા આંકડાનો સરવાળો તે આવનારા ગુણાકારનો એકમ થશે. આમાં એકમ ૭ આવ્યો.

તેને એક બાજુ મૂકી રાખો. હવે ઉપલી રકમમાંથી છેલ્લું મીડું છેકી નાખો. એટલે ૫૬૭૦૦૦ રહ્યા. એ રકમમાં ફરી પાછા છેલ્લેથી ગણતાં ગુણકના એકડા જેટલા આંકડાનો સરવાળો તે થનારા ગુણાકારનો દશક બનશે. આ રકમમાં એ સરવાળો ૧૩ આવે છે; તેમાંના ૩ ને પેલા એકમની બાજુએ મૂકો ને વિદ્યા આવી એક.

વળી પાછી પેલી બાકી રહેલી ૫૬૭૦૦૦ રકમમાંથી છેલ્લો આંકડો (મીડું) છેકી નાખો, અને ઉપર પ્રમાણે સરવાળો કરી તેમાં પેલી વધેલી ૧ વિદ્યા ઉમેરો એટલે ૧૯ આવ્યા. એ ૧૯નો નવડો તે આવનારા ગુણાકારની સૈકડાની જગ્યાએ મૂકયો અને વિદ્યા આપી એક. એમ હવે એક પછી એક આંકડા છેકતા જઈ બધા આંકડા છેકાઇ જાય ત્યાં સુધી સરવાળા કર્યે જાઓ એટલે જવાબ આવી જશે.

આમ એકલા એકડાઓ વાળી રકમ વડે ગુણવાની કુંચી મળ્યા પછી તેથી વધારે અંકની એક જ આંકડા વાળી રકમ વડે દાખલા તરીકે ૭૭૭૭૭ વડે ગુણવાનું હોય ત્યારે પહેલાં ઉપરની રીત પ્રમાણે ૧૧૧૧૧ વડે ગુણો અને પછી આવેલા ગુણાકારને સાત વડે ગુણો. આથી ઘણી મહેનત બચશે.

આ રીત ગુણકમાં એકલા એકડાથી આઠડા હોય ત્યાં લગી ઘણી ઉપયોગી થશે. અને એકલા નવડા માટે તો નીચેની રીત છે: ગુણકમાં જેટલા નવડા હોય તે કરતાં એક વધુ એટલાં મીંડાં ગુણ્યમાં ઉમેરી એ થએલી રકમમાંથી ગુણક બાદ કરો એટલે જવાબ. શામજી લવજી આલગિયા

મહાન વિજ્ઞાની

ટૉમસ આલ્વા એડીસન ગયા ઑક્ટોબરની ૧૮મી તારીખે ૮૪ વર્ષની ઉમરે અવસાન પામ્યા. અમેરિકાના ઓહિઓ પરગણાના એક નાનકડા ગામમાં તેનો જન્મ થયો હતો. તેને કેળવણી બહુ જ થોડી મળી હતી અને પંદરમે વરસે તો ટેલિફોન જોડનાર તરીકે તેમણે નોકરી કરવા માંડી હતી. એકવીસમે વરસે તેમની પહેલી શોધ 'વીજળિક વૉટ રૅકૉર્ડર'નું પેટંટ મેળવ્યું. તે પછી ઉપરાઉપર તેમણે શોધો કરવા માંડી તે એટલે સુધી કે આજે જિંદગીને અંતે ૧૦૦૦ ઉપરાંત શોધોના પેટંટ તેમને નામે ચડેલાં છે. આ અદ્ભુત પુરુષનું જીવનવૃત્ત ચમત્કારિક ઉદ્યોગશીલતાનો નમૂનો છે. કુમારમાં કોઈ વખત તે જરૂર વાંચશો.

અવાજ રોકનાર યંત્ર

મશિનગનના બનાવનાર મિ. હીરામ મૅક્સિમે હમણાં જનહિતકારક શોધ તરફ ધ્યાન પહોંચાડયું છે. એક ફૂટ અને દસ ઇંચ લાંબી-પહોળી પેટીમાં તેણે એક યંત્ર બનાવ્યું છે. ન્યૂ યૉર્કની ઇસ્પિતાલોની બારીઓમાં તે મૂકી યંત્ર જેટલો બારીનો ભાગ બંધ રાખવાથી રસ્તાપરનો બધો ઘોંઘાટ તે ગળી જાય છે અને ઓરડામાં શાંતિ લાગે છે. માત્ર વીજળિક પંખો ચાલતો હોય એટલો ધીરો અવાજ યંત્રનો જ રહે છે.

અભંગ કાચ

સેફટીગ્લાસ (ભાંગેતૂટે નહિ એવો) કાચ જે ઘણા વખતથી મોટરકારની બારીઓમાં વપરાય છે તે એક અકસ્માતથી શોધાયો હતો. ફ્રાંસનો એક કવિ અને કેમિસ્ટ એદૂર્ડ બેનેડિકટસ (Edoudar Benedictus) જે ગયે જ વર્ષે ગુજરી ગયો તે પોતાની રસાયણશાળામાં એક ટેસ્ટ-ટ્યુબ સાથે અથડાયો અને ટ્યુબ ભોંય પર પડી ગઇ. તેણે તે હાથમાં ઉપાડી જોયું તો તે પર કેટલી યે તીરાડો પડી ગઈ હતી પણ છતાં તે ટ્યુબ તો એવી ને એવી રહી હતી! બરોબર જોતાં તેને લાગ્યું કે ટ્યુબમાં વર્ષો થયાં એક રસાયણ ચોંટી રહેલું તેને લીધે જ તે રક્ષાઇ હતી. એ રસાયણમાં ટ્રિન્ટો સેલ્યુલોસ, ઇથર એસીટોન અને એમીલ એસીટેટ હતાં આ રસાયણો પર વધુ પ્રયોગ કરતાં તે અભંગ કાચ બનાવી શકયો.

માણસના વાળનો પણ ઉપયોગ

બીયાંમાંથી તેલ કાઢવાને અતિશય દબાણની જરૂર પડે છે. એ દાબયંત્રમાં બીમાંથી તેલ જુદું પાડવાને કાપડનું એક ગળણું હોય છે. એ કાપડ સારામાં સારૂં માણસના વાળમાંથી બને છે ને તે માટે બીજી કોઈ પ્રજા કરતાં ચીનાના વાળ વધારે કસદાર જણાય છે. ગયે વર્ષે જ આ ઉપયોગ માટે ચીનમાંથી ૧૫૦૦ ટન વાળનો નિકાસ થયો હતો!

અતિશય ધીમી ગતિનો કૅમેરા

જાપાનના એક વિજ્ઞાની બૅરન શિબાએ એક એવો ફિલ્મ કૅમેરા બનાવ્યો છે જે વડે એક સેકંડમાં ૪૦,૫૦૦ ચિત્રો પડે છે! સ્લો મોશન ચિત્રો એટલે ગતિ મંદ પાડી બતાવતાં ચિત્રો સેકંડે ૮૦થી ૧૨૫ લેવાય છે જ્યારે આ જાપાનીઝ ખરી ગતિ કરતાં ૧ના ૨૫૦૦૦ અંશ જેટલી મંદોત્તર ગતિ બતાવી શકે છે.

આ કૅમેરા વડે વીજળીના ગોળા પર વાગતી બંદૂકની ગોળીનો દેખાવ પાડી સીનેમાના પડદા પર બતાવ્યો હતો. થોડી વાર તો વીજળીનો ગોળો એકલો જ દેખાયો. પછી જાણે કશું બનવાનું નથી તેમ એક બાજુએથી ધીરેથી ગોળી પડદા પર આવી અને નાટકના પડદા પર જેમ કોઈ બદમાશ પોતાના શિકાર તરફ ધીમાં પણ અચૂક કદમ ઉપાડે છે તેમ ધીમેધીમે આગળ વધતી ગોળી ગોળાના પેટને અડકી. ગોળાનું પેટાળ ધીરેધીરે ફુરચા થતું દેખાયું અને ગુલાબની પાંદડીઓ ખરે તેવી નાજુક ધીરી ગતિએ એ ટુકડા ખરતા જણાયા. ત્યાર પછી ધીમેધીમે ગોળી બીજી બાજુએથી આગળ પસાર થઇ ગઇ અને ખેલ પૂરો થયો. આમ એક સેકંડનો બનાવ જોવામાં લગભગ એક કલાકનો વખત વીતે છે.

કહેવાય છે કે બૅરન શિબા આ કૅમેરાની ગતિ સેકંડમાં ૬૦,૦૦૦ ચિત્રો પડે એવી કરવા મથી રહ્યા છે. તે વડે આકાશમાં ચમકતી વીજળીનાં ક્રમિક ચિત્રો જોવાની કેવી મજા પડશે? અરે દુનિયાની બધી અકલિત ઝડપના ભેદ આ કૅમેરા પકડી લેશે ત્યારે જૂની દુનિયા નવા રસથી દેખાશે.

સૂર્યકિરણમાંથી વીજળિક બળ

જર્મનીના ડૉ. બ્રુનો લૅંગ માત્ર ૨૯ વર્ષના જુવાન છે. તેમણે સ્વતંત્ર રીતે ને જાતમહેનતે શોધ કરી છે કે સૂર્યના કિરણથી રોશની ને વાહન ચલાવી શકાશે. તેની આ શોધનાં સાધનો સાવ સાદાં છે. કયુપ્રસ ઑકસાઇડનું મિશ્રણ પાતળા ત્રાંબાના પતરા પર પાથરી તેને બંને તારના છેડા લગાડી દેવામાં આવે છે ને પછી તે પર સૂર્યકિરણ નાખતાં એક દીવો થાય અથવા એક મોટર ચાલે એટલો વીજળિક પ્રવાહ આપે છે.

દેહાંત શિક્ષાની બંધી

નેપાળના મહારાજાએ પોતાના રાજ્યમાં પાંચ વરસ માટે દેહાંતદંડની મનાઇ કરી છે. રાજ્યદ્રોહ અને લશ્કરી ગુનાહો માટે અપવાદ રાખ્યો છે. આ પાંચ વરસમાં પ્રજા શિક્ષા વિના સુધરી જણાશે તો પછી કાયમને માટે તે રદ કરાશે.

અંધ ચિતારાઓ

પારીસના બ્રેલ શાળાના પ્રોફેસર જોનન તેના અંધ વિદ્યાર્થીઓને પર્સ્પેકટિવ, આલેખન અને રંગચિત્રણા શીખવે છે! આ શિક્ષણપદ્ધતિ કાંકોઇ દુસાંએ શોધી હતી. તે વડે હવે જન્મથી અંધ રહેલા વિદ્યાર્થીઓ પણ સરસ ચિત્ર અને રંગકામ કરે છે. ઉપસાવેલી રેખાઓવાળાં પતરાં ઉપર મીણકાગળ મૂકી વિદ્યાર્થી પ્રથમ ટ્રેસ કરતાં શીખે છે. પછી સીસાના તારના બનાવેલા પદાર્થો પર હાથ ફેરવી તે દોરતાં શીખે છે. નાનાં બનાવટી દૃશ્યો પર હાથ ફેરવીફેરવી તેઓ પર્સ્પેકટિવનો ખ્યાલ મેળવે છે. આ બધું અંધને શીખવતાં મહેનત તો ઘણી પડે છે. પણ કેટલીયે પદ્ધતિઓને અંતે આખરે તેઓ એવા તો કેળવાય છે કે તેઓ કયા રંગ વાપરવા તે જાણી શકે છે અને પોતાના જેવા વિદ્યાર્થીઓની કૃતિઓના પ્રદર્શનમાં પણ મજા લઇ શકે છે!

ટપાલ બાબત સલાહ

તમને લાંબા કાગળ લખવાની ટેવ હોય તો તમારે દર અઢી રૂપિયા ભાર અગર તેના ભાગ માટે સવા આનો આપવો પડે. એટલે પાંચથી સાડાસાત ભાર સુધીનાં પોણા ચાર આના, સાડા સાતથી દસ ભાર સુધીના પાંચ આના વગેરે. તેને બદલે પાર્સલથી મોકલો તો અચ્છેર સુધીના બે જ આના બેસે.

માલદાર વ્હેલ મચ્છ

દરિયાનું મોટામાં મોટું જીવતું પ્રાણી વ્હેલ છે અને તેની બહુ જ કિંમત ઉપજે છે એ જાણીતું છે. પણ હમણાં એક એવી વ્હેલ હાથ ચડી છે જેની ચાલુ ભાવ કરતાં સોગણી કિંમત અંકાઇ છે. કદમાં તે બહુ મોટી નહોતી. તેના બ્લબર ચામડાની કિંમત તો ૪૦૦ જ પાઉંડ થઈ. પણ તેના ઉદરમાંથી એક બીજો પીળા રંગનો એક હંડ્રેવેટ વજનનો ગઠ્ઠો મળી આવ્યો છે તે ઍમ્બરગ્રીસ નામનો પદાર્થ છે જે સોના કરતાં પાંચગણો મોંઘો મળે છે! તેને લીધે એ વ્હેલની કિંમત ૪૦,૦૦૦ પાઉંડ અંકાઇ!

એ ઍમ્બરગ્રીસનો ઉપયોગ સુગંધીઓ (સેંટો)ને કાયમ બનાવવામાં થાય છે અને તે માત્ર સ્પર્મ નામની વ્હેલના પેટમાં જ થાય છે. એ વ્હેલ કટલ નામની માછલીને ખાઇ જાય છે તેની ચાંચો પચીને એવો પદાર્થ બંધાય છે.. આજ સુધીમાં આવડા મોટા બે જ લઠ્ઠા મળી શકયા છે.

સાકરમાંથી નવી શોધ

સેકેલૉઇડ નામનો પદાર્થ સાકર કે ગોળમાંથી જુદો પાડવામાં એક અંગ્રેજને ફતેહ મળી છે. તેનો ગમે તેવો ઘાટ કરી શકાય છે તેમજ કાચ જેવી પ્લેટો પણ બનાવી શકાય છે. વીજળિક પ્રવાહના અસ્તર તરીકે તે સરસ કામ આપે છે તેમજ અદૃશ્ય કિરણો માટે પારદર્શી છે. દૂધમાંથી બનતા કેસીન અને કારબોલિક ઍસિડમાંથી બનતા બેકેલાઈટ પેઠે સેકલૉઇડની અનેક વસ્તુઓ હવે બની શકશે.

નદી

• ઉપજાતિ •

વસંત કોકિલ વને વિલાસે
ગૂંજે અલિનાં ફૂલ છેક પાસે
રસાલ રહેકે નવપલ્લવોથી
નદી રૂપે સ્નેહ દ્રવંત તેથી.

રતિલાલ શુકલ


અશોક મહા તેજસ્વી છતાં કનિષ્ઠ પુત્ર હોવાથી તેને ગાદી આપતાં લોકદૃષ્ટિએ યુવરાજ ક્ષીરગુપ્ત અને માયાવીરાજને અન્યાય થાય તેમ હતું મગધરાજ બિંદુસારની આ વિમાસણનો તોડ રાજગુરુએ એવી રીતે આણ્યો કે પૂર્ણિમાની રાત્રે ત્રણેય કુમારો સર્વશ્રેષ્ઠ વાહન પર, સુંદર વસ્ત્રાલંકારમાં, ઉચ્ચતમ ભોજનથાળ સાથે રાજમહેલે આવે. તેમાં જે શ્રેષ્ઠ ઠરે તે રાજા થાય. આ ગુરુપરીક્ષામાં ક્ષીરગુપ્ત ને માયાવીરાજનાં લખલૂટ ખર્ચો અશોકની સાદાઇ પાસે નિષ્ફળ નિવડયાં. અશોકને આશિષ દેતાં ગુરુ બોલ્યા: 'અશોકનું વાહન તેના બે પગ, તેની નિરાભિમાનિતા બતાવે છે. ગરીબોને હાથે વણાએલાં સાદાં શ્વેત વસ્ત્રોમાં ગરીબો પ્રત્યેની તેની સહાનુભૂતિ પ્રતીત થાય છે. એનું પંચામૃતનું ભોજન સ્વાસ્થ્ય ને સૌન્દર્યની સાથે સાદાઇ દર્શાવે છે. માટે હું તેને રાજા ઠરાવું છું.'

અનેકાર્થી શબ્દ: **બેરો:** ચોખા કે ચણાના લોટની ઝીણી વડીઓ; દોરી ગૂંથીને બનાવેલો જાળીદાર થેલો; સિંચાણો કે બાજની જાતનું પક્ષી; છાણાંનો કે અડાયાંનો ગોર--ભૂકો; પોંખ પાડવાનો ડાંડિયો; ડાંગરના ડૂંડાનો એક રોગ.

એરીઝોનાના સ્ટૅનીફૉર્ડ ગામના સાઈમ લૅાંગ નામના માણસ પાસે બે માથાંવાળો પોપટ છે, જે એકીસાથે બે જાતના અવાજ કાઢી શકે છે.

ઇ. સ. ૧૭૨૭માં થઇ ગએલા મૉરોક્કોના આ શહેનશાહ 'મૌલાઇ'ને ૮૩ ભાઈ, ૧૨૪ બહેન, ૨૦૦૦ રાણીઓ ને ૮૮૮ બાળકો હતાં!





કોઈપણ રકમને તે જ રકમ વડે ગુણો તો ગુણાકારને છેડે ૨, ૩, ૭ કે ૮ કદી પણ નહિ આવે; અને ગુણાકારને છેડે એકી અંક આવશે તો દશકની જગ્યાએ હમેશાં બેકી અંક આવશે. (શા.લ.આ.)


વેસ્ટ ઈંડીઝ ટાપુઓમાં કેટલાક લોકો ઘરની ચોકી માટે કુતરાને બદલે ફુટબાલ ફુટબૉલ જેવડા કરચલા પાળે છે. તે પણ અજાણ્યા ચોર ડાકુ વગેરેને બુલડૅાગની પેઠે એવા તો ચોંટે છે કે એના આંકડામાં સપડાએલો ચસી જ ન શકે.

એક ભાગ ચોખ્ખી હળદરના ભૂકાને વીસ ભાગ પાણીમાં ઉકાળીને કરેલા લોશનનાં પોતાં દુખતી આંખ પર મૂકયા કરવાથી આરામ થશે.

વિરોધી અર્થવાળી કહેવતો: 'આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ.'-વિ૦-'વાડ વિના વેલો ન ચડે.'

અજીર્ણ બહુ હેરાન કરતું હોય તે વેળા તાત્કાલિક ઇલાજ તરીકે ફુલાવેલી હીંગ, સૂંઠ ને સંચળ ત્રણેની સરખે ભાગે બારીક ફાકી લેવી. બાકી તો નકોરડો ઉપવાસ (ઓછામાં ઓછો ચોવીસ કલાકનો) ને તે દરમ્યાન ગરમ પાણી (બને તો લીંબુ નીચોવેલું) પીધા કરવાથી પેટની ગરબડ અને અજીર્ણ બેસી જશે.

જીરાના થોડા સાફ દાણાને ખલમાં પાણી સાથે ખૂબ પીસી મલમ જેવું કરવું. આ મલમ ચહેરાના ખીલ પર સવારસાંજ લગાડયા કરવાથી ખીલ બેસી જશે.



કોચ જેવા આ ગાદીવાળા મંચની રચના એવી રીતે કરી છે કે તેના મિજાગરાવાળી પીઠ તથા બેઠકનાં પાટિયાંને ઢાળી દેવાથી તેને ખાટલાના રૂપમાં ફેરવી શકાય (જુઓ બાજુનું ચિત્ર) માત્ર સાડા ચાર ફૂટની પહોળાઇનો આ મંચ આમ બેવડા ઉપયોગમાં આવતો હોવાથી સાંકડા ઘરો માટે બહુ ત્રેવડ ને કરકસરવાળું ઉપસ્કર થઇ પડે.